# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

રશ્મિકાએ 8 વર્ષમાં 10 હિટ ફિલ્મો આપી 2020માં મળ્યું હતું...



પેજ-09

IPL 2024: મુંબઇ માટે કેમ જરૂરી છે સૂર્યકુમાર યાદવ?

હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 27.00 |
| વડોદરા | 37.00 | 23.00 |
| સુરત | 36.00 | 25.00 |

પેજ 5



બાયજુના રવિન્દ્રનની નેટવર્થમાં મોટું નુકસાન...

06 APRIL-2024 SATURDAY

વિશ્વની સૌથી યુવાન અબજોપતિ બનેલી યુવતી લિવિયા ફોર્બ્સની યાદીમાં...



પેજ 10

શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 74248.22 | ▲ | 020.59 |
| નિફ્ટી | 22513.70 | ▼ | 000.95 |
| સોનું | 70492.00 | ▲ | 785.00 |
| ચાંદી | 80854.00 | ▲ | 870.00 |


વર્ષ-13 । અંક-141 । વિક્રમ સંવત-2080 । ફાગણ વદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


**17 લાખ વિદ્યાર્થીઓને ફાયદો :** હાઇકોર્ટના નિર્ણય પર સ્ટે, કહ્યું- આટલા વિદ્યાર્થીઓને બીજી સ્કૂલમાં ટ્રાન્સફર કરવા યોગ્ય નથી

# યુપી મદરેસા એક્ટ રદ કરવાના આદેશ પર SCની રોક

(એજન્સી) નવી દિલ્હી | તા.05

સુપ્રીમ કોર્ટે શુક્રવારે અલાહાબાદ હાઈકોર્ટના 'યુપી બોર્ડ ઓફ મદરેસા એજ્યુકેશન એક્ટ 2004'ને ગેરબંધારણીય જાહેર કરવાના નિર્ણય પર પ્રતિબંધ લગાવી દીધો છે. આ સાથે યુપી સરકાર પાસેથી જવાબ માગવામાં આવ્યો છે. કોર્ટનું કહેવું છે કે હાઈકોર્ટના નિર્ણયથી 17 લાખ વિદ્યાર્થી પ્રભાવિત થશે. વિદ્યાર્થીઓને અન્ય શાળામાં ટ્રાન્સફર કરવાની સૂચના આપવી યોગ્ય નથી.

22 માર્ચે અલાહાબાદ હાઈકોર્ટની લખનઉ બેંચે યુપી મદરેસા એક્ટને ગેરબંધારણીય જાહેર કર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે આ ધર્મનિરપેક્ષતાના સિદ્ધાંતનું ઉલ્લંઘન છે. આ સાથે યુપી સરકારને એક સ્કીમ બનાવવા માટે કહેવામાં આવ્યું છે, જેથી મદરેસામાં ભણતા વિદ્યાર્થીઓને ઔપચારિક શિક્ષણ પ્રણાલીમાં સામેલ કરી શકાય.

ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે અરજી પર સુનાવણી કરી હતી. આ કાયદો બિનસાંપ્રદાયિકતાનું ઉલ્લંઘન કરે છે એમ કહેવું ખોટું હશે. યુપી સરકારે હાઈકોર્ટમાં પણ આ એક્ટનો બચાવ કર્યો હતો.



## હાઈકોર્ટના ચુકાદાને ગણાવ્યો અયોગ્ય!

સુપ્રીમકોર્ટની ત્રણ જજોની બેન્ચે કહ્યું કે મદરેસા બોર્ડનો ઉદ્દેશ્ય નિયામક છે. અલ્લાહાબાદ હાઈકોર્ટનું એમ કહેવું પહેલી નજરે ઠીક નથી કે મદરેસા એજ્યુકેશન બોર્ડની રચના સેક્યુલારિઝમ વિરુદ્ધ છે. ઉલ્લેખનીય છે કે ગત અઠવાડિયે જ અલ્લાહાબાદ હાઈકોર્ટની લખનઉ બેન્ચે યુપી સરકારને આદેશ આપ્યો હતો કે તે મદરેસાના વિદ્યાર્થીઓને સામાન્ય સ્કૂલોમાં ટ્રાન્સફર કરે અને તેમનું નોમિનેશન કરાવે. અલ્લાહાબાદ હાઈકોર્ટે એમ પણ કહ્યું હતું કે સરકાર પાસે એ સત્તા નથી કે તે ધાર્મિક શિક્ષણ માટે બોર્ડની રચના કરે. આ ઉપરાંત સરકાર સ્કૂલના શિક્ષણ માટે કોઈ એવા બોર્ડની રચના ન કરી શકે જે હેઠળ કોઈ ખાસ ધર્મ અને તેના મૂલ્યોનું શિક્ષણ અપાતું હોય. હાઈકોર્ટના આ ચુકાદાને મદરેસા અજિજિયા ઈજાજતુલ ઉલૂમના મેનેજર અંજુમ કાદરીએ સુપ્રીમકોર્ટમાં પડકાર્યો હતો.

**અલ્લાહાબાદ હાઈકોર્ટે શું ચુકાદો આપ્યો હતો? :** ઉલ્લેખનીય છે કે અલ્લાહાબાદ હાઈકોર્ટે મદરેસા એક્ટને એમ કહેતા રદ કરી દીધો હતો કે તે ગેરબંધારણીય છે અને સેક્યુલારિઝમ વિરુદ્ધ છે. હવે આ મામલે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડી.વાય.ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળની ત્રણ જજોની બેન્ચે સ્ટે આપતાં કેન્દ્ર સરકાર તથા યુપી સરકારને નોટિસ ફટકારી જવાબ માગ્યો છે. હવે આ મામલે 30 જૂન 2024 સુધીમાં જવાબ રજૂ કરવાનો રહેશે.

## જાણો શું છે મામલો ?

મહત્વનું છે કે મદરેસા અઝીઝિયા ઈજાજુતુલ ઉલૂમના મેનેજર અંજુમ કાદરીએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. તેમણે હાઈકોર્ટની લખનૌ બેંચના નિર્ણયને પડકાર્યો હતો.. તેમણે કહ્યું છે કે હાઈકોર્ટના નિર્ણયને કારણે મદરેસામાં ભણતા લાખો બાળકોના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ઉભા થયા છે. તેથી આ નિર્ણયને તાત્કાલિક અટકાવવો જોઈએ.ઉલ્લેખનીય છે કે અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે પોતાનો ચુકાદો આપતાં યુપી બોર્ડ ઓફ મદરેસા એજ્યુકેશન એક્ટ-2004ને ગેરબંધારણીય જાહેર કર્યો છે. કોર્ટે કહ્યું કે આ કૃત્ય ધર્મનિરપેક્ષતાના સિદ્ધાંતની વિરુદ્ધ છે. યુપી સરકારને નિર્દેશ આપતા કોર્ટે કહ્યું કે મદરેસામાં ભણતા વિદ્યાર્થીઓને મૂળભૂત શિક્ષણ પ્રણાલીમાં સામેલ કરવામાં આવે.

## Quick Read

### અમેરિકા : ન્યુજર્સીમાં 4.8ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ, ઘણી ફ્લાઈટો ડાયવર્ટ કરાઈ

પ્લેનફીલ્ડ | વિશ્વભરના જુદા જુદા વિસ્તારોમાં છેલ્લા ઘણા દિવસોથી ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે, ત્યારે અમેરિકાના ન્યુજર્સીના પ્લેનફીલ્ડ શહેરમાં આજે જોરદાર ભૂકંપનો આંચકો આવ્યો છે. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 4.8 નોંધવામાં આવી છે. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશનના જણાવ્યા અનુસાર, ન્યૂયોર્ક સિટી અને તેની આસપાસના મોટા એરપોર્ટ પર આવતી ઘણી ફ્લાઈટ્સને લેન્ડિંગમાંથી ડાયવર્ટ કરવામાં આવી હતી.

### મધ્યપ્રદેશ હાઇકોર્ટે શિવરાજસિંહ ચૌહાણ, ભૂપેન્દ્ર સિંહ અને વીડી શર્માને રાહત આપી

ભોપાલ | મધ્યપ્રદેશ હાઈકોર્ટે કોંગ્રેસના નેતા અને રાજ્યસભાના સભ્ય વિવેક તંખાના માનહાનિ કેસમાં પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, પૂર્વ મંત્રી ભૂપેન્દ્ર સિંહ અને બીજેપી પ્રદેશ અધ્યક્ષ વિષ્ણુદત્ત શર્માને મોટી રાહત આપી છે. હાઈકોર્ટે જબલપુરની વિશેષ સાંસદ-ધારાસભ્ય અદાલત દ્વારા ત્રણેય નેતાઓ સામે જારી કરાયેલ જામીનપાત્ર વોરંટ પર રોક લગાવી દીધી છે. ઓબીસી અનામતને લઈને ભાજપના ત્રણ નેતાઓએ ટંખા સામે કરેલી ખોટી રજૂઆત સાથે સંબંધિત છે.

### મનીષ સિસોદિયાએ જેલમાંથી પત્ર લખ્યો:કહ્યું- જલ્દી બહાર મળીશું, શિક્ષા ક્રાંતિ જિંદાબાદ, લવ યૂ ઓલ

દિલ્હી | દિલ્હી લિકર પોલિસી કેસમાં 26 ફેબ્રુઆરી 2023થી જેલમાં બંધ પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાએ તિહારથી પોતાના વિધાનસભા ક્ષેત્ર પટપડગંજના લોકોને એક પત્ર લખ્યો છે. આમાં તેમણે કહ્યું- જલ્દી બહાર મળીશું. શિક્ષા ક્રાંતિ જિંદાબાદ, લવ યૂ ઓલ.

મનીષ સિસોદિયાએ આ પત્ર 15 માર્ચે લખ્યો હતો. જો કે, આમ આદમી પાર્ટીએ તેને આજે 5મી એપ્રિલે તેના X પ્લેટફોર્મ પર રિલીઝ કર્યો હતો.

### રાયપુરના ટ્રાન્સફોર્મરના વેરહાઉસમાં ભીષણ આગ; રહેણાંક વિસ્તારમાં હજુ પણ ખતરો

રાયપુર | છત્તીસગઢની રાજધાની રાયપુરમાં CSPDCL ટ્રાન્સફોર્મરના વેરહાઉસમાં ભીષણ આગ ફાટી નીકળી છે. આકાશમાં દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાય છે. પોલીસે રસ્તા પર નાકાબંધી કરી 3 કિલોમીટરનો વિસ્તાર ખાલી કરાવ્યો છે. આ ઉપરાંત આસપાસના ઘરોને પણ ખાલી કરાવવામાં આવી રહ્યા છે.શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાની આશંકા છે, ત્યારબાદ ટ્રાન્સફોર્મર ફટાકડાની જેમ ફૂટવા લાગે છે. આ ટ્રાન્સફોર્મર વેરહાઉસ ગુઢિયારી પોલીસ સ્ટેશનના કોટા વિસ્તારમાં છે.

### કેરળના CM પિનારાઇ વિજયનની અપીલ- ટીવી પર ધ કેરળ સ્ટોરી ન બતાવો

મિર્ઝાપુર | કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયને વિવાદિત ફિલ્મ ધ કેરળ સ્ટોરી દૂરદર્શન ચેનલ પર પ્રસારિત કરવાના નિર્ણયની નિંદા કરી છે. તેમણે બ્રોડકાસ્ટરને ફિલ્મનું સ્ક્રીનિંગ રોકવા માટે કહ્યું છે પિનરાઈએ ગુરુવારે (4 એપ્રિલે) X પર પોસ્ટ કરતા લખ્યું કે, લોકસભાની ચૂંટણી પહેલા આનાથી સાંપ્રદાયિક તણાવ વધશે. તેમણે દૂરદર્શનને ભાજપ અને RSS માટે પ્રચાર મશીન ન બનવા પણ કહ્યું હતું. ફિલ્મ 5 મે 2023ના રોજ રીલિઝ થઈ હતી.

રાજસ્થાનના ચુરુમાં રેલીમાં પીએમએ કહ્યું,

## 'મોદીએ દરેક મુસ્લિમ પરિવારનું રક્ષણ કર્યું છે'

(એજન્સી) ચુરુ | તા.05

રાજસ્થાનના ચુરુમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે અમે છેલ્લા 10 વર્ષમાં ઘણાં કામ કર્યા છે, પરંતુ આ બહુ ઓછું છે. મોદીએ અત્યાર સુધી જે કર્યું છે તે માત્ર મોટી હોટલોમાં મળનારુ સ્ટાર્ટર જ છે, હજુ તો ખાવાની આખી થાળી બાકી છે.

ટ્રિપલ તલાક પર તેમણે કહ્યું કે આ કાયદો અમારી મુસ્લિમ બહેનોને મદદ કરી રહ્યો છે. તેઓએ સમજવું જોઈએ કે આ ટ્રિપલ તલાક ફક્ત તમારા જીવન માટે જોખની તો હતો, પરંતુ મોદીએ તમારું રક્ષણ તો કર્યું છે, પરંતુ મોદીએ દરેક મુસ્લિમ પરિવારની પણ સુરક્ષા કરી છે. વડાપ્રધાને ભ્રષ્ટાચાર, રામ મંદિર અને પરિવારવાદ પર પણ કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું.

પીએમે કહ્યું કે કોંગ્રેસે રામ મંદિર પર એડવાઈઝરી જારી કરી છે. પોતાના લોકોને મોઢું બંધ રાખવા કહ્યું છે. તેમને લાગે છે કે જો તેઓ ભગવાન રામ વિશે કંઈ કહેશે તો રામ-રામ ન થઈ જાય ભાજપે ચુરુથી પેરાલંમ્પિયન દેવેન્દ્ર ઝાઝરિયાને મેદાનમાં ઉતાર્યા છે. તેમજ, કોંગ્રેસે રાહુલ કાસ્વાંને ટિકિટ આપી છે, જેઓ હાલમાં ભાજપ છોડીને પાર્ટીમાં જોડાયા છે.



'અમે જે નક્કી કરીએ છીએ તે પૂર્ણ કરીને જ રહીએ છીએ...'

**ભાજપના નેતાઓને મોદીની સલાહ**

મોદીએ ભાજપના વરિષ્ઠ નેતાઓને કહ્યું- હું તમને જાહેરમાં પ્રાર્થના કરું છું. ચૂંટણીનો સમય છે. દરેકનું પોતાનું કામ છે. એમના મનમાં એ રહે છે કે વડાપ્રધાન આવે અને અમે ન જઈએ તો તેમને કેવું લાગશે.

હું તેમને કહેવા માંગુ છું કે તેઓ મારી ચિંતા કરવાનું છોડી દે. મારા દરેક કાર્યક્રમમાં વરિષ્ઠ નેતાઓની દોડધામની જરૂર નથી. નાનો કાર્યકર હોય તો પણ સારું રહેશે.

## જમ્મુ-કાશ્મીરના ઉરીમાં ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ, એક આતંકી ઠાર

▪ બારામુલા જિલ્લામાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો



(એજન્સી) નવી દિલ્હી | તા.05

જમ્મુ-કાશ્મીરની નિયંત્રણ રેખા પરથી ઘૂસણખોરી કરી રહેલા એક આતંકવાદીને સેનાએ ઠાર માર્યો હતો. આ સંદર્ભમાં અધિકારીઓએ જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ શુક્રવારે જમ્મુ અને કાશ્મીરના બારામુલા જિલ્લામાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો જેમાં એક આતંકવાદી માર્યો ગયો હતો. અંકુશ રેખા પર શંકાસ્પદ ગતિવિધિઓ ધ્યાનમાં લીધી અને ઘૂસણખોરોને પડકાર્યા. તેમણે કહ્યું કે સતર્ક સેનાના જવાનોએ જિલ્લાના ઉરી વિસ્તારમાં સબુરા નાલા રુસ્તમ ખાતે નિયંત્રણ રેખા પર શંકાસ્પદ ગતિવિધિઓ જોઈ અને ઘૂસણખોરોને પડકાર ફેંક્યો.

**રાજૌરીમાં સર્ચ ઓપરેશન :** રાજૌરી જિલ્લામાં બે અલગ સ્થળોએ શંકાસ્પદ ફરતા હોવાની સૂચના પર પોલીસ, સેના અને સીઆરપીએફના જવાનોએ સંયુક્ત રીતે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.ગુરુવારે મોડી સાંજ સુધી કોઈ સફળતા મળી ન હતી, પરંતુ હજુ પણ શોધખોળ ચાલુ છે. થન્ના મંડી તહસીલના ડોરી માલ જંગલમાં ગુરુવારે બપોરે 3 વાગ્યાની આસપાસ સુરક્ષા દળોએ એક મોટું સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

### આસામમાં 5.7ની તીવ્રતાનો ભૂકંપનો આચકો, સ્થાનિકોમાં ફફડાટ



ડિશપુર | આસામમાં શુક્રવારે સાંજે લગભગ 6.15 કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આસામમાં ભૂકંપ તીવ્રતા રિક્ટર સ્કેલ પર 5.7 નોંધાઇ છે. ભૂકંપનું કેન્દ્ર બિન્દું મ્યાનમાર હોવાનું સામે આવ્યું છે. જાણવા મળી રહ્યું છે કે, ભૂકંપના કારણે કોઇ જાનહાનિ થઇ નથી. મળતી માહિતી મુજબ, પૂર્વોત્તર રાજ્ય આસામમાં શુક્રવારે સાંજે લગભગ 6.15 કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આસામમાં તેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 5.7 માપવામાં આવી છે. જાનહાનિ કે નુકસાનના કોઈ સમાચાર નથી. ભૂકંપનું કેન્દ્ર મ્યાનમારમાં હતું, જેના ભૌગોલિક સંકલન 26.53 અક્ષાંશ અને 96.77 રેખાંશ હતું. ધરતીકંપની 62 કિમીની ઊંડાઈએ હતી.

બેંગલુરુના રામેશ્વરમ કાફે બ્લાસ્ટ મામલે

## NIAએ 18 સ્થળોએ પાડ્યા દરોડા

(એજન્સી) નવી દિલ્હી | તા.05

NIAએ શુક્રવારે બેંગલુરુના રામેશ્વરમ કાફે બ્લાસ્ટ કેસમાં ઉત્તર પ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ સહિત 18 સ્થળો પર દરોડા પાડ્યા હતા. NIAએ મુખ્ય આરોપીની ઓળખ વિશે માહિતી આપનારને 10 લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરી છે.

NIAએ બેંગલુરુના રામેશ્વરમ કાફે બ્લાસ્ટ કેસમાં 18 સ્થળો પર દરોડા પાડ્યા હતા, જેમાં કર્ણાટક, તમિલનાડુ અને ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય છે. આ સિવાય NIAએ કાફે બ્લાસ્ટમાં ફરાર અને ધરપકડ કરાયેલા આરોપીઓના નજીકના સંબંધીઓ અને તેમના કોલેજ અને સ્કૂલ સમયના મિત્રોને પૂછપરછ માટે બોલાવ્યા હતા.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે મુઝમ્મિલ શરીફના રહેવાસી ખાલસા ચિક્કમગાલુરુએ મુખ્ય આરોપીઓને



લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડ્યો હતો. 26 માર્ચે તેની ધરપકડ કરવામાં આવી હતી અને પોલીસ કસ્ટડીમાં પૂછપરછ કરવામાં આવી હતી. ફરાર આરોપીઓને શોધી કાઢવા અને ધરપકડ કરવાના પ્રયાસોના ભાગરૂપે, NIAએ કર્ણાટક, તમિલનાડુ અને ઉત્તર પ્રદેશમાં 18 સ્થળોએ શોધખોળ હાથ ધરી હતી. આ સિવાય દરેક ફરાર વ્યક્તિ પર 10 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરાયું હતું.

▪ **'2 ફરાર આતંકવાદીઓ પર 10-10 લાખનું ઈનામ**

NIAએ અત્યાર સુધી આ કેસમાં મુઝમ્મિલ શરીફની ધરપકડ કરી છે. જેમણે વિસ્ફોટમાં સામેલ બે ફરાર આરોપીઓ મુસ્વિર હુસૈન શાજીબ અને તેના સહયોગી અબ્દુલ માથિન તાહાને લોજિસ્ટિક્સ પ્રદાન કર્યું હતું. હાલમાં NIAએ આ બે ફરાર આતંકવાદીઓ પર 10-10 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે. 1 માર્ચના રોજ રામેશ્વરમ કેફે વિસ્ફોટના કાવતરાખોરો, મુસ્વિર હુસૈન શાજીબ અને તેના સહયોગી અબ્દુલ માથિન તાહા, બંને તીર્થહલ્લી શિવમોગ્ગા જિલ્લાના રહેવાસી છે.

### લાલુ યાદવની મુશ્કેલીમાં વધારો! પૂર્વ મુખ્યમંત્રી વિરૂદ્ધ ધરપકડ વોરંટ ઈસ્યુ



ગ્વાલિયર | લોકસભા ચૂંટણી તૈયારીઓ વચ્ચે બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવને મોટો ઝટકો લાગ્યો છે. મધ્યપ્રદેશના ગ્વાલિયરની એમપી-એમએલએ કોર્ટે હથિયારોની તસ્કરીના જૂના કેસમાં લાલુ પ્રસાદ યાદવ સામે ધરપકડ વોરંટ ઈસ્યુ કર્યું છે. હથિયારોની તસ્કરીના કેસમાં આરોપી 22 લોકોમાં તેમનું નામ પણ સામેલ હતું. ગ્વાલિયર કોર્ટે 1998માં આ કેસમાં લાલુ પ્રસાદ યાદવને ફરાર જાહેર કર્યા હતા. એવું કહેવાય છે કે યુપીની એક ફર્મના ડાયરેક્ટર રાજકુમાર શર્માએ ગ્વાલિયરમાં છેતરપિંડી કરીને હથિયારો અને કારતુસ ખરીદ્યા હતા અને બિહારમાં વેચ્યા હતા. હથિયારો લાલુને પણ વેચવામાં આવ્યા હતા. આ કેસમાં કુલ 22 આરોપીઓ છે.

તાઈવાનમાં 3 એપ્રિલે આવેલા વિનાશક ભૂકંપ બાદ બચાવકર્મીઓ ગુમ થયેલાને શોધવામાં વ્યસ્ત

## તાઈવાનમાં ભૂકંપ બાદ ગુમ થયેલા ભારતીયો મળી આવ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.05

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે તેમના સાપ્તાહિક બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, 'અમે ભૂકંપ પછી બે લોકો સાથે સંપર્ક સ્થાપિત કરી શક્યા નથી, પરંતુ હવે અમે સંપર્ક સ્થાપિત કર્યો છે, બંને સુરક્ષિત છે.' ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તાઈવાનના ભૂકંપ પ્રભાવિત લોકો સાથે એકતા વ્યક્ત કરી હતી. તાઈવાનના રાષ્ટ્રપતિ સાઈ ઈંગ-વેને પણ 'પડકારભર્યા સમયમાં' તેમના સમર્થન માટે પીએમ મોદીનો આભાર માન્યો હતો.

રાષ્ટ્રપતિ સાઈએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કર્યું હતું, "વડાપ્રધાન નરેન્દ્ર મોદી, આ પડકારજનક સમયમાં તમારા માયાળુ શબ્દો અને સમર્થન માટે અમે ખૂબ આભારી છીએ. 'તમારા દ્વારા દર્શાવવામાં આવેલી એકતાનો અર્થ તાઇવાનના લોકો માટે ઘણો છે કારણ કે આપણે બધા પરિસ્થિતિને સામાન્ય બનાવવા માટે ઝડપથી કામ કરીએ છીએ.'



**પીએમ મોદીએ શોક વ્યક્ત કર્યો હતો** પીએમ મોદીએ 'X' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, 'તાઈવાનમાં ભૂકંપના કારણે લોકોના મોતથી ખૂબ જ દુ:ખી છું. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે અમારી હૃદયપૂર્વકની સંવેદનાઓ છે અને અમે ઘાયલ થયેલા લોકોના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરીએ છીએ.' તેમણે કહ્યું, 'અમે તાઈવાનના લોકો સાથે એકતામાં ઊભા છીએ કારણ કે તેઓ ભૂકંપ પછીની પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે.

▪ **ઈન્ડિયા તાઈપેઈ એસોસિએશને પણ શોક વ્યક્ત કર્યો હતો...:** ઈન્ડિયા તાઈપેઈ એસોસિએશને પણ ભૂકંપ પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. ભારતે 1995માં તાઈપેઈમાં 'ઈન્ડિયા તાઈપેઈ એસોસિએશન'ની સ્થાપના બંને પક્ષો વચ્ચે સંવાદને પ્રોત્સાહન આપવા અને વેપાર, પર્યટન અને સાંસ્કૃતિક આદાનપ્રદાનને સરળ બનાવવાના ઉદ્દેશ્ય સાથે કરી હતી. ઈન્ડિયા-તાઈપેઈ એસોસિએશન તમામ કોન્સ્યુલર અને પાસપોર્ટ સેવાઓ પ્રદાન કરવા માટે અધિકૃત છે. 1995માં જ તાઈવાને દિલ્હીમાં તાઈપેઈ ઈકોનોમિક એન્ડ કલ્ચરલ સેન્ટરની પણ સ્થાપના કરી હતી.

### I.N.D.I.A. ગઠબંધનમાં વડાપ્રધાન પદના ઉમેદવાર કોણ...?

**રાહુલ ગાંધીએ કરી દીધો ખુલાસો**

(એજન્સી) નવી દિલ્હી | તા.05

લોકસભા ચૂંટણી શરૂ થવાની તારીખ નજીક આવી ગઈ છે. ભાજપ-કોંગ્રેસ સહિત ઘણા પક્ષોએ ઘણી બેઠકો પર ઉમેદવારોના નામ જાહેર કરી રહ્યા છે. ભાજપ તરફથી વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે, ત્યારે I.N.D.I.A. ગઠબંધનના વડાપ્રધાન પદના ઉમેદવાર કોણ? તે અંગે રાહુલ ગાંધીએ જવાબ આપ્યો છે.

કોંગ્રેસે લોકસભા ચૂંટણીને ધ્યાને રાખી આજે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. આ દરમિયાન રાહુલ ગાંધીને પૂછવામાં આવ્યું કે, વિપક્ષી ગઠબંધન તરફથી વડાપ્રધાનનો ચહેરો કોણ છે? જેના જવાબમાં તેમણે કહ્યું કે, 'વિપક્ષી ગઠબંધન 'ઈન્ડિયા'એ નિર્ણય લીધો છે કે, અમે વિચારધારાના આધારે ચૂંટણી લડી રહ્યા છે, તેથી વડાપ્રધાન પદના ઉમેદવારનો નિર્ણય ચૂંટણી બાદ લેવામાં આવશે.'

રાહુલે મીડિયાને સંબોધન કરતા કહ્યું કે, 'આ નિષ્પક્ષ નહીં, પરંતુ ધાંધલીવાળી મેચ છે. લોકોએ સમજવું જરૂરી છે કે, આ ચૂંટણી લોકશાહીને બચાવવા માટે છે. આ ચૂંટણી બંધારણ અને લોકશાહીને નષ્ટ કરવાના પ્રયાસો કરનારાઓ અને તેની રક્ષા કરવાનો પ્રયાસ કરનારાઓ વચ્ચે છે.

## દાહોદના સિદ્ધરાજ જયસિંહ છાબ તળાવ ખાતે મતદાન જાગૃતિ માટે રંગોળી કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ - દાહોદ | લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ અંતર્ગત દાહોદ જિલ્લામાં આગામી ૭ મે ના રોજ મતદાન યોજાનાર છે. આ ચૂંટણીમાં દાહોદ જિલ્લાના વધુમાં વધુ મતદારો મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ સ્વીપની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મતદાર જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. દાહોદ જિલ્લામાં સ્વીપ નોડલ અધિકારી દ્વારા સમગ્ર



દાહોદ જિલ્લામા વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેના માધ્યમથી દાહોદ જિલ્લાના મતદારોને મતદાન અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

## એસ.આર.કડકિયા સ્કૂલ ઓફ નર્સિંગ અર્બન હોસ્પિ. રળિયાતી ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ - દાહોદ | લોકસભા ચૂંટણીને ધ્યાને રાખી સમગ્ર



દાહોદ જિલ્લામાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ સ્વીપ અભિયાન હેઠળ મતદારોને જાગ્રત કરવાના હેતુથી અનેક સ્થળોએ વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત દાહોદમાં એસ. આર. કડકિયા સ્કૂલ ઓફ નર્સિંગ અર્બન હોસ્પિટલ રળિયાતી ખાતે ૧૩૨ દાહોદ વિધાનસભા મત વિભાગના મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત સ્કૂલ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓને મતદાનનું મહત્વ તથા મોટા ભાગના વિદ્યાર્થીઓ પ્રથમ મતદાર હોય તો બિનચૂક મતદાન કરવા માટે પ્રેરીત કરવામાં આવ્યા હતા.

## દાહોદમાં જે. એન્ડ આર. બી. એડ. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ - દાહોદ | ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૨૪ ના જાહેર થયેલા ચૂંટણી કાર્યક્રમ મુજબ તા.૦૭ મી મેના રોજ ગુજરાતમાં મતદાન યોજાનાર છે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ સ્વીપના નોડલ અધિકારીશ્રીઓ દ્વારા દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓના ગામોમાં ઠેર-ઠેર ગ્રામજનો અને વિદ્યાર્થીઓને મતદાન અંગે જાગૃત કરીને લોકશાહીના



પર્વમાં સહભાગી બનાવવા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ કાર્યક્રમ દરમ્યાન બાગાયત અધિકારીશ્રી એચ. બી.પારેખએ વિદ્યાર્થીઓને ચૂંટણી પ્રક્રિયા સમજાવતાની સાથે મતદાન અંગેની વિસ્તૃત માહિતી આપીને તમામ વિદ્યાર્થીઓ સો ટકા મતદાન કરવા માટેની હાકલ કરી હતી.

## પાલનપુરમાં ગોવિંદ હેરિટેજ સોસાયટી નાં રહિસો ની ચૂંટણી બહિષ્કાર ની ચીમકી પાણી નહીં તો વોટ નહીં સોસાયટી માં નેતાઓ એ પ્રવેશ કરવો નહીં નાં બેનર લગાવવામાં આવ્યા

પાલનપુર માં ગોવિંદ હેરિટેજ સોસાયટી નાં રહિશો દ્વારા પીવાનું પાણી નહિં તો વોટ નહીં નેતાઓ એ સોસાયટી માં પ્રવેશ કરવો નહિં નાં બેનરો લગાવી ચૂંટણી બહિષ્કાર ની ચીમકી ઉચ્ચારી હતી સોસાયટી



નાં રહિશો એ જણાવ્યું હતું કે અમારી સોસાયટીમાં ઘણાં સમય થી નગરપાલિકા દ્વારા પીવાનું પાણી આપવામાં આવતું નથી અમે સોસાયટી નાં લોકો એ વારંવાર રજુઆત નગરપાલિકા માં કરી છે પણ ખાલી વાયદાઓ આપવામાં આવે છે અમારી રજુઆત 2019 થી છે નગરપાલિકા સત્તાધિકારી નાં પેટ નું પાણી હાલતું નથી આવનારી લોકસભાની ચૂંટણી દરમિયાન અમે સોસાયટી નાં લોકો એ નક્કી કર્યું છે કે હવે આપણી સોસાયટી માં કોઈ પણ નેતાઓ ને એન્ટ્રી આપવી નહી અમને સોસાયટી માં પાણી આપો પછી જ અમે વોટ આપીશું.

## પ્રતાપપુરા પ્રાથમિક શાળા ખાતે રંગોળી દ્વારા મતદાન નુ મહત્વ સમજાવ્યું.



દિપક રાવલ - લીમખેડા | દેશ નુ ગૌરવ સમાન લોકશાહી મહાપર્વ નજીક આવી રહ્યો છે. તેમ તેમ દાહોદ ચૂંટણી તંત્ર દ્વારા આ મહાપર્વમાં મતદાનનો ની ઉત્સાહ વધે તેમજ તેઓ વધુ મતદાન કરે તે માટે નવા કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે.ત્યારે લીમખેડા તાલુકા ની પ્રતાપપુરા પ્રાથમિક શાળા શિક્ષકશ્રી કનુભાઈ પટેલ અને ગુડનબેન રાજપૂત ના માર્ગદર્શન હેઠળ રંગોળી સ્પર્ધા નુ આયોજન કરવામાં આવ્યું અને અંત માં શાળા ના આચાર્યશ્રી સુખદેવ એન સિંઘ દ્વારા બાળકો ને મતદાન નુ મહત્વ સમજાવી વિદ્યાથીઓને દરેક મતદારોને આગામી 7મી મે 2024 ના રોજ લોકસભા ચૂંટણી માં અવશ્ય મતદાન કરે એવું આહ્વાન કર્યું હતું.

## સાદરા ગામની મહિલાઓના હાથ પર ચરખા દ્વારા કાંતેલા સૂતરના 'સંકલ્પ બંધન' બાંધીને લોકશાહીને મજબૂત કરવા માટે અવશ્ય મતદાન કરશે, તેવી પ્રતિજ્ઞા લેવડાવી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મત વિભાગમાં મહિલા મતદાનની ટકાવારી વધે તેવા




ઉમદા આશયથી આજે સાદરા ગામ ખાતે મતદાન સંકલ્પ બંધન અને મતદાન પ્રતિજ્ઞા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણીમાં મતદાનની માત્રા વધે તેવા દૃઢ સંકલ્પ સાથે જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ સ્વીપ નોડલ અધિકારી ડૉ. બી.એન. પ્રજાપતિ અને વહીવટી તંત્ર દ્વારા મતદાન જાગૃત્તિના વિવિધ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. મતદાન જાગૃત્તિના આ અભિયાન અંતર્ગત ગાંધીનગર તાલુકાના સાદરા ગામ ખાતે અનોખો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શારીરિક શિક્ષણ વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા મહિલાઓની મતદાન ટકાવારી વધારવા માટે મતદાન સંકલ્પ બંધન અને મતદાન પ્રતિજ્ઞાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સ્વયંસેવકોએ ગામની અનેક શેરી અને મહોલ્લામાં ફરીને મહિલાઓના હાથ પર ચરખા દ્વારા કાંતેલા સૂતરના 'સંકલ્પ બંધન' બાંધીને લોકશાહીને મજબૂત કરવા માટે તા. ૭મી મે, ૨૦૨૪ના રોજ અવશ્ય મતદાન કરશે, તેવી પ્રતિજ્ઞા લેવડાવી હતી.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાતે ઓસ્ટ્રેલિયાના હાઈકમિશનર ફિલિપ ગ્રીન અને કોન્સ્યુલેટ જનરલ પૉલ મર્ફી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



ભારતમાં ઓસ્ટ્રેલિયાના હાઈ કમિશનર ફિલિપ ગ્રીન અને મુંબઈ સ્થિત કોન્સ્યુલેટ જનરલ પૉલ મર્ફીએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ભારતમાં છ મહિનાથી સેવારત ફિલિપ ગ્રીન પાંચમી વખત ગુજરાત પધાર્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે, ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યુનિવર્સિટી શરૂ કરનાર ઓસ્ટ્રેલિયા પ્રથમ દેશ છે 300 વિદ્યાર્થીઓની પ્રથમ બેચનું શિક્ષણકાર્ય પણ શરૂ થઈ રહ્યું છે. ઓસ્ટ્રેલિયા ગ્રીન એનર્જી અને રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં પણ નોંધપાત્ર વિકાસ કરી રહ્યું છે. ગુજરાત સાથે ઊર્જા ક્ષેત્રમાં પણ સહયોગ વિકસાવવા ઓસ્ટ્રેલિયા તત્પર છે. ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં વર્ષ 2032 માં ઓલિમ્પિક્સ યોજાશે જ્યારે ભારતે ગુજરાતમાં વર્ષ 2036 માં ઓલિમ્પિક્સના આયોજન માટેની દાવેદારી નોંધાવી છે ત્યારે ભવિષ્યમાં ઓલિમ્પિક્સને લઈને પણ ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે વિશેષ આદાન-પ્રદાનની સંભાવના તેમણે વ્યક્ત કરી હતી. ભારતની પરંપરાગત વૈદિક ચિકિત્સા પદ્ધતિ અને આયુર્વેદનો વ્યાપ ઓસ્ટ્રેલિયામાં વધારવાની સંભાવના વિશે પણ વિચાર-વિમર્શ કર્યો હતો. કૃષિ ક્ષેત્રમાં ટેકનોલોજીના વિકાસમાં અગ્રેસર ઓસ્ટ્રેલિયાએ કૃષિ વિકાસમાં પણ પોતાની નિપુણતાનો લાભ આપવાની તત્પરતા દર્શાવી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ફિલિપ ગ્રીન અને પૉલ મર્ફીને ગુજરાતમાં આવકાર્યા હતા અને ગુજરાત પ્રત્યેની તેમની વિશેષ લાગણી માટે આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીની શરૂઆતથી બંને દેશોના વિદ્યાર્થીઓનું ભવિષ્ય વધુ ઉજ્જવળ બનશે. આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, સમગ્ર વિશ્વ ગ્લોબલ વૉર્મિંગની ગંભીર અસરો ભોગવી રહ્યું છે. ગ્લોબલ વૉર્મિંગ માટે 24% જવાબદાર રાસાયણિક ખેતી પદ્ધતિ અને જંતુનાશક દવાઓ છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિ પર્યાવરણીય પડકારો અને માનવ સ્વાસ્થ્યની સમસ્યાઓનો એકમાત્ર ઉકેલ છે. ગુજરાત અને ભારતના વધુ ને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી રહ્યા છે.

## નાંદોદના ગોપાલપુરા ગામ બાદ હવે રામપુરા ગામમાં પણ રૂપાલાના વિરોધમાં બેનર મારી વિરોધ કરાયો




ભરત શાહ દ્વારા - રાજપીપળા

તા.૫ .નર્મદા જિલ્લા માં પરસોત્તમ રૂપાલા ના ઠેર ઠેર વિરૂદ્ધ થઈ રહ્યા છે જેમાં નાંદોદ તાલુકાના ગોપાલપુરા ગામ બાદ હવે રામપુરા ગામમાં પણ ભાજપના કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાના વિરોધમાં રાજપૂત ક્ષત્રિયોએ મોટી સંખ્યામાં ગામમાં ભેગા થઈ ગામની બહાર બેનરો મારી વિરોધ નોંધાવ્યો હતો,રાજ્યમાં ઠેર-ઠેર રૂપાલાનો રાજપૂત સમાજ દ્વારા વિરોધ નોંધવાઈ રહ્યો છે. એમાં ક્ષત્રિય સમાજ ની રાજકોટ બેઠક પરથી તેમની ટિકિટ રદ કરવાની માગ પર આ સમાજ અડગ છે. પુરુષોત્તમ રૂપાલાએ તાજેતરમાં ચૂંટણી પ્રચાર દરમિયાન રાજકોટમાં વાલ્મીકિ સમાજના એક સ્નેહમિલન સમારોહ સભામાં રજવાડાને લઈને વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. એના પડઘા સમગ્ર રાજ્યમાં દેખાઈ રહ્યા છે અને હવે નર્મદા જિલ્લામાં પણ વિરોધ કરતા બેનર લાગ્યા છે રામપુરા ગામ માં લાગેલા બેનર માં લખ્યું છે કે પરષોત્તમ રૂપાલા ની ટીકીટ રદ ના થાય ત્યાં સુધી ભાજપના કોઈપણ કાર્યકરો કે આગેવાનોએ રામપુરા ગામમાં પ્રવેશ કરવો નહી.

## ધારી શહેરમાં યોગીજી મહારાજ મહિલા કોલેજ ખાતે મતદાન જાગૃત્તિ અંતર્ગત બાઈક રેલી યોજાઇ

### પ્રાંત અધિકારી તાલુકા વિકાસ અધિકારીનો સહભાગ સાથે મતદાનનો સંદેશો પ્રસરાવ્યો



અશોક મણવર અમરેલી

અમરેલી જિલ્લામાં મતદાન જાગૃત્તિ વધે તેવા હેતુ અન્વયે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાતા જાગૃત્તિ કાર્યક્રમનું આયોજન કર્યુ છે ત્યારે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (SVEEP) અંતર્ગત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મતદાન જાગૃત્તિ પ્રસરાવવાના આયોજનના ભાગરુપે કાર્યક્રમો શરુ છે. અમરેલીના ધારી શહેરમાં આવેલ યોગીજી મહારાજ મહિલા કોલેજ ખાતે મતદાન જાગૃત્તિ કાર્યક્રમ અન્વયે યુવાઓ બાઈક રેલીમાં જોડાયા હતા. ધારી પ્રાંત અધિકારીશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીએ સહભાગી બનીને મતદાનનો સંદેશો પ્રસરાવ્યો હતો. આ પ્રસંગે બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, યુવાઓએ મતદાન માટે શપથ લેવામા આવ્યા.

## સાપુતારાથી ચીખલી ગામ નજીકનાં વળાંકમાં ટ્રક પલ્ટી મારી જતા અકસ્માત



સુશીલ પવાર. ડાંગ

પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ મહારાષ્ટ્રનાં નાસિક તરફથી જલાવ લાકડાનો જથ્થો ભરી સોનગઢ તરફ જઈ રહેલ ટ્રકનો સાપુતારાથી વઘઈને જોડતા આંતર રાજ્યધોરીમાર્ગનાં ચીખલી ગામ નજીકનાં વળાંકમાં અચાનક બ્રેક ફેઈલ થઈ જતા આ ટ્રક પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં ટ્રકને જંગી નુકસાન થયુ હતુ. જ્યારે ટ્રક ચાલક અને ક્લીનરને શરીરનાં ભાગે નજીવી ઈજાઓ પોહચતા તેઓનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.

## જાફરાબાદ આવેલ એસબીઆઇ બેંકમાં પાસબુક એન્ટ્રી મશીન ત્રણ-ત્રણ મશીનો હોવા છતાં બંધ હાલતમાં

કિશોર આર. સોલંકી-જાફરાબાદ



જાફરાબાદ ખાતે આવેલ એસબીઆઈ બેંક ના પાસબુક એન્ટ્રી મશીન ત્રણ-ત્રણ હોવા છતાં શોભાના ગાંઠિયા સમાન એસબીઆઈ બેંકમાં અસંખ્ય ખાતા ધારકો હાલ થઈ રહ્યાં છે. હેરાનપરેશાન જાફરાબાદ ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા ખેતમજૂરી કરતા લોકો પોતાની મંજુરી પડતી મૂકી પાસબુક લઈ એન્ટ્રી પાડવા માટે ગ્રામ્ય વિસ્તારમાંથી ટીકીટ ભાડું ખર્ચો કરીને જાફરાબાદ સુધી આવતા હોય પરંતુ પાસબુક એન્ટ્રી મશીન બંધ હાલતમાં હોવાથી લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. એસબીઆઈ બેંક માં ત્રણ-ત્રણ મશીનો હોવા છતાં પણ બેંક દ્વારા રીપેરીંગ કરવામાં આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. આ એસબીઆઈ બેંકમાં દિનપ્રતિદિન લોકોની સમસ્યાઓ ઘટવાને બદલે વધી રહી છે. લોકો ને થતી મુશ્કેલી ઓ દિવસેને દિવસે વધી રહી હોય આ બેંકમાં થતી હાલાકી બાબતે સ્થાનિક નેતાગીરી ધ્યાન આપે તેવી પણ લોકોમાંથી ચર્ચાઈ રહ્યું છે. આ જોતાં એવું લાગી રહ્યું છે કે અંધેર નગરી ચોપટ રાજા જેવા હાલ જાફરાબાદ શહેરના થઈ રહ્યા છે. ગ્રામ્ય લોકો કાળઝાળ ગરમીમાં જાફરાબાદ સુધી એસબીઆઈ બેંકમાં એન્ટ્રી પાડવા માટે આવતા હોય છે. પરંતુ વિલામોઢે પરત ફરી રહ્યા છે. આ ત્રણ-ત્રણ મશીનો બંધ હાલતમાં હોવા છતાં જવાબદાર અધિકારીનું પેટનું પાણી પણ હલતું નથી લોકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા હોય પરંતુ બેંક મેનેજર એ.સી. ચેમ્બરમાંથી બહાર નીકળી લોકોની મુશ્કેલી દૂર કરવા ને બદલે નજારો જોઈ રહ્યા છે. ગ્રામ્ય લોકો તેમજ જાફરાબાદ શહેર ની જનતા આ બંધ પાસબુક એન્ટ્રી મશીનથી અને એસ.બી.આઈ બેંક મેનેજર સામે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ એન્ટ્રી મશીનો તાત્કાલિક ધોરણે રીપેરીંગ કરવામાં નહીં આવે તો ઉચ્ચ સ્તરીય રજુઆત કરવામાં આવશે તેવું જાગૃતજણો દ્વારા જણાવ્યું છે.

## પી.એન.ડી.ટી એક્ટ અંતર્ગત હોસ્પિટલ, ક્લિનિક અને સંસ્થાઓએ સી.સી.ટી.વી લગાવવા ફરજિયાત

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

અમરેલી તા.૦૪ એપ્રિલ, ૨૦૨૪ (ગુરુવાર) PCPNDT ACT-૧૯૯૪ અન્વયે જાતીય પરીક્ષણના ગુન્હાઓ રોકવાના અમલીકરણ માટે જિલ્લાના સમગ્ર વિસ્તારમાં રજિસ્ટ્રેશન ધરાવતી તમામ હોસ્પિટલ, ક્લિનિક અને સંસ્થાઓએ સી.સી.ટી.વી લગાવવા ફરજિયાત છે. આ ઉપરાંત ૩૦ દિવસના સી.સી.ટી.વી કેમેરાના ઓડીયો-વીડિયો રેકોર્ડિંગ ૨૪+૭ કલાક બેકઅપ રાખવું ફરજિયાત છે. અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) કલમ-૧૪૪ અંતર્ગત આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. હુકમ અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે. આ જાહેરનામું તા.૩૦.૦૪.૨૦૨૪ સુધી અમલી રહેશે. સીસીટીવી એવી રીતે લગાવવા કે, સમગ્ર વિસ્તાર કવર થતો હોય. સોનોગ્રાફી રુમમાં નક્કી કરેલ અધિકૃત્ત વ્યક્તિ જ પ્રવેશે તે પણ જોવાનું રહેશે. સોનોગ્રાફી રુમની અંદર કે જ્યાં દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય ત્યાં સી.સી.ટી.વી કેમેરા લગાવી શકાશે નહીં.

## કરજણ જળાશયમાં ડૂબમાં ગયેલા ગામોના 200 થી વધુ અસરગ્રસ્તો એ વળતર માટે કરી કલેકટરને રજૂઆત

ભરત શાહ દ્વારા - રાજપીપળા




તા. ૫ નર્મદા જિલ્લામાં બે ડેમો આવેલા છે જેમાં નર્મદા સાથે કરજણ ડેમના આસરગ્રસ્તો પણ છેલ્લા 30 થી 35 વર્ષથી સરકાર લાભો અપાશે એવી આશાએ બેઠા છે. જિલ્લા કક્ષાએથી રજૂઆત બાદ છેક ગાંધીનગર અને દિલ્હી સુધી રજૂઆત કરી છતાં કોઈ લાભો નહી મળતા લોકસભાની ચૂંટણી ટાણે તેમની આ વાતને સરકાર ધ્યાન પર લે અને તેમના હક્કો અને મળવાપાત્ર લાભો આપે એવી આશાએ ફરી એકવાર આંદોલન છેડી જિલ્લા કલેક્ટર ને રજૂઆત કરી ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે હવે તેમને તેમની ગયેલી જમીનો ડૂબમાં ગયેલા ઘરો પરત મળેછે કે ફરી લોલીપોપ મળે છે તે જોવું રહ્યું. પ્રાપ્ત માહિતી અનુસાર કરજણ ડેમ નિર્માણ થાય એ પહેલા ઉપરવાસ માં વસતા પાડા,ઝાંપા અને જુનારાજ સહિતના ગામો ડૂબમાં ગયા હતા જે ગામોને અન્ય જગ્યા એ સરકાર દ્વારા વસાવવા માં આવ્યા.પરંતુ સરકારે જે સમયે આ 200થી વધુ પરિવારો ની જમીન સંપાદિત કરી ત્યારે જે નિયમ પ્રમાણે લાભો મળવા જોઈએ એ લાભો આપવામાં આવ્યા નહિ જેથી સ્થાનિક જે અસરગ્રસ્ત છે તેમને અનેક રજૂઆતો કરી ધરણા ઉપવાસ આંદોલનો કર્યા પરંતુ હજુ સુધી કોઈ લાભો ના મળતા સામાજિક કાર્યકર મહેન્દ્ર વસાવા અને કાંતિ વસાવા ની આગેવાની માં આજરોજ મહિલાઓ અને પુરુષો મોટી સંખ્યામાં જિલ્લા કલેક્ટર કચેરી એ આવી જિલ્લા કલેક્ટર ને રજૂઆત કરી હતી.

## લુણકી ગામ નજીક અકસ્માત સર્જાતા અચાનક સી.એન. જી ટ્રકમાં આગ ભભુકી, ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો

અશોક મણવર - અમરેલી

અમરેલી પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનિક જાણ કરવામાં આવેલ કે બાબરા તાલુકાના લુણકી ગામ નજીક રોડ પર સુપર પ્રોફિટ ટ્રક (cng) સાથે અકસ્માત સર્જાતા અચાનક સી.એન. જી



ટ્રકમાં આગ ભભુકી ઉઠતાં અફડાતફડી મચી ગઈ છે ત્યારે ઘટના અંગે અમરેલી ફાયર ઓફિસર એચ.સી.ગઢવીના માર્ગ દર્શન હેઠળ ફાયર વિભાગ બાબરાની ટીમ અને અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ ની ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવેલ આ આગની ઘટનામા કોઈ જાન હાની ન થતા તંત્રએ હાશકારો લીધો છે ત્યારે ફાયર સ્ટાફ ગોહિલ ભગવતસિંહ ,સાગરભાઈ પુરોહિત ,જગદીશ ભુરીયા, ઈન્દ્રજીતસિંહ ખુમાણ -ટ્રેઈની, ધર્મેશ જુવાદરીયા ટ્રેઈની સહિત ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હોવાનું જાણવા મળ્યું.

## અમરેલી લોકસભા કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે ગ્રામ્ય વિસ્તારમાં લોક સંપર્ક કર્યો કોંગ્રેસ કાર્યકર્તામા ભારે ઉત્સાહ જોવા મળ્યો

અશોક મણવર અમરેલી



અમરેલી વિધાનસભાના વાંકિયા, સરંભડા, મોટામાંડવડા, જાળીયા, ગાવડકા, વડેરા,મોટા આકડીયા, પીપળલગ, વરૂડી, જસવંતગઢ, ચિતલ, મોણપુરનો પ્રવાસ પૂર્ણ કર્યો છે ત્યારે અમરેલી જિલ્લા પંચાયતના સૌથી સફળ પૂર્વ પ્રમુખ અને અમરેલી લોકસભા બેઠકના કોંગ્રેસા ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે આજે અમરેલી વિધાનસભાના વાંકિયા, સરંભડા, મોટામાંડવડા, જાળીયા, ગાવડકા, વડેરા, મોટાઆકડીયા, પીપળલગ, વરૂડી, જસવંતગઢ, ચિતલ,મોણપુર,ના પ્રવાસ દરમ્યાન સંબોધન કર્તા જણાવ્યુ હતુ કે જિલ્લા પંચાયતના જયારે હું પ્રમુખ હતી ત્યારે અમરેલી જિલ્લાના પાયાના મહત્વના પ્રશ્નો જેવા કે, રસ્તા, પાણી, આંગણ વાડી, સિંચાઈ, પશુપાલન અને શિક્ષણમાં વધુમાં વધુ લોકોને સુવિધાઓ અને લાભ મળે તે અઢીવર્ષના મારા સાશનકાળમાં કાર્યકર્યુ હતુ હું ત્યારે પણ અમરેલી જિલ્લાના મારા વડીલો- ભાઈઓ- બહેનો અને ખાસ કરીને યુવાનોને મારા દરેક વકતવ્યમાં કહેતી હતી કે જનતા મારી હાઈકમાન્ડ છે.

## ડાંગમાં 40 ડીગ્રી કાળ ઝાળ ગરમી ને પગલે લોકો ત્રાહિમામ, આગાહી મુજબ હિટવેવ વધવાની શકયતા

સુશીલ પવાર. ડાંગ

ગુજરાતમાં હિટ વેવની અસર જોવા મળી રહી છે.જેમાં ડાંગ જિલ્લામાં પણ ગરમીનો પારો વધ્યો છે.ડાંગ જિલ્લાના ગામડાઓમાં દિવસે ને દિવસે ગરમીનું પ્રમાણ વધતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.ડાંગ જિલ્લામાં શુક્રવારે 40 ડિગ્રી સેલ્શિયસ તાપમાન નોંધાયુ હતુ. ડાંગ જિલ્લાનાં આહવા પંથકમાં 40 ડિગ્રી,વઘઇ પંથકમાં 39 ડિગ્રી,સુબિર પંથકમાં 40 ડિગ્રી,સાપુતારા પંથકમાં 38 ડિગ્રી સેલ્શિયસ તાપમાન નોંધાયુ હતુ.ડાંગ જિલ્લામાં હિટવેવનાં પગલે વહીવટી તંત્ર પણ સાબદુ બન્યુ છે.ડાંગ જિલ્લામાં હિટવેવનાં પગલે તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે.

હિટવેવની આગાહીને પગલે આહવા એસ.ટી. નિગમમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે મેડીકલ કેમ્પનું આયોજન કરાયુ હતુ. હિટ વેવના નોડલ ઓફિસર વ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. હિંમાશુ ગામિતના સહયોગથી આહવા એસ.ટી નિગમના ડ્રાઈવર, કંડક્ટર અને યાંત્રીક વિભાગનાં કર્મચારીઓ માટે આ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. એસ.ટી વિભાગના કર્મચારીઓ ટાઢ, તાપ કે વરસાદ વચ્ચે પોતાની ફરજો બજાવતા હોવાથી તેઓ મહત્તમ તણાવમાં જ તેમની ફરજ બજાવતાં હોય છે. આ કર્મચારીઓ પોતાનાં આરોગ્ય ઉપર પણ પુરતું ધ્યાન આપી શકતા નથી. આહવા એસ.ટી ડેપો મેનેજર કિશોર પરમારના માર્ગદર્શન હેઠળ, આહવા ખાતે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેનો અંદાજીત 250 જેટલા કર્મચારીઓને લાભ આપવામાં આવ્યો હતો.

## પ્રોહી. બુટલેગર વિકેશભાઇ વસાવા ને પાસા હેઠળ અમરેલી જેલમાં ધકેલતી સાગબારા પોલીસ

ભરત શાહ દ્વારા - રાજપીપળા | તા. ૫ પ્રશાંત સુંબે પોલીસ અધિક્ષક નર્મદા,નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં ચાલતી પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા તેમજ કડક હાથે કામ લેવાની ઝુંબેશ અન્વયે તથા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની ને જાળવી રાખવા માટે ગેરકાયદેસર પ્રોહી.ની



પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઈસમો વિરૂધ્ધ પાસા અને તડીપાર જેવા અટકાયતી પગલા લેવા થયેલ સુચના મુજબ સાગબારા પોલીસ સ્ટેશન દ્વારા પાસા દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજીસ્ટ્રેશન અને જીલ્લા કલેકટર નર્મદા તરફ પોલીસ અધિક્ષક,નર્મદા નાઓ મારફતે મોકલતા જીલ્લા મેજિસ્ટ્રેટ અને જીલ્લા કલેકટર નર્મદા દ્વારા આવી ગેર કાયદેસર પ્રવૃત્તિની ગંભીરતા સમજી ત્વરીત વિકેશભાઈ રવિદાસ વસાવા રહે. તલાવ ફળીયુ ભમાડીયા, તા.વાલીયા, જી. ભરૂચ વાળા વિરૂધ્ધ પાસા વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ આ પાસા વોરંટ ઈસ્યુ થયા બાદ તેને પકડી પાડવા લોકેશ યાદવ મદદનીશ પોલીસ અધિક્ષક,રાજપીપલા ડિવીઝન અને પી.જે. પંડયા સર્કલ પોલીસ ઈન્સ્પેકટર નાઓના માર્ગદર્શન હેઠળ સી.ડી. પટેલ પોલીસ સબ ઈન્સ્પેકટર સાગબારા પોલીસ સ્ટેશન તથા પોલીસ સ્ટાફના માણસો દ્વારા તેના ગામે તપાસ કરતા જેઓ મળી આવતા તેઓને તા.૦૪/૦૪/૨૦૨૪ નારોજ અટક કરી જીલ્લા જેલ અમરેલી ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

## વન્ય પ્રાણી સિંહની સુરક્ષા માટે વનવિભાગ દ્વારા જાહેર જાગૃતિ માટે જાહેર સેડપર મૂકવામાં આવેલ બોર્ડમા વનવિભાગના અધિકારીઓના નામ મોબાઇલ નંબર લખવા રજૂઆત

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

વન્ય પ્રાણી સિંહની સુરક્ષા માટે વનવિભાગે વન્ય પ્રાણી જાહેર માર્ગો ઉપર ગેરકાયદે સિંહ દર્શન કરનારાઓને જેતે વિસ્તારમાં લોકોની જાગૃતિ માટે જે બોર્ડ મૂક્યા છે. તેમાં જે-તે વિસ્તારના વન વિભાગના તમામ જવાબદાર અધિકારીઓના મોબાઈલ નંબર, હેલ્પલાઈન નંબરો લખવા બાબતે વનવિભાગના જવાબદાર અધિકારીઓને ભીખુભાઈ બાટાવાળા એ લેખિતમાં વન્ય પ્રાણીની સુરક્ષા માટે માંગણી કરી વન્યપ્રાણી રક્ષિત વિસ્તારમાં રોડ ઉપરના બોર્ડમા ગીર તથા રેવન્યુ વિસ્તારમાં લોકજાગૃતિ તેમજ વન્ય પ્રાણીઓના રક્ષણ સાથે એશિયાની આન બાન અને શાન સમાન સિંહોના ગેરકાયદે સિંહ દર્શન રોકવા વનવિભાગ દ્વારા માર્ગે મકાન સ્ટેટ નેશનલ હાઈવે સહિતના રોડ ઉપર જાહેર બોર્ડ મૂકવામાં આવેલ છે તે સરાહનીય અને અભિનંદન પાત્ર છે.

## ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારીએ 38 કલોલ મતદાર વિભાગના આરસોડિયા અને નારદીપુર ગામના મતદાન મથકની મુલાકાત લીધી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેએ ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ ૩૮ કલોલ મત વિભાગના આરસોડિયા અને નારદીપુર ગામના મતદાન મથકની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન જિલ્લા ચૂંટણી અધિકારીએ નારદીપુર શાળામાં અભ્યાસ કરતાં બાળકો સાથે તેમની ગણિત વિષયના પ્રાથમિક જ્ઞાનની ચકાસણી પણ એક શિક્ષકની જેમ કરી હતી. તેમણે બાળકોને ૧૧ થી ૨૦ના ઘડિયા આધારિત પલાખાં પણ પૂછ્યાં હતા. લોકસભા સામાન્ય ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર સતર્કતાથી કામગીરી કરી રહ્યું છે. આજે ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારીએ



ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં આવતા ૩૮ કલોલ વિધાનસભા મત વિભાગની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન તેમણે આરસોડિયા મતદાન મથક અને નારદીપુર ગામના મતદાન મથકની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન કલોલના મદદનીશ ચૂંટણી અધિકારી જીનલ દેસાઈએ મતદાન મથક ખાતે ઉભી કરવામાં આવેલ વિવિધ સુવિધાઓથી જિલ્લા ચૂંટણી અધિકારીને વાકેફ કર્યા હતા.

## પાટણ સંસદીય વિસ્તારના બંન્ને ઉમેદવારોએ મતદારોને રીઝવવા ઝંઝાવતી લોકસંપર્ક શરૂ કર્યો

નિતીન ઠાકર ચાણસ્મા

કોગ્રેશ ના ઉમેદવારે રબારી પાટીદાર બ્રહમ સમાજ ની બેઠક કરી લોકસંપર્ક શરૂ કર્યો ભાજપ ના ઉમેદવાર અને ટેકેદારો એ સરકારની વિકાશની વાતો થકી મતદારો નીખાટલા બેઠકો શરૂ કરી લોકસભાની ચૂંટણી ના પડધમ વાગી ચુક્યા છે અને અગામી લૉક સભા ની પાટણ સંસદીય બેઠક માટે ભાજપ દ્વારા ભરતસિંહ ડાભી અને કોગ્રેશ તરફથી ચંદન જી ઠાકોરને ચૂંટણી મેદાન માં ઉતારવામાં આવ્યા છે ત્યારે ભા.જપ અને કોગ્રેશ ના બંન્ને ઉમેદવારો જંગી મતો થી વિજયી થવા માટે મતદારોને રીઝવવા એડી ચોટી નું જોર લગાવી રહ્યા છે. તદઉપરાંધ રબારી પાટીદાર સહિત બ્રહમ સમાજના અગ્રણીઓની બેઠક બોલાવી સમર્થન માગ્યું હતું તો ભાજપ ના ઉમેદવાર ભરતજી ડાભી એ પાટણ સંસદીય વિસ્તાર માં લોકસંપર્ક તેજ બનાવી સરકારે કરેલા વિકાશ ના કામો ની મતદારો સમક્ષ ચૂંટણી સભા દરમિયાન વાતો કરી મતો માગવામાં આવી રહ્યા છે તો ટેકેદારો દ્વારા ખાટલા બેઠકો કરી મતદારો સુધી પહોંચવાનો પ્રયત્ન કરાઇ રહ્યો છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ઊંઝા પંથકમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે 4 ફેક્ટરીઓ પર દરોડા પાડ્યા, 1.49 લાખની કિંમતનો 5487 કિલો જથ્થો જપ્ત...

# નકલી જીરું અને વરિયાળી બનાવતી ફેક્ટરીઓ ઝડપાઇ

(એજન્સી) ઊંઝા | તા.05

ઊંઝા પંથકમાં ચાલતી કથિત નકલી જીરું અને નકલી વરિયાળી બનાવતી 4 ફેક્ટરીઓ પર ગઈકાલે મહેસાણા અને ગાંધીનગર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે દરોડા પાડ્યા હતા. આ રેડ દરમિયાન ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે રૂપિયા 1.49 લાખની કિંમતનો 5487 કિલો જથ્થો જપ્ત કર્યો હતો. ફેક્ટરીઓમાં ફૂડ વિભાગની કાર્યવાહી લઈને ભેળસેળિયાઓમાં ફફડાટ ફેલાયો હતો.

ઊંઝા શહેર સહિત સમગ્ર પંથકમાં આવેલી વિવિધ ફેક્ટરીઓમાં ગુરુવારે મહેસાણા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ તેમજ ગાંધીનગર ફૂડ વિભાગની સંયુક્ત ટીમે દરોડા પાડી મોટી માત્રામાં નકલી જીરું અને નકલી વરિયાળીનો શંકાસ્પદ જથ્થો ઝડપી લીધો છે. જેને લઇ ભેળસેળિયા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે. ફૂડ વિભાગની ટીમે જીરું અને વરિયાળીનો લૂઝ જથ્થો, પાઉડર ગોળની રસી સહિતનો જથ્થો જપ્ત કર્યો હતો. ઊંઝા શહેરમાં હાઈવે પર આવેલા શનિદેવ મંદિરની બાજુમાં તેમજ સિદ્ધિ વિનાયક એસ્ટેટ ઐઠોર સહિતનાં કેટલાંક સ્થળોએ નકલી જીરું અને વરિયાળી બનાવવાનો કારોબાર ચાલી રહ્યો છે.

તેવી બાતમીના આધારે ગાંધીનગર અને મહેસાણા ફૂડ વિભાગની ટીમે ગુરુવારે વિવિધ સ્થળોએ દરોડા પાડી તપાસ હાથ ધરી હતી. જેમાં ચાર જેટલી ફેક્ટરીમાંથી નકલી જીરું અને નકલી વરિયાળી બનાવવામાં આવતું હોવાનું બહાર આવ્યું છે.



## ચાર ફેક્ટરીમાં ફૂડ વિભાગની કાર્યવાહી...

જે પૈકી રાકેશ તળશીભાઈ પટેલની ફેક્ટરી (શિવગંગા એસ્ટેટ શનિદેવ મંદિરની બાજુમાં-ઉનાવા), હર્ષદ ખોડીદાસ પટેલનું ગોડાઉન (શિવ ગંગા એસ્ટેટ-ઉનાવા), પ્રકાશ શિવરામભાઈ પટેલનું ગોડાઉન (સિદ્ધિવિનાયક એસ્ટેટ-ઐઠોર) તેમજ પ્રકાશ શિવરામભાઈ પટેલનું બીજું ગોડાઉન ઐઠોરમાં આવેલું છે. જ્યાંથી નકલી જીરું બાનાવવાનો કાળો કારોબાર મળી આવ્યો હતો.

## મોડીરાત સુધી કાર્યવાહી ચાલી

ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને મહેસાણાની ટીમના અધિકારીઓ મોડીરાત સુધી કામમાં લાગ્યા હતા.
નોંધનીય છે કે, ઊંઝા પંથકમાં છેલ્લા ઘણા સમયથી નકલી જીરું અને વરિયાળી બનાવવાની પ્રવૃત્તિએ જોર પકડ્યું છે. નકલી કારોબાર પકડાય એટલે બધું થોડા સમય માટે બંધ થઈ જાય છે. ત્યારબાદ એ જ પ્રવૃત્તિ પુનઃ બેરોકટોક ચાલે છે. તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

# પત્નીએ ઘરકામ કરી બાળકોનું ભરણપોષણ કર્યું ગેમમાં મશગુલ પતિએ કમાયેલા રૂપિયા ઉડાવ્યા

### પત્ની અને બાળકો પર ધ્યાન ન આપતા આખરે અભયમની મદદ લીધી

(એજન્સી) વડોદરા | તા.05

વડોદરામાં અવારનવાર અભયમ 181 હેલ્પલાઈનમાં અનેક કિસ્સાઓ સામે આવતા હોય છે. અભયમ ટીમ હંમેશા મહિલાઓ, યુવતીઓ અને સિનિયર સિટીઝનોની પડખે ઉભી રહી અનેક સમસ્યાઓનું નિરાકરણ લાવે છે. ત્યારે ગત રોજ અભયમને એક પતિથી પીડિત પત્નીનો કોલ મળ્યો હતો અને જણાવ્યું હતું કે, પતિ નોકરી કરે છે, પરંતુ પૈસા આપતા નથી અને માનસિક ત્રાસ આપે છે. તાત્કાલિક આ કોલ મળતા અભયમ સરનામે પહોંચી મદદે લાગી હતી.
અભયમ ટીમ પીડિત મહિલા પાસે પહોંચી માહિતી મેળવી હતી. જેમાં જાણવા મળ્યું કે, મહિલા અન્ય લોકોના ઘરે ઘરકામ કરી બાળકોનું ભરણપોષણ કરે છે. પતિ ઝોમેટોમાં નોકરી કરી કમાય છે. પરંતુ તે પૈસાનો દુરુપયોગ કરે છે. પતિ મોબાઈલમાં રમી સર્કલ ગેમની લતે ચડી પૈસા ઉડાવે છે. પત્ની દ્વારા અવારનવાર સમજાવવા છતાં પતિ માનવા તૈયાર નથી. જેથી બાળકો અને પરિવારમાં ખૂબ જ મુશ્કેલી હોવાથી આખરે પતિને સુધારવા પત્નીએ અભયમની મદદ માગી હતી. અભયમ ટીમ દ્વારા મહિલાના પતિનું કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું કે, પતિ મોબાઈલમાં રમી સર્કલ ગેમમાં મશગુલ થઈ કમાણી ઉડાવે છે. અભયમે પતિને સમજાવ્યા કે, ગેમમાં હારેલા પૈસા પાછા આવવાના નથી અને જે કઈ કમાવ છો તે પરિવારના સભ્યો માટે મદદરૂપ થાવ. પૈસા બચાવી બાળકના નામે બેંકમાં મૂકો જેથી વ્યાજ આવે અને બચત થાય. સાથે પરિવારમાં ધ્યાન આપી બાળકોનું ભણતર સુધરે અને મદદ રૂપ થાવ તેવું કહ્યું હતું. અભયમે પતિને પરિવારની જરૂરિયાતો સમજાવી હતી અને પરિવારમાં બાળકોના ભણતર અંગે માહિતગાર કરી સમજાવવામાં આવ્યા હતા. સાથે મોબાઈલમાં ગેમની લતને છોડવા અને લગ્નજીવનમાં ધ્યાન આપવાની સલાહ આપી કાઉન્સેલિંગ કરી સમજાવવામાં આવ્યા હતા અને પરિવારમાં પડતી મુશ્કેલીઓ અંગે સાથ આપવા જણાવ્યું હતું.



### વરાછામાં બાલાજી હોલિડે નામે ઓફિસ ખોલી છેતરપિંડી

# વર્ક વિઝાના નામે વેપારીના 3.29 લાખ પડાવનાર એજન્ટ ઝડપાયો

(એજન્સી) સુરત | તા.05

વરાછામાં હીરાવેપારીએ વિદેશ જવાના ચક્કરમાં લેભાગુ એજન્ટની વાતમાં આવી 3.29 લાખ ગુમાવ્યા હતા. આ ગુનામાં ટ્રાવેલ્સ એજન્ટ અશ્વિન દેવરાજ નાકરાણી(43)(રહે, ભક્તિનંદન સોસા, મોટા વરાછા, મૂળ રહે, (ઉચડીગામ, ભાવનગર) આગોતરા લઈ વરાછા પોલીસમાં બુધવારે હાજર થતા પોલીસે ધરપકડની કાર્યવાહી કરી છે.
વધુમાં પોલીસે જણાવ્યું કે, સિંગણપોર ખાતે માનસી રેસીડન્સીમાં રહેતા અને હીરાનો વેપાર કરતા વિજય રસીકભાઈ શેટાએ ઓસ્ટ્રેલિયા જવાનો પ્લાન હતો. તેઓના એક સંબંધી જેઓ પણ ઓસ્ટ્રેલિયા જવા માટે એક એજન્ટની પાસે પ્રોસેસ કરાવી હતી. આથી વેપારીએ પણ આ એજન્ટનો સંપર્ક કર્યો હતો.
વરાછા સેન્ટ્રલ બજારમાં બાલાજી હોલીડે નામથી ધંધો કરતા એજન્ટ અશ્વિન દેવરાજ નાકરાણી પાસે હીરાના વેપારી ઓસ્ટ્રેલિયાના વર્ક વિઝા માટે ગયા હતા. જેમાં એજન્ટે 6 લાખનો ખર્ચ થશે એમ કહ્યું હતું. પહેલા 3 લાખની રકમ માંગી હતી. આથી હીરાના વેપારીએ 3 લાખ ઉપરાંત ડોલર લેવા માટે 29750 મળી 3.29 લાખની રકમ એજન્ટને આપી હતી. એપ્રિલ-23થી અત્યાર સુધીમાં વેપારીને વર્ક પરમિટ વિઝા ન આપી ઉપરથી લાખોની રકમ ચાંઉ કરી ફરાર થયો હતો. જેને લઈ હીરાના વેપારીએ વરાછા પોલીસમાં ફરિયાદ આપી હતી. જેને પગલે પોલીસે ગુનો નોંધ્યો હતો. આરોપી આવતા ધરપકડ કરી હતી.



## 80 નકલી માર્કશીટ બનાવનાર રાજેન્દ્ર બિહારથી ઝડપાયો...

(એજન્સી) સુરત | તા. 05

દેશની વિવિધ યુનિવર્સિટી અને બોર્ડની નકલી માર્કશીટ-ડિગ્રી બનાવવાના આંતરરાષ્ટ્રીય કૌભાંડમાં ઉત્રાણ પોલીસે ગુનો નોંધી અગાઉ 3 આરોપી ધ્રુવિન કોઠિયા, વિશાલ તેજાણી અને સંજય ગેલાણીની ધરપકડ કરી હતી. હવે પોલીસે બિહારના કટિહાર ખાતે આવેલા ગુરુકુળ શિક્ષા મંદિર સંસ્થાનના ડાયરેકટર કમ સેક્રેટરી રાજેન્દ્ર રોહિત ઠાકુરની બુધવારે ધરપકડ કરી હતી. આરોપી રાજેન્દ્રે વર્ષ 2011માં આ સંસ્થા શરૂ કરી હતી. અત્યાર સુધી આરોપી 80 જેટલી નકલી ડિગ્રી-માર્કશીટ બનાવી હોવાનું સામે આવ્યું છે. ટિહારમાં રાજેન્દ્ર મોટું માથું હોવાથી તેની સામે લોકલ પોલીસ પણ કાર્યવાહી કરવામાં ગલ્લાતલ્લા કરતી હતી. શરૂઆતમાં ઉત્રાણ પોલીસ ફકત આરોપીનો મોબાઇલ કબજે કરી શકી હતી. જેમાં સુરતના ઉચ્ચ પોલીસ અધિકારીએ બિહાર પોલીસ સાથે ટેલિફોનીક સંકલન કરતાં રાજેન્દ્રનો કબજો મેળવી શકાયો હતો. આરોપીના રાજેન્દ્રના મોબાઈલમાંથી નકલી ડિગ્રી-માર્કશીટની પીડીએફ તેમજ દેશભરના એજન્ટોના નંબરો પણ મળી આવ્યા હતા.



ઝડપાયેલા સંજય ગેલાણીએ રાજેન્દ્ર પાસેથી 80 નકલી ડિગ્રી અને માર્કશીટ બનાવી હતી. સંજય 'કલીક ઈન્ડિયા' વેબસાઈટ થકી રાજેન્દ્રના સંપર્કમાં આવ્યો હતો. શાંઘાઇ ઈન્ટરનેશનલ યુનિવર્સિટીની પણ ડિગ્રી બનાવી હતી. આરોપી રાજેન્દ્ર ઠાકુરે ગુરુકુળ શિક્ષા મંદિર સંસ્થાન વેબસાઈટ બનાવી છે. આ વેબસાઈટમાં દેશની અલગ અલગ રાજ્યોની 32 યુનિવર્સિટી અને ધોરણ 10 અને ધોરણ 12ની અલગ અલગ 12 બોર્ડની માહિતી દર્શાવી છે. જેમાં ફી સહિતની તમામ વિગતો ઉપલબ્ધ કરાવી છે.

## 24 લાખના ચેક રીટર્ન કેસમાં જીંગા ફાર્મરને એક વર્ષની કેદ

સુરત | તા.05

જીંગા ફાર્મિંગ તળાવ માટે જમીન ભાડે આપવા પેટે 24 લાખ મેળવ્યા બાદ જમીન નહીં આપતાં નાણાં પરત કરવા ચેક આપ્યા હતા જીંગા ફાર્મીંગના હેતુસર ભાડે જમીન આપવા પેટે આપેલા 24 લાખ પરત કરવા આપેલા બે ચેક રીટર્ન કેસમાં ડુમ્મસ-ભીમપોરના આરોપી જીંગા ફાર્મરને આજે એડીશ્નલ ચીફ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ નિરવકુમાર બી.પટેલે દોષી ઠેરવી એક વર્ષની કેદ,ફરિયાદીને વાર્ષિક 6 ટકાના વ્યાજ સહિત બે મહીનામાં 24 લાખ વળતર પેટે ન ચુકવે તો વધુ બે માસની કેદની સજા ફટકારી છે.
હનુમાન ફેશનના નામે એમ્બ્રોડરી વર્કના ધંધા સાથે સંકળાયેલા ફરિયાદી અશોક રવજીભાઈ ભુવા(રે.ભાગ્યોદય ઈન્ડ.એસ્ટેટ પુણાકુંભારીયા રોડ)એ જતીનપ્રકાશ એકવા ફાર્મના આરોપી સંચાલક પ્રકાશકુમાર ગોવિંદભાઈ માલવીયા(રે.રામજી પ્રેમાની વાડી,સુલતાના બાદ ડુમસ) વિરુધ્ધ રૂ.24 લાખના ચેક રીટર્ન અંગે ખાનગી કોર્ટ ફરિયાદ નોંધાવી હતી.

# વડોદરામાં મોડીરાત્રે પ્લાસ્ટિકની કંપનીમાં અફરાતફરી મચી, શેડ બળીને ખાખ થયો

### જોત-જોતામાં આગે વિકરાળ સ્વરૂપ લીધું: ફાયરે 6 કલાક પાણીનો મારો ચલાવ્યો

(એજન્સી) વડોદરા | તા.05

વડોદરાના જિલ્લાના સાવલી તાલુકાના મંજુસર જીઆઈડીસીમાં ગત મોડીરાત્રે આગનો બનાવ સામે આવ્યો હતો. આ આગ પ્લાસ્ટિક કંપનીમાં લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્લાસ્ટિકની કંપનીમાં આગ લાગતા આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ આગના બનાવ અંગે ફાયર વિભાગની જાણ કરતા ત્રણ ફાયર સ્ટેશનની ચાર ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર ભારે જહેમત બાદ કાબૂ મેળવી હાલમાં કુલિંગની કાર્યવાહી કાર્યવાહી ચાલી રહી છે.

સાવલી જીઆઈડીસીમાં અવારનવાર આગના બનાવો સામે આવતા હોય છે. ગતરાત્રે 11:30 કલાકે ફાયર વિભાગને કોલ મળ્યો હતો કે, કે.બી. પ્લાસ્ટિક નામની કંપનીમાં ભીષણ આગ લાગી છે. આ કોલ મળતા જ ઈઆરસી ફાયર સાથે ટીપી 13 અને દાંડિયાબજાર ફાયર સ્ટેશનની ટીમો ચાર ગાડીઓ સાથે પહોંચી આગને કાબૂમાં લેવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. આગ પ્રચંડ હોવાથી ફાયર વિભાગને ભારે જહેમત બાદ વહેલી સવારે આગ પર કાબૂ મેળવ્યો હતો અને હાલમાં કુલિંગની પ્રક્રિયા હજુ પણ ચાલી રહી છે.



પ્રાથમિક માહિતી મુજબ, આ કંપનીમાં પ્લાસ્ટિકનો વિવિધ સ્ક્રેપ પડેલો હતો અને તેમાંથી દાણા બનાવતી હોવાનું જાણવા મળી રહ્યું છે. આગના બનાવને લઈ કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ કંપનીનો સંપૂર્ણ શેડ બળીને ખાક થઈ ગયો છે અને કંપનનીને મોટાપાયે નુકસાન થયું હોય તેવું જાણવા મળ્યું છે. આ પ્લાસ્ટિક કંપનીમાં આગ હોવાથી ફાયરની ટીમને ભારે જહેમત ઉઠાવવી પડી છે. આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા. ઘટનાસ્થળે રાત્રિનો સમય હોવાથી ફાયરને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. હજુ પણ કુલિંગની પ્રક્રિયા ચાલુ છે અને ત્યારબાદ જ આગ કયા કારણોસર લાગી અને કેટલું નુકસાન થયું છે તે જાણી શકાશે.

### ડીસામાં માથે મુંડન કરી વીડિયો વાઈરલ કરતા 4 સામે ફરિયાદ નોંધવામાં આવી...

# ડીસામાં યુવકને તાલિબાની સજા :અડધી રાત્રે યુવકને બોલાવી પ્રેમિકાના પતિ સહિતના ટોળાએ માર માર્યો

(એજન્સી) ડીસા | તા.05

ડીસા તાલુકાના એક ગામમાં પ્રેમિકાએ યુવકને અડધી રાત્રે લેવા માટે બોલાવી પ્રેમિકાના પતિ સહિત ચાર લોકોએ ધોકા અને પાઈપો વડે માર માર્યો હતો. બાદમાં માથે મુંડન કરી વીડિયો વાઈરલ કર્યો હોવાની ઘટના સામે આવી છે. જે મામલે ચાર લોકો સામે ફરિયાદ નોંધાતા ડીસા તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.
ડીસા તાલુકામાં રહેતા લેબાજી બળવંતજી ઠાકોર ખેત-મજૂરી કરીને જીવન ગુજારે છે અને લેબાજીને આઠ મહિના અગાઉ ડીસાના જ એક ગામની યુવતી સાથે પ્રેમ થઈ જતા તેઓ બંને નાસી ગયાં હતાં. બાદમાં બંને જણાં પકડાઈ જતા યુવકનાં પરિવારજનોએ યુવતીને તેના પરિવારને પરત સોંપી હતી. તે દરમિયાન બે દિવસ અગાઉ પ્રેમિકાએ લેબાજીને ફોન કરી લેવા માટે બોલાવ્યો હતો. જેથી લેબાજી રાત્રે 12 વાગ્યે બાઇક લઈને યુવતીના ગામે સીએનજી પંપ પાસે પહોંચ્યો હતો. જ્યાં યુવતીના પતિ, તેના સસરા અને બે મહિલાઓ સહિત ચાર લોકોએ અપશબ્દો બોલી ગડદાપાટુનો માર માર્યો હતો. તેમજ લેબાજીને બળજબરીપૂર્વક તેમના ઘર તરફ ઉઠાવી જઇ માથે મુંડન કરી તેને માર મારતાનો વીડિયો બનાવ્યો હતો. જેમાં કેટલાક લોકો યુવકને પકડી રાખે છે અને મહિલા તેને માથે મુંડન કરતી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યો હતો. બાદમાં અન્ય લોકોએ સમજાવતા યુવકને ડીસા તાલુકા પોલીસ મથકે લાવી તેના વિરુદ્ધ અરજી કરી હતી. બનાવને પગલે યુવકનાં પરિવારજનો પણ પોલીસ મથકે પહોંચ્યા હતા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત લેબાજીને સારવાર માટે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેને વધુ સારવાર માટે પાલનપુર સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો. તબિયત સુધરતા પીડિત લેબાજી તાલુકા પોલીસ મથકે પહોંચી યુવતીના પતિ, સસરા સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવતા ડીસા તાલુકા પોલીસે વધુ તપાસ કરી છે. આ બનાવ અંગે યુવક લેબાજી ઠાકોર અને તેની માતા ગીતાબેન ઠાકોરે જણાવ્યું હતું કે, 8 મહિના અગાઉ લેબાજી તે યુવતીને લઈ ભાગી ગયો હતો. જો કે યુવતીને તેનાં પરિવારજનોને પરત સોંપી દીધી હતી. તે દરમિયાન ગતરાત્રે યુવતીનો ફોન આવ્યો હતો અને મને લઈ જા નહિતર હું મરી જઈશ એવું કહેતાં લેબાજી યુવતીના ગામે પહોંચ્યો હતો. જ્યાં યુવતીના પતિ, સસરા સહિત 20થી 25 લોકોએ તેની સાથે મારઝૂડ કરી હતી અને માથે મુંડન કરી વીડિયો વાઈરલ કર્યો હતો. જે મામલે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.



## સિંગણપોર જમીન ઠગાઈમાં નિવૃત તલાટીની ધરપકડ...

(એજન્સી) સુરત | તા.05

સિંગણપોરમાં વૃદ્ધાની પિતાની માલિકીની જમીનમાં બોગસ ડોક્યુમેન્ટો બનાવી કરોડોની જમીન બિલ્ડર સહિતની ટોળકીએ વેચી મારી હતી. જેમાં બિલ્ડર ઘનશ્યામ સુતરીયા સહિત 6 જણા સામે ગુનો ગત 14મી જાન્યુઆરીએ સિંગણપોર પોલીસમાં નોંધાયો હતો. આ ગુનામાં સિંગણપોર પોલીસે જે તે વખતના તલાટી અને હાલમાં નિવૃત પ્રભાતસિંહ નાગરજી બારડ (68) (રહે, ભાદા ગામ, વાલક, કામરેજ)ની ધરપકડ કરી છે.
પોલીસે નિવૃત તલાટીને નિવેદન લેવા બોલાવી ધરપકડ કરી છે. આ ગુનામાં અગાઉ 4 પકડાયા છે. પોલીસે જણાવ્યું કે, પ્રભાતસિંહ બારડ સિંગણપોર ગામના તલાટી હતા. તે વખતે જમીન બાબતે તલાટીએ 135 (ડી) નોટિસની બજાવણી કરી હતી. એટલું જ નહિ, મૃતક વ્યક્તિને જીવીત બતાવી તેના રૂબરૂ નિવેદનો લઈ સહી કરી હતી. વેડરોડ પર રહેતા 64 વર્ષીય મધુબેનના પિતા ગગજી પટેલનું અવસાન થયું હતું. અવસાન પછી તેમના પિતાના નામની હરજીવન પટેલે બોગસ પાવર ઓફ એટર્ની બનાવ્યો હતો. આ પાવરના આધારે બિલ્ડર ઘનશ્યામ સુતરીયા, રસીલા, જીગ્નેશ સુતરીયા સહિત 5 જણાએ વેચાણથી લીધી હતી.

### સંક્ષિપ્ત સમાચાર

## પીપોદરાની યાર્ન કંપની રિમોટથી મીટર સાથે ચેડાં કરતી હતી, 7.23 કરોડ દંડ

સુરત | પીપોદરાની યાર્ન કંપનીમાં ડીજીવીસીએલે મધરાતે દરોડો પાડ્યો હતો. કંપની રિમોટથી મીટરને કંટ્રોલ કરીને વીજ વપરાશ ઘટાડતી હતી, જેથી 7.23 કરોડનો દંડ ફટકારાયો છે. એક જ મીટરમાં આટલો મોટો દંડ પહેલી ઘટના છે.
ડીજીવીસીએલની વિજિલન્સ, પોલીસ સહિતની ટીમે બાતમીના આધારે યોગેશ્વર એસ્ટેટમાં મધરાતે 2 વાગ્યે ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં શ્રીરામ ટેક્સોલેન કંપનીના 3 દરવાજાને અંદરથી તાળું મારેલું હતું.
ટીમે દરવાજો કૂદીને અંદર જઈ ચેક કરતાં ટેબલ પરથી રિમોટ મળી આવ્યું હતું. જેનો ઉપયોગ મીટરના એમ્પિયરના કંટ્રોલ માટે થતો હતો. ટીમે કેસ નોંધી દંડ પેટે 6.75 કરોડ તેમજ કંમ્પાઉન્ડિંગના 48 લાખ મળી 7.23 કરોડનું બિલ પકડાવી દીધું હતું. આવી તોતિંગ વીજ ચોરી જોઈને અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.
કંપનીના માલિકે મીટરમાં એક્સપર્ટ પાસે સર્કિટ લગાવી રિમોટથી મીટરનું કંટ્રોલ કરતા હતા.
રિમોર્ટથી વીજ મીટરમાં એમ્પિયર વધારી કે ઘટાડી શકાતો હતો. ફેક્ટરીમાં જ્યારે વધારે વીજળીનો ઉપયોગ થવાનો હોય ત્યારે રિમોર્ટથી મીટરમાં એમ્પિયર ઘટાડી દેવામાં આવતા હતા.

## રાજકોટમાં વારસદાર બની વેપારીએ રૂ.16 લાખ ગુમાવ્યાં

રાજકોટ | વિદેશની બેંકમાં પડેલા મૃત વ્યક્તિના ખાતામાંથી કરોડો રૂપિયાની રકમના ખોટા વારસદાર બનાવી કુલ 65 કરોડથી વધુ રકમમાંથી 26 કરોડ આપવાની લાલચ આપી રાજકોટના વેપારી પાસેથી રૂ.16 લાખ ગઠીયાઓએ ઉસેડી લીધાની ફરિયાદ છે. કોઠારિયા રોડ, મોરારિનગર-5માં રહેતા અને ઓનલાઇન ટ્રેડિંગનું કામકાજ કરતા નિલેશ વલ્લભભાઇ પાધરા નામના વેપારીએ ફેસબુક એકાઉન્ટ ધરાવનાર નતાશા મિત્રા, ત્રણ અલગ અલગ બેંક એકાઉન્ટ ધરાવનાર સહિતનાઓ સામે ફરિયાદ નોંધાવી છે.
વેપારીની ફરિયાદ મુજબ, ગત તા.24-7-2023ના રોજ ફેસબુક પર નતાશા મિત્રાની લિંકમાંથી મેસેજ આવ્યો હતો. જે મેસેજમાં મીઠી મીઠી વાત લખી હતી અને તેમાં એક મેલ આઇડી લખેલું હતું. જેથી તે મેલ આઇડીના આધારે વાતચીત શરૂ કરી હતી. વાતચીતમાં સામે વાળી વ્યક્તિ સિન્થિયા હોવાનું અને તે અમેરિકામાં એનવાયસીબી બેંકમાં ચીફ એડમિન ઓફિસર હોવાનું જણાવ્યું હતું. એટલું જ નહિ તેને તેનું ઓળખ કાર્ડ, બેંક સર્ટિફિકેટ પણ મોકલ્યું હતું. બાદમાં તે વ્યક્તિએ મેસેજમાં જણાવ્યું કે, ભારતના એક બિઝનેસમેન છે. તેમનું મૃત્યુ નીપજ્યું છે અને તેમના નામની 75 લાખ ડોલરની એફડી છે.

## કારખાનાની દીવાલમાં બાકોરું પાડી 1 લાખના પિત્તળના ઘરેણાંની ચોરી

રાજકોટ | શહેરમાં તરખાટ મચાવતા તસ્કરોએ મેંગો માર્કેટમાં આવેલા કારખાનામાંથી રૂ.1 લાખની કિંમતના પિત્તળના ઘરેણાંનો હાથફેરો કરી ગયા છે. આડો પેડક રોડ, ગુજરાત સોસાયટી મેઈન રોડ, શ્યામ પાર્ક-1માં રહેતા કારખાનેદાર વિનોદભાઇ પરસોત્તમભાઇ લીંબાસિયાએ ફરિયાદ નોંધાવી છે.
ફરિયાદ મુજબ, પ્રૌઢ ઈમિટેશનના ઘરેણાં બનાવવાનું કારખાનું ધરાવે છે. જેમાં ત્રણ કારીગરો કામ કરે છે. દરમિયાન ગત તા.31ની સવારે કારીગર કારખાને જતા ચોરી થયાની ખબર પડી હતી. જે અંગેની પોતાને જાણ કરતા પોતે તુરંત કારખાને દોડી ગયા હતા.
તપાસ કરતા તસ્કરો કારખાનાની દીવાલ ટપી અંદર આવી દરવાજાની બાજુની દીવાલમાં બાકોરું પાડી અંદર પ્રવેશ્યા હતા. અને અંદર પડેલા રૂ.એક લાખની કિંમતના 85 કિલો પિત્તળના ઘરેણાંનો હાથફેરો કરી ગયાનું માલૂમ પડ્યું હતું. ચોરીમાં કોઇ જાણભેદુની સંભાવનાએ બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઇ કે.ડી. મારૂએ ગુનો નોંધી તસ્કરનું પગેરું મેળવવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## કુખ્યાત બૂટલેગર લાલુ સિંધી 8મી વાર પાસા હેઠળ જામનગર જેલમાં

વડોદરા | વિદેશી દારૂની ગુનાહીત પ્રવૃતીમાં સંકળાયેલા બુટલેગર લાલચંદ ઉર્ફે લાલુ સીંધીની પાસા હેઠળ અટકાયત કરી ક્રાઇમ બ્રાન્ચે એને ઝડપી જામનગર જેલમાં મોકલી આપ્યો છે.
શહેરના માંજલપુર, મકરપુરા, સીટી, બાપોદ, લક્ષ્મીપુરા,વારસીયા તેમજ નવસારી અને વાઘોડીયા પોલીસ સ્ટેશનના ૧૦ થી વધુ ગુનાના નાસતા ફરતા આરોપી લાલચંદ ઉર્ફે લાલુ હેમનદાસ ખાનાની (સીંધી) તમામ ગુનાઓના કામે આ આરોપીની ધરપકડ કરાઈ હતી. લાલુ સિંધી તાજેતરમાં તમામ ગુનાઓમાં જામીન પર મુક્ત થયો હતો. લાલુ સીંધી વિદેશી દારૂની ગેરકાયદેસરની ગુનાહીત પ્રવૃતી સાથે સક્રીય રીતે સંકળાયેલો હતો.જેથી આ ઈસમની વિદેશી દારૂની ગુનાહિત પ્રવૃતિ અંકુશમાં આવે તેમાટે ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાથી પાસા વોરંટ જારી કર્યું હતું ડીસીબીએ લાલુ સીંધીને આબુ રોડ ખાતેથી ઝડપી પાસા હેઠળ અટકાયત જાપ્તા સાથે જામનગર જીલ્લા જેલ મોકલી આપવામાં આવ્યો છે. લાલુ સીંધી સામે વડોદરા શહેરના તથા વડોદરા ગ્રામ્યના જુદા જુદા પોલીસ સ્ટેશનો ઉપરાંત ભરૂચ, સાણંદ પોલીસ સ્ટેશનમાં વિદેશી દારૂ તેમજ ખુનની કોશીશ કુલ ગુનાઓમાં પકડાયેલ છે.

# બોડેલીના ઢોકલીયા ત્રણ રસ્તા પાસે બાઇકના શોરૂમમાં ભીષણ આગ

(એજન્સી) બોડેલી | તા. 05

બોડેલીના ઢોકલીયાના બાઇકના હોન્ડા શોરૂમમાં સવારે ભીષણ આગ લાગી હતી.ફાયર ફાઇટરના અભાવે આગ વધુ પ્રસરી જતાં બંને આગમાં લપેટાઇ ગયા હતા. બોડેલીના ઢોકલીયા ત્રણ રસ્તા પાસે આવેલા હોન્ડા બાઇકના શોરૂમમાં આજે સવારે ૫.૩૦ કલાકે આકસ્મિક આગ લાગી હતી. ગઈકાલે નવી બાઇક અને મોપેડનો જથ્થો આવ્યો હતો. શોરૂમ મૂકેલ બધી ૩૦ જેટલી બાઇક મોપેડ સળગી ગઈ હતી.આગની ગરમીને લઈ બાઇક ના મેક વ્હીલ પણ ઓગળી ગયા હતા. બોડેલી બજાર સમિતિ ફાયરફાઇટરને જાણ કરતા ફાયરફાઇટર પણ આવી ગયું હતું પરંતુ શોરૂમના આગળ શટર બંધ હોવાથી પાણીનો છંટકાવ કરવામાં મુશ્કેલી પડતા જેસીબીની મદદથી શોરૂમના શટર તોડી નાંખી અંદર પાણી છંટકાવ કરવાનો પ્રયત્ન કરતા ફાયરફાઇટર ખોટકાયું હતું.તે બાદ છોટાઉદેપુરથી ફાયર ફાઇટર આવતા તેને પાણી મારો ચાલુ કર્યો હતો ત્યાં સુધી શોરૂમમાં બધુ સળગીને ખાખ થઇ ગયુ હતુ. બોડેલીએ છોટાઉદેપુર જિલ્લાના મધ્યમમાં આવેલું છે.બોડેલીથી નસવાડી ૩૦ કિમી, સંખેડા ૨૦ કિમી, પાવીજેતપુર ૧૫ કિમીના અંતરે આવેલુ છે.આ બધા ગામો કોઈ ફાયરફાઇટર સ્ટેશન આવેલા નથી.છોટાઉદેપુર ફાયરફાઇટર આવતા કલાકો સમય લાગે છે ત્યાં સુધી આગ વિરાટ રૂપ ધારણ કરી લે છે.છોટાઉદેપુર જિલ્લાના મધ્ય બોડેલીમાં ફાયરફાઇટરનું સ્ટેશન ઉભું કરે તો અનેક ગામોને તેનો લાભ મળી શકે છે.સમયસર ફાયરફાઇટર પહોંચે તો નુકસાન પણ ઓછું થયા તેમ છે.બોડેલી વિસ્તારમાં ૨૦૦ થી વધુ ગામો આવેલા છે.આ ગામો વચ્ચે માત્ર બોડેલી બજાર સમિતિનો એક નાનો ફાયરફાઇટર છે ,જે પણ ખખડધજ હાલતમાં હોવાથી આજે જરુરત પડતા તેનો જોઈન્ટ છૂટો પડી જતાં આવી કટોકટીમાં સમયનો વેડફાટ થયો હતો.સદનસીબે ઘટના સ્થળે હાજર લોકો અને ફાયરફાઇટર ચાલક રીપેરીંગ કરતા ફરી ફાયરફાઇટર ચાલુ થયો હતો.

# રજૂઆત કરતો હોવાની અદાવતે 3 શખ્સનો રેણા ગામના ભૂતપૂર્વ સરપંચ પર હુમલો

**• જાતિ વિષયક શબ્દ બોલી અપમાનિક કરતા શહેરા પોલીસ મથકે એટ્રોસિટીની ફરિયાદ નોંધાઇ**

(એજન્સી) શહેરા | તા. 05

શહેરા તાલુકાના મોરવા ગામે કલેક્ટર અને ખાણ ખનીજ વિભાગમાં રજૂઆતો કરતો હોવાની અદાવતે ૩ ઈસમોનો રેણા ગામના ભૂતપૂર્વ સરપંચ પર હુમલો કરી જાતિ વિષયક શબ્દ બોલી અપમાનિત કરતા શહેરા પોલીસ મથકે એક્ટ્રોસિટીની ફરિયાદ નોંધાઇ હતી.રેણા ગામના વતની અને રેણાં ગ્રામ પંચાયતના ભૂતપૂર્વ સરપંચ નટુભાઈ ધનાભાઈ પરમાર મંગળવારના રોજ તેઓના મિત્ર રાહુલ તલારની મોરવા (રેણા) ગામે આવેલી કાપડની દુકાને બેઠા હતા.તે વખતે એક અજાણ્યા નંબર પરથી મોબાઈલ પર ફોન આવતા સામેથી મેહુલ બોલું છું અને મળવું છે ,એમ કહેતા તેઓએ મોરવા (રેણા) ગામે



બેઠા હોવાનું જણાવ્યું હતું.તે બાદ અંદાજીત ૫:૩૦ વાગ્યે એક ગાડી આવી જ્યાં નટુભાઈ બેઠા હતા. તે દુકાન પાસે આવી મેહુલ ભીખાભાઈ પટેલ રહે.ગોકળપુરા, ધર્મેન્દ્ર મુળજીભાઈ પટેલ રહે.મોરવા(રેણા) અને જાબર ઉર્ફે જીગ્નેશ ભૂરારામ ચૌધરી રહે.લુણાવાડા, જિલ્લો મહીસાગરે નટુભાઈને બોલાવતા નટુભાઈ ગાડી પાસે જતા મેહુલે તું ખાણ ખનીજ પ્રાંત કલેક્ટરમાં કેમ રજૂઆત કરે છે તેમ કહી ગાળો બોલવા લાગ્યા હતા અને ત્રણેય શખ્સ નટુભાઈ પર તૂટી પડતા માર મારવા લાગેલા અને જાતિ વિષયક શબ્દો બોલી અપમાનિત કરતા ભૂતપૂર્વ સરપંચ નટુભાઈએ બૂમાબૂમ કરતા ત્રણેય ગાડીમાં બેસી નાસી છૂટયા હતા અને આગળ ઉભા છે એવું જતા જતા જણાવ્યું હતું,આથી રેણા ગામના પૂર્વ સરપંચે શહેરા પોલીસ મથકે આવી ૩ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય સામે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**• બે વ્યક્તિઓ સહિત છ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો**

# બીજી પત્ની અને સંતાનોએ ખોટું પેઢીનામુ બનાવી કરોડની જમીન પચાવી પાડી

(એજન્સી) ગાંધીનગર | તા. 05

ગાંધીનગર શહેર નજીક આવેલા વડોદરા ગામમાં પ્રથમ પત્નીની હયાતીમાં મૃતકની બીજી પત્ની અને સંતાનોએ ખોટું પેઢીનામુ બનાવીને કરોડોની જમીન પચાવી પાડી હોવા અંગે ડભોડા પોલીસ મથકમાં ફરિયાદ કરવામાં આવતા પોલીસે સાક્ષીમાં સહી કરનાર બે વ્યક્તિઓ સહિત કુલ છ સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે. દીકરી અને દીકરાને ભરણપોષણ પણ ચૂકવવામાં આવ્યું હતું અને ત્યારબાદ પતિ દ્વારા આ ભરણપોષણ નહીં ચૂકવવામાં આવતા તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી. ત્યારબાદ તેમના પતિએ મંજુલાબેન નામની મહિલા સાથે બીજા લગ્ન કર્યા હતા અને જેમાં તેમને બે દીકરા પવન અને પૃથ્વી તેમજ એક દીકરી રાજુલા છે. તેમના પતિની વડીલોપારજીત જમીન વડોદરા ગામની સીમમાં આવેલી છે. વર્ષ ૨૦૧૨માં ઉદયસિંહનું અવસાન થયું હતું. જેના પગલે ગામના આગેવાનો દ્વારા તમામ મિલકત બંને પત્નીઓને વહેંચી લેવા જણાવ્યું હતું. જોકે મંજુલાબેન અને તેમના સંતાનો દ્વારા ખોટું પેઢીનામુ બનાવીને સુધાબેન તેમજ તેમના સંતાનોના નામ દર્શાવ્યા વિના વર્ષ ૨૦૧૩માં વારસાઈ નોંધ પડાવી દેવામાં આવી હતી અને જમીન પણ બારોબાર વેચી દેવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય જમીનમાં પણ વર્ષ ૨૦૧૯માં વારસાઈ કરાવી હતી. પોલીસ મથકમાં મંજુલાબેન તેમજ તેમના સંતાનો અને પેઢીનામાં સહી કરનાર બે સાક્ષી અરવિંદભાઈ નેનાજી ઠાકોર અને દિનેશભાઈ બચુજી ઠાકોર સહિત છ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# ટાણા બસ સ્ટેન્ડ પાસે બાઈક સ્લીપ થતાં આધેડનું મોત થયું

**• ઈજાગ્રસ્તે સારવાર દરમિયાન હોસ્પિટલ બીછાને દમ તોડયો**

(એજન્સી) સિહોર | તા. 05

સિહોર તાલુકાના ટાણા ગામના બસ સ્ટેન્ડ પાસે બાઈક સ્લીપ થતાં ગંભીર ઈજા પામેલા ભાવનગરના આધેડનું હોસ્પિટલ બીછાને મોત થયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર ભાવનગર શહેરના રીંગ રોડ, લીલાપાર્ક, પ્લોટ નં.૩૪માં રહેતા અનિલભાઈ ભુપેન્દ્રભાઈ જાની (ઉ.વ.૫૫) ગત તા.૨-૪ના રોજ તેમનું બાઈક લઈ ટાણા ગામે જઈ રહ્યા હતા. ત્યારે ટાણા ગામના એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે વળાંકમાં પહોંચતા કાબૂ ગુમાવી લેતા બાઈક સ્લીપ થઈ ગઈ હતી. જે બનાવમાં અનિલભાઈ જાનીને માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવારમાં



ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન ઈજાગ્રસ્ત આધેડનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે પરેશભાઈ ભુપેન્દ્રભાઈ જાની (ઉ.વ.૫૪, રહે, સાગવાડી, કાળિયાબીડ, સીતારામ સ્ટ્રીટ)એ આપેલી જાહેરાતના આધારે સિહોર પોલીસે અકસ્માતે મોતની એન્ટ્રી કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**યુવકે અગાઉ થયેલી મારામારીના કેસમાં 1.10 લાખ ચૂકવ્યા હતા**

# કલોલમાં કોર્ટના સમાધાન પેટે વધુ પૈસા લેવા સારું યુવક ઉપર છરા વડે હુમલો

(એજન્સી) કલોલ | તા. 05

કલોલ શહેરના પૂર્વ વિસ્તારમાં રહેતો યુવક રાત્રીના સમય નાસ્તો કરવા આવ્યો હતો ત્યારે મોપેડ ઉપર આવેલા યુવકે તેની ઉપર છરા વડે હુમલો કરી દીધો હતો તે તેનાથી બચવા માટે ઘરે ભાગ્યો હતો પણ તેને ઘેરી લેવામાં આવ્યો હતો અને ત્યારબાદ તેની ઉપર ફરીથી છરા વડે હુમલો કરવામાં આવ્યો હતો બનાવ અંગે તેણે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ ચલાવી છે.કલોલ શહેર પોલીસ મથકમાં જનકભાઈ દશરથભાઈ ભાટીએ અજયસિંહ અજીતસિંહ ચાવડા સામે ફરિયાદ નોંધાવી છે આ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે તે રાત્રિના સમયે નાસ્તો કરવા માટે માર્કેટ યાર્ડના બ્રિજ નીચે આવ્યો હતો અને નાસ્તો કરીને તે ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે એકટીવા ઉપર આવેલ અજયસિંહ એ તેની ઉપર તલવાર વડે હુમલો કરી દીધો હતો જેથી તે બચવા માટે પોતાનું એકટીવા લઈને ઘર તરફ ભાગ્યો હતો પણ અજય સિંહ અને તેના માણસોએ તેને સોસાયટી વચ્ચે ઘેરી લીધો હતો અને ફરીથી તેની ઉપર હુમલો કર્યો હતો આ હુમલામાં તેને છરા વડે માર મારવામાં આવતા ઈજાઓ પહોંચી હતી તેને પોલીસ મથકમાં જણાવ્યું છે કે અગાઉ થયેલ મારામારીના કેસમાં સમાધાન પેટે તેણે રૂપિયા ૧,૧૦,૦૦૦ અજયસિંહને આપ્યા છે અને વધુ પૈસા લેવા માટે તેણે હુમલો કર્યો છે તેવી ફરિયાદ નોંધાવી છે બનાવવ અંગે પોલીસે ગુનો દાખલ કરી તપાસ ચલાવી છે.

# સગીરા ઉપર દુષ્કર્મ કરી હત્યાનો પ્રયાસ કરનારા આરોપીને 20 વર્ષની સખત કેદ

**• ગાંધીનગર પોક્સો કોર્ટ દ્વારા ચુકાદો અપાયોથ સગીરાને ચાર લાખનું વળતર ચૂકવવા પણ હુકમ કરવામાં આવ્યો**

(એજન્સી) ગાંધીનગર | તા. 05

જિલ્લાના માણસા તાલુકાના લીંબોદરા ખાતે બે વર્ષ અગાઉ સગીરાનું અપહરણ કરીને તેની ઉપર દુષ્કર્મ આચરીને કટર વડે હત્યાનો પ્રયાસ કરનાર આરોપીને ગાંધીનગર સ્પેશિયલ પોક્સો કોર્ટ દ્વારા ૨૦ વર્ષની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે અને ૨૫,૦૦૦ના દંડની સાથે સગીરાને ચાર લાખ રૂપિયા વળતર ચૂકવવા પણ હુકમ કરવામાં આવ્યો હતો. આ કેસની મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લીંબોદરા ખાતે ધોરણ ૧૨ માં અભ્યાસ કરતી સગીરા પરીક્ષા આપીને ઘરે જઈ રહી હતી તે દરમિયાન ગામમાં રહેતા સંજય ઉર્ફે લાલો સેંધાજી ઠાકોર દ્વારા આ સગીરાને તેના કાકા બોલાવી રહ્યા છે તેમ કહીને બાઈક પર બેસાડી અમરાપુરા સાબરમતી નદીની કોતરોમાં લઈ જવામાં આવી હતી. જ્યાં તેની સાથે બળ જબરીથી શરીર સંબંધ બાંધીને કટર વડે તેની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. હુમલો કરીને આ આરોપી ત્યાંથી ભાગી ગયો હતો તે દરમિયાન સગીરા પણ ગંભીર હાલતમાં કોતરો પાસે મજૂરોની નજીક પહોંચી હતી અને ત્યારબાદ તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

# ભાટ સર્કલ પાસેથી યુવાનને રિક્ષામાં બેસાડી મોબાઈલ સેરવી લેવાયો

**■ નાનાચિલોડાનો યુવાન નોકરી ઉપર જવા માટે નીકળ્યો હતો ત્યારે નિશાન બનાવાયો**

(એજન્સી) ગાંધીનગર | તા. 05

ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાં રિક્ષામાં મુસાફરોને બેસાડી તેમના કિંમતી માલસામાનની ચોરી કરી લેતી ગેંગનો તરખાટ વધી રહ્યો છે ત્યારે ભાટ સર્કલ પાસે વધુ એક યુવાનને રિક્ષામાં બેસાડીને તેનો મોબાઈલ સેરવી લેવાની ઘટના પ્રકાશમાં આવી છે. જે સંદર્ભે પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરમાં ચોરીની ઘટનાઓની સાથે ગઠીયા ટોળકી સતત સક્રિય રહે છે ત્યારે રીક્ષા ગેંગે વધુ એક યુવાનને નિશાન બનાવ્યો છે. જે અંગે મળતી વિગતો પ્રમાણે હાલ નાના ચિલોડા ખાતે આવેલી બેવલી હિલ્સ વસાહતમાં રહેતો અને અમદાવાદ ચાંગોદર જીઆઈડીસીમાં ખાનગી ફાર્મા કંપનીમાં ડેપ્યુટી મેનેજર તરીકે ફરજ બજાવતો યુવાન કૌશલ રવજીભાઈ રૈયાણી ગત મંગળવારના રોજ સવારે ઘરેથી વૈષ્ણોદેવી સર્કલ જવા માટે નીકળ્યો હતો તે દરમિયાન એપોલો સર્કલ પાસે એક રીક્ષા તેની પાસે આવી હતી. જેમાં બેઠો હતો




જોકે આગળ જતા રીક્ષાના ડ્રાઈવર દ્વારા મને ફાવતું નથી તેમ કહીને યુવાનને પાછળ બેસાડી દેવામાં આવ્યો હતો. જેમાં અગાઉથી બે મહિલા અને પુરુષ સવાર હતા. આ દરમિયાન અગોરા મોલથી તપોવન સર્કલ તરફ જતા તેને નીચે ઉતારી દેવામાં આવ્યો હતો. જો કે યુવાનને શંકા જતા તેણે તપાસ કરતાં ખિસ્સામાં રહેલો તેનો મોબાઈલ ચોરાયો હોવાનું જણાયું હતું. તેણે તુરંત જ ફોન લગાવતા ફોન બંધ આવતો હતો. જેથી રિક્ષામાં સવાર ગેંગ દ્વારા તેને નિશાન બનાવી દેવાયો હોવાનો અંદાજ આવી જતા અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ આપી છે. જેના આધારે પોલીસે ગુનો દાખલ કરીને આ ટોળકીને પકડવા માટે મથામણ શરૂ કરી છે. છેલ્લા એક અઠવાડિયાથી આ વિસ્તારમાં આ ટોળકી દ્વારા ત્રણથી વધુ વ્યક્તિઓને નિશાન બનાવવામાં આવ્યા છે પરંતુ આ ગઠિયાઓ નહીં પકડાવાને કારણે સતત મુસાફરો આ પ્રકારની ચોરીનો ભોગ બની રહ્યા છે.

# વરતેજ-સિદસર રોડ પર 4 વાહનમાં આગ, બે દાઝ્યા

**■ રિપેરીંગ માટે આવેલા ટ્રકમાં અચાનક આગ ભભૂકી**

(એજન્સી) ભાવનગર | તા. 05

વરતેજ-સિદસર રોડ પર રિપેરીંગ માટે આવેલા ટ્રકમાં આગ ભભૂકી ઉઠતા અન્ય બે ટ્રક અને બાઈક આગની લપેટમાં આવી ગયા હતા. આ આગની ઘટનામાં બે કારીગર પણ દાઝ ગયા હતા.પ્રાપ્ત માહિતી અનુસાર વરતેજ-સિદસર રોડ પર આવેલ મારૂતિનંદન વેલ્ડીંગ વર્કસમાં રિપેરીંગ માટે આવેલા એક ટ્રકમાં આજે બપોરના સમયે આગ લાગી હતી. જે વધુ ફેલાતા બે ટ્રક અને એક બાઈકને પણ લપેટમાં લીધી હતી. ઘટનાની જાણ થતાં ભાવનગર ફાયર સ્ટાફે દોડી જઈ પાણીનો મારો ચલાવી આગ બૂઝાવી નાંખી હતી. જ્યારે આગનો બનાવ બન્યો ત્યારે અહીં કામ કરી રહેલા સંતોષભાઈ દેવજીભાઈ ડાભી અને રમેશભાઈ નામના વ્યક્તિ દાઝી જતાં તેઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા



હોવાનું મારૂતિનંદન વેલ્ડીંગ વર્કસના માલિક વિજયભાઈ પ્રજાપતિએ વાતચીતમાં જણાવ્યું હતું. આગની ઘટનામાં મિતેશભાઈ ડાંગરની માલિકીના ટ્રક નં.જીજે.૧૦.ટીટી.૭૯૯૩, કલ્પેશભાઈ ડાંગરના ટ્રક નં.જીજે.૦૪.વી.૭૫૦૩ અને રફિકભાઈના ટ્રક નં.જીજે.૦૪. એચ.૭૭૦૦ તેમજ જયદીપસિંહ ગોહિલની બાઈક નં.જીજે.૦૪. બીસી.૦૦૨૩ને નુકશાન થયું હતું. આગ લાગવાનું કારણ કે નુકશાની જાણવા મળી શકી ન હોવાનું ફાયર સૂત્રોએ જણાવ્યું છે.

# ગાંધીનગર દક્ષિણ બેઠકમાં પાંચ વર્ષમાં 66 હજાર મતદારો વધ્યાં

(એજન્સી) ગાંધીનગર | તા. 05

અમદાવાદ પૂર્વ સંસદીય વિસ્તારમાં આવતી ગાંધીનગર દક્ષિણની બેઠક વિસ્તારની દ્રષ્ટીએ તો મોટી છે જ પરંતુ ગાંધીનગર જિલ્લામાં મતદારોની દ્રષ્ટીએ પણ દક્ષિણની બેઠક અન્ય વિધાનસભાની બેઠક કરતા મોટી છે. હાલની સ્થિતિએ ગાંધીનગર ગ્રામ્ય તથા ગાંધીનગર-અમદાવાદ કોર્પોરેશન વિસ્તારથી બનેલી આ બેઠકમાં કુલ ૩.૯૦ લાખ મતદારો છે જે વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી વખતે નોંધાયેલા ૩.૨૪ લાખ મતદારો કરતા ૬૬,૧૫૮ જેટલા વધુ છે.

દક્ષિણની બેઠકમાં વધતા મતદારોની સંખ્યા પાછળ ન્યુ ગાંધીનગરનો વિકાસ પણ જવાબદરાર છે.જેના કારણે ગાંધીનગર ઉત્તરની બેઠકમાં મતદારોની સંખ્યા ઘટી છે જ્યારે ગાંધીનગર દક્ષિણની બેઠકમાં છેલ્લા ૧૫ મહિનામાં ૧૭ હજાર જેટલા મતદારો જયારે છેલ્લા પાંચ વર્ષમાં ૬૬ હજાર મતદારોનો વધારો તયો છે.ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકમાં વર્ષ ૨૦૨૨ની ડિસેમ્બર દરમ્યાન કુલ ૩,૭૩,૨૩૩ મતદારો નોંધાયા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### શહેરના ભરતનગરમાં યુવાનને કુટુંબી ભાઈએ છરીનો ઘા ઝીંક્યો

ભાવનગર | શહેરના ભરતનગર વિસ્તારમાં યુવાનને તેના કુટુંબી ભાઈએ છરીનો એક ઘા ઝીંકી લોહિયાળ ઈજા કરતા ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.પ્રાપ્ત વિગત મુજબ શહેરના ભરતનગર, માલધારી સોસાયટી સામે આવેલ અભિનવ પાર્ક સોસાયટીમાં રહેતા પિયુષભાઈ નટુભાઈ નારીગરા (ઉ.વ.૩૮)ના પિતા નટુભાઈએ તેના કુટુંબી નિલેશ અશોકભાઈ ભુતૈયાની માતાએ સાચવવા આપેલા સોનાના દાગીનાને ૨૦ વર્ષ પૂર્વે સંજોગો વસાત વેચી બાદમાં તેમણે નવો દાગીનો કરાવી આપ્યો હતો. આ નવા દાગીનામાં વજન ઓછું હોવાનું નિલેશ ભુતૈયા મનોમન માનતો હોય, જેથી આ શખ્સ નટુભાઈ અને તેમના પુત્ર પ્રશાંતભાઈને ખોટી રીતે ફોન કરી પરેશાન કરતો હોવાથી પિયુષભાઈએ ગઈકાલે તેને ફોન કરવાની ના કહેતા બોલાચાલી થઈ હતી. આ બનાવ બાદ રાત્રે ૯-૪૫ વાગ્યા આસપાસ નિલેશ અશોકભાઈ ભુતૈયાએ બાઈક લઈ આવી પિયુષભાઈને પગના ભાગે છરીનો એક ઘા ઝીંકી લોહિયાળ ઈજા પહોંચાડી શખ્સ નાસી છૂટયો હતો. જ્યારે ઈજાગ્રસ્ત નિલેશભાઈ નારીગરાને સારવાર અર્થે સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે ઈજાગ્રસ્ત યુવાને તેના કુટુંબી ભાઈ સામે ભરતનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### બાલાસિનોરમાં ફગવા જકાતનાકા પાસે ગમખ્વાર અકસ્માત : બે જણાંના મોત

બાલાસિનોર | બાલાસિનોર - વીરપુર રોડ પર આવેલા ફગવા જકાત નાકા પાસે ગુરૂવારે મોડી સાંજે ગમખ્વાર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં એક મહિલા અને એક પુરુષના કમકમાટી ભર્યા મોત નીપજ્યા હતા .પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર વીરપુર રોડ પર આવેલા ફાગવા જકાતનાકા પાસે ઇઓન ગાડી અને એક્ટિવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં રસ્તા પર જતી અન્ય મોટર સાઇકલ પણ આ અકસ્માતનો ભોગ બની હતી .જેમ ઘટના સ્થળે વીરપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ તુલસીબેન અને યુવકનું ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું. મૃતક યુવકની ઓળખ હાલ થઈ ન હતી તેમ પોલીસે જણાવ્યું હતું .જ્યારે ગમખ્વાર અકસ્માત સર્જાતા આસપાસના ટોળેટોળા વળી ગયા હતા જ્યારે અન્ય મોટરસાયકલ સવારને ઈજાઓ પોહચતાં નજીક હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

### ભાવનગરના મહુવા શહેર નજીક સિંહના આંટાફેરા, લોકોમાં ફફડાટ

ભાવનગર | ભાવનગરના મહુવા શહેર નજીક સિંહના આંટાફેરા વધી ગયા છે. જેમાં મોટા જાદરા ચોકડી નજીક 4થી 5 સિંહ દેખાયા છે. તેમાં લોકોએ બાઈકની લાઈટ કરી સિંહને પરેશાન કર્યા છે. ત્યારે સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઇ રહ્યો છે.મહુવા નજીક આવેલ મોટા જાદરા ચોકડી નજીક રહેણાંક વિસ્તારમાં સિંહ જોવા મળ્યા છે. જેમાં રાત્રિના સમયે લગભગ 4 થી 5 સિંહો જોવા મળ્યા છે. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેને નિહાળવા લોકોએ પોતાના ટુ વ્હીલર અને ફોરવ્હિલર વાહનો થભાવ્યા છે. જેમાંથી કોઈએ તેનો વીડીયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે. સિંહ રહેણાક વિસ્તારમાં આવ્યા હોવાથી લોકોએ બાઈકની લાઈટ કરી પરેશાન કર્યા હતા. પરંતુ ફોરેસ્ટ વિભાગ અજાણ રહ્યું છે. જેમાં સિંહ રહેણાંક વિસ્તારમાં આશરે 5 કલાક આંટાફેરા માર્યા પણ ફોરેસ્ટ વિભાગના કોઈ અધિકારી ફરકયા નથી. અમરેલી, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાનાં વિવિધ વિસ્તાર સુધી સિંહ પહોંચી ગયા છે. તેમજ વિસ્તારમાં આવતા સિંહનો વીડિયો વારંવાર સામે આવે છે. ત્યારે તાજેતરમાં જ સિંહનો વીડિયો સામે આવ્યો છે. ગીર સોમનાથ જિલ્લાના ઉના શહેરના ગીર ગઢડા રોડ પર આવેલ જશરાજ સોસાયટીમાં 4 સિંહ લટાર મારતા વીડિયો વાયરલ થયો હતો.

### સમયસર સભામાં ન પહોંચતા વિધાર્થિનીને બાથરુમમાં વોર્ડને બંધ કરી, પોલીસ ફરિયાદ નોધાવી ન્યાયની માગ કરી

વલસાડ | વલસાડના ધરમપુર ખાતે આવેલી સ્વામિનારાયણ સંસ્થાની હોસ્ટેલની વિદ્યાર્થીને બાથરુમમાં બંધ કરાઈ હોવાની ઘટના સામે આવી છે. વિદ્યાર્થિની સમયસર સભામાં ન પહોંચતા તેને બાથરૂમમાં બંધ કરવામાં આવી હતી. વલસાડના ધરમપુર ખાતે આવેલી સ્વામિનારાયણ સંસ્થાની હોસ્ટેલની વિદ્યાર્થીને બાથરુમમાં બંધ કરાઈ હોવાની ઘટના સામે આવી છે. વિદ્યાર્થીની સમયસર સભામાં ન પહોંચતા તેને બાથરૂમમાં બંધ કરવામાં આવી હતી. કલાકો સુધી બાથરૂમમાં બંધ રહેતા વિદ્યાર્થીનીની તબિયત લથડી હતી. હોસ્ટેલ સંચાલકોની બેદરકારી સામે વિદ્યાર્થીનીના પરિવારે આરોપ લગાવ્યો છે. આ ઉપરાંત પરિવારે પણ આરોપ લગાવ્યો છે કે વિદ્યાર્થીની તબિયત લથડી હોવા છતા સમયસર વિદ્યાર્થીનીને હોસ્પિટલમાં લઈ જવામાં આવી ન હતી. હોસ્ટેલની વોર્ડનને વિદ્યાર્થીનીને બાથરૂમમાં બંધ કરતા વિવાદ સર્જાયો છે. રાત્રે હોસ્પિટલમાં વિદ્યાર્થીની સારવાર કરાવી પોલીસમાં ફરિયાદ કરી છે. આદિવાસી વિદ્યાર્થીની ને ન્યાય ન મળે તો રસ્તા પર ઉતરવાની ચીમકી પરિવારે આપી છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.



**વૃષભ (બ,વ,ઉ)**
લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે.



**મિથુન (ક,છ,ઘ)**
તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે.



**કર્ક (ડ,હ)**
તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે.



**સિંહ (મ,ટ)**
આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે.



**કન્યા (પ,ઠ,ણ)**
સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે.



**તુલા (ર,ત)**
આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો.



**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો.



**ધન (ભ,ધ,ફ)**
તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.



**મકર (ખ,જ)**
આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે.



**કુંભ (ગ,શ,સ)**
આજે તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**
આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

દેશના કેટલાક શહેરોમાં ઊંચા ભાવને ધ્યાનમાં રાખી સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ બેમુદત લંબાવ્યો છે

# યુએઈને વધુ 10,000 ટન ડુંગળી નિકાસ કરવાનો સરકારનો નિર્ણય

(એજન્સી) મુંબઈ | તા. 05

નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટસ લિ. (એનસીઈએલ) મારફત ભારતે યુનાઈટેડ આરબ અમીરાતસ ખાતે વધુ ૧૦,૦૦૦ ટન ડુંગળી નિકાસની પરવાનગી આપી છે. ગયા મહિને ૧૪૪૦૦ ટન ડુંગળી નિકાસ છૂટ અપાઈ હતી.ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)ના નોટિફિકેશન પ્રમાણે, ૧લી માર્ચ ૨૦૨૪ના રોજ જારી કરાયેલા કવોટા ઉપરાંતની આ નિકાસ છૂટ અપાઈ છે. દેશમાંથી કાંદાની નિકાસ પર બેમુદત પ્રતિબંધ લાગુ કરાયો છે પરંતુ કોઈ દેશની સરકારની વિનંતી પર ભારત સરકાર તેમને કાંદાનો પૂરવઠો પૂરો પાડે છે. દેશના કેટલાક શહેરોમાં ઊંચા ભાવને ધ્યાનમાં રાખી સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ બેમુદત લંબાવ્યો છે. લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી આ નિર્ણય આવી પડયો છે. ભારત ડુંગળીનો સૌથી મોટો નિકાસકાર દેશ છે. ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ જે ૩૧મી માર્ચ સુધી હતો તે બેમુદત લંબાવવામાં આવ્યો હોવાનું ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)ના સુત્રોએ બે સપ્તાહ પહેલા જણાવ્યું હતું. કાંદાના ભાવ એકંદરે નીચે આવી જતા નિકાસ પ્રતિબંધ ઉઠાવી લેવાશે તેવી ટ્રેડરોને આશા હતી. ગયા નાણાં વર્ષમાં ભારત દ્વારા ૨૫ લાખ ટન ડુંગળીની નિકાસ કરવામાં આવી હતી. દેશમાં મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં ડુંગળીનું સૌથી વધુ ઉત્પાદન થાય છે.પોતાની ડુંગળીની આવશ્યકતા માટે બંગલાદેશ, યુએઈ, નેપાળ, મલેશિયા સહિતના કેટલાક દેશો ભારત પર નિર્ભર કરે છે. કાંદાની નિકાસ બજારમાં ચીન તથા ઈજિપ્ત ભારતના સ્પર્ધક દેશો છે. એશિયાના દેશોની આયાતમાં પચાસ ટકાથી વધુ કાંદા ભારત ખાતેથી જાય છે.



## ભારતીય શેરબજારમાં ઐતિહાસિક તેજી, સેન્સેક્સ-નિફ્ટી હાઈ રેકોર્ડ પર ખુલ્યા

મુંબઈ | ભારતીય શેરબજારમાં ઐતિહાસિક તેજી જોવા મળી છે અને સ્થાનિક બજાર નવા રેકોર્ડ ઊંચાઈ પર ખુલ્યું છે. સેન્સેક્સ-નિફ્ટીએ નવો ઈતિહાસ રચ્યો છે. માત્ર 10 દિવસમાં સેન્સેક્સ-નિફ્ટીએ ત્રીજી વખત ઓલ-ટાઇમ હાઈનું નવું સ્તર બનાવ્યું છે. બેન્ક નિફ્ટી 48,800ની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી ગયો છે અને મિડકેપ ઈન્ડેક્સ પ્રથમ વખત 50,000ની સપાટી વટાવી ગયો છે. BSE સેન્સેક્સ 537 પોઈન્ટ અથવા 0.73 ટકાના રેકોર્ડ હાઈ પર 74,413.82 પર ખુલ્યો જે તેની ઐતિહાસિક હાઈ લેવલ છે. NSEનો નિફ્ટી 157.45 પોઈન્ટ અથવા 0.70 ટકાના પ્રભાવશાળી વધારા સાથે 22,592.10 પર ખુલ્યો હતો.સેન્સેક્સના 30માંથી 28 શેરો ઉછાળા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા અને માત્ર 2 શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. NSE નિફ્ટીના 50 શેરોમાંથી 45 શેર ઉછાળા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા જ્યારે માત્ર 5 શેર જ ઘટાડા સાથે જોવા મળ્યા હતા.બેન્કિંગ અને મેટલ્સ શેરો મજબૂત છે અને આજે તે બજારને મોટા ઉછાળા તરફ લઈ જવામાં સૌથી મોટો ટેકો છે.BSE પર માર્કેટનું માર્કેટ કેપ રૂ. 399.99 લાખ કરોડ સુધી પહોંચી ગયું છે અને તે રૂ. 400 લાખ કરોડના એમકેપની ધાર પર ઊભું છે. શેરબજાર માટે આ એક ઐતિહાસિક સિદ્ધિ છે અને ભારતીય શેરબજાર મોટી સ્થિતિમાં પહોંચી ગયું છે.

# ભારત સહિત વિશ્વભરમાં સેમીકન્ડકટર ચીપનો પૂરવઠો ખોરવાઈ જવાની ચિંતા

■ સ્માર્ટફોન્સમાં વપરાતી મોટાભાગની ચીપ્સનો પૂરવઠો તાઈવાન ખાતેથી થાય છે

■ તાઈવાનમાં ભૂકંપની સીધી અસર જોવાશે : મોબાઈલ મોઘા થવાની વકી

(એજન્સી) મુંબઈ | તા. 05

ભૂકંપને કારણે તાઈવાનમાં ફેલાયેલી તારાજીને પરિણામે અનેક ઉદ્યોગધંધા પર અસર પડી છે પરંતુ તાઈવાન જેનું સૌથી મોટું ઉત્પાદક રાષ્ટ્ર છે તે સેમીકન્ડકટર ચીપ્સનો પૂરવઠો ખોરવાઈ જવાની શકયતા ઊભી થઈ છે જેને કારણે આવનારા દિવસોમાં મોબાઈલ ફોન મોંઘા થઈ શકે છે. ચીપ્સનો વપરાશ કારોમાં પણ થાય છે. તાઈવાનમાં ચીપ્સ બનાવતી અસંખ્ય કંપનીઓના ઉત્પાદન એકમો હાલમાં બંધ પડી ગયા છે. કેટલીક કંપનીઓએ તો પોતાના એકમો સુરક્ષિત સ્થળે ફેરવવાની ફરજ પડી રહી હોવાનું પ્રાપ્ત અહેવાલોમાં જણાવાયું છે.



પૂરવઠો ખોરવાઈ જવાને પગલે વૈશ્વિક બજારમાં ચીપ્સની કિંમત વધવાની પણ શકયતા છે. સ્માર્ટફોન તથા એઆઈ રનિંગ સુપર કોમ્પ્યુટરમાં વપરાતી મોટાભાગની ચીપ્સ તાઈવાન ખાતેથી મેળવવામાં આવે છે.સેમીકન્ડકટર ચીપ સિલકોનમાંથી તૈયાર કરવામાં આવે છે અને તેનો ઉપયોગ ડેટા પ્રોસેસિંગ માટે કરવામાં આવે છે. માટે તેના વગર સ્માર્ટફોન્સ તથા સ્માર્ટ કારની કલ્પના કરી શકાય એમ નથી. ચીપ્સના ઉત્પાદનમાં કોઈપણ ઘટાડાની સીધી અસર મોબાઈલ ફોન્સ તથા કારના ઉત્પાદન પર પડે છે, જેનો અનુભવ દૂનિયાએ કોરોના કાળમાં કરી લીધો છે.સેમીકન્ડકટર ચીપ્સ એ મોબાઈલ ફોન્સ તથા કોમ્પ્યુટરના મુખ્ય પાર્ટસ છે જેના વગર તે ચાલી શકતા નથી. ચીપ્સની અછતનો સામનો કરી ચૂકેલા ભારતે દેશમાં જ ચીપ્સનું ઉત્પાદન વધારવાના પ્રયાસો છેલ્લા કેટલાક સમયથી શરૂ કરી દીધા છે.એંક અંદાજ પ્રમાણે આગામી બે વર્ષમાં ભારતની ચીપ્સ માર્કેટ ૬૦ અબજ ડોલર પહોંચવાની શકયતા છે.

સેવા ઉદ્યોગને આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, યુરોપ તથા અમેરિકા ખાતેથી ઓર્ડરમાં વધારો

## મજબૂત નિકાસ ઓર્ડરને પરિણામે માર્ચનો સેવા ક્ષેત્રનો પીએમઆઈ ઊંચકાયો

(એજન્સી) મુંબઈ | તા. 05

સેવા ક્ષેત્રની નિકાસમાં વધારાને પરિણામે માર્ચમાં સેવા ક્ષેત્રના પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેકસ (પીએમઆઈ)માં વધારો જોવા મળ્યો છે. ફેબુરઆરીમાં ૬૦.૬૦ની સરખામણીએ માર્ચનો પીએમઆઈ વધી ૬૧.૨૦રહ્યો છે. તંદૂરસ્ત માગ તથા ઓર્ડરમાં વધારાને પરિણામે પીએમઆઈમાં વૃદ્ધિ જોવા મળી હોવાનું એક સર્વે રિપોર્ટમાં જણાવાયું છે. સેવા ક્ષેત્રની મજબૂત માગને પરિણામે માર્ચમાં ક્ષેત્ર માટે સ્થિતિ પોઝિટિવ બની રહી હતી. છેલ્લા ૧૪ વર્ષમાં વર્તમાન વર્ષના માર્ચમાં સેવા ક્ષેત્રની વેપાર પ્રવૃત્તિમાં વધુ એક મજબૂત વધારો જોવા મળ્યો છે. નવા નિકાસ ઓર્ડરો ઊંચા રહેતા સેવા ક્ષેત્રને ટેકો મળ્યો હતો. સેવા ક્ષેત્રનો પીએમઆઈ જુલાઈ ૨૦૨૧થી સતત ૫૦થી ઉપર જોવા મળી રહ્યો છે. ૫૦થી ઉપરના ઈન્ડેકસને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે. ભારતના સેવા ઉદ્યોગને આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, યુરોપ તથા અમેરિકા ખાતેથી



ઓર્ડરમાં વધારો જોવા મળ્યો છે. નવા ઓર્ડરોને પરિણામે સર્વિસ પ્રોવાઈડરો દ્વારા નવા કર્મચારીઓની ભરતી ઓગસ્ટ ૨૦૨૩ બાદ સૌથી ઊંચી રહી હોવાનું પણ એસએન્ડપી ગ્લોબલના એચએસબીસી ઈન્ડિયા રિપોર્ટમાં જણાવાયું છે.

નિકાસ માગ ઉપરાંત સેવા માટે ઘરેલું માગ પણ મજબૂત રહી હતી, જે સાનુકૂળ આર્થિક નીતિના સંકેત આપે છે. વર્તમાન વર્ષ માટે એકંદર આઉટલુક પણ આશાવાદી જોવા મળી રહ્યું છે. સેવા તથા ઉત્પાદન ક્ષેત્રનો મળી સંયુકત પીએમઆઈ ૬૧.૮૦ સાથે આઠ મહિનાની ઊંચી સપાટીએ રહ્યો હતો. કાચા માલનો ખર્ચ વધતા સેવા પેટેની કિંમતમાં પણ વધારો જોવા મળ્યો હતો.

## બાયજુના રવિન્દ્રનની નેટવર્થમાં મોટું નુકસાન, ફોર્બ્સના રિપોર્ટથી થયો ખુલાસો

■ યુવા અરબપતિના લિસ્ટમાં સામેલ રહેલા બાયજૂ રવિન્દ્રનની નેટવર્થ ઝીરો થઇ

(એજન્સી) નવી દિલ્હી | તા. 05

સંકટમાં ફસાયેલી એડેટેક કંપની બાયજુના સીઈઓ બાયજુ રવિન્દ્રનને એક વર્ષમાં મોટો ઝટકો લાગ્યો છે. એક તરફ દેશમાં અરબપતિઓની સંખ્યા ઝડપથી વધી રહી છે તો અન્ય તરફ યુવા અરબપતિના લિસ્ટમાં સામેલ રહેલા બાયજૂ રવિન્દ્રનની નેટવર્થ ઝીરો થઈ છે. એક વર્ષ પહેલા તેમની નેટવર્થ 17545 કરોડ રૂપિયા હતી. આ ખુલાસો ફોર્બ્સ બિલેનિયર ઈન્ડેક્સ 2024ના આધારે થયો છે.



ગયા વર્ષના લિસ્ટના આધારે આ વર્ષે ફક્ત 4 લોકો જ તેનાથી બહાર હતા. તેમાંથી એક બાયજુના રવિન્દ્રન પણ છે. ગયા વર્ષથી ચાલી રહેલા સંકટ બાદ બ્લેકરોકે એડટેક કંપની બાયજુની વેલ્યુએશન 22 અબજ ડોલરથી ઘટાડીને 1 અબજ ડોલર કરી હતી. તેના કારણે ભારતીય સ્ટાર્ટઅપના પોસ્ટર બોય રહેલા બાયજુ રવિન્દ્રનને તગડો ઝટકો લાગ્યો છે અને તેમની નેટવર્થ શૂન્ય કરી દેવામાં આવી છે. બાયજુની સ્થાપના 2011માં થઈ હતી. આ સ્ટાર્ટઅપ ઝડપથી આગળ વધ્યું અને 2022માં 22 અબજ ડોલરની વેલ્યૂએશન મેળવી હતી. જલ્દી જલ્દી મળી રહેલી સફળતાથી ઉત્સાહિત થઈને કંપનીએ અમેરિકામાં પગ માંડ્યા. આ પછી કંપનીને એક પછી એક મોટા ઝટકા લાગ્યા. બાયજુ રવિન્દ્રન અને કંપનીએ કેટલાક રોકાણકારો સાથે વિવાદ છેડ્યો, હવે સ્થિતિ એ છે કે બાયજુ જાન્યુઆરી 2024થી જ કર્મચારીઓને પગાર આપી શક્યું નથી.

### અમદાવાદમાં 0.5 મિલી. ચો. ફૂટના ઓફિસ સોદાઓ હાંસલ કર્યા, Q1 2024માં વાર્ષિક 18%ના તંદુરસ્ત દરે વૃદ્ધિઃ નાઇટ ફ્રેંક ઇન્ડિયા

અમદાવાદ | નાઈટ ફ્રેંક ઈન્ડિયાએ તેના તાજેતરના અહેવાલ - ઈન્ડિયા રિયલ એસ્ટેટઃ રેસિડેન્શિયલ અને ઓફિસ Q1 2024 (જાન્યુઆરી-માર્ચ 2024)માં દર્શાવ્યુ છે કે અમદાવાદે Q1 2024 દરમિયાન 0.5 મિલી. ચો.ફૂટના ઓફિસ સોદાઓ અનુભવ્યા હતા જેમાં વાર્ષિક 18%ની વાર્ષિક વૃદ્ધિ જોવા મળી હતી. જોગાનુજોગ આ સમયગાળામાં ઓફિસ પૂર્ણતા પણ 0.5 મિલી. ચો.ફૂટની નોંધાઇ હતી. Q1 2024 દરમિયાનમાં, મોટી ઓક્યુપેન્સી/લિઝીંગ પ્રવૃત્તિ ફ્લેક્સ ઓફિસ સ્પેસ આધારિત હતી જે શહેરમાં થયેલ ઓફિસ સોદામાં 75% હિસ્સો ધરાવતી હતી. ભારતીય બિઝનેસો શહેરમાં થયેલા સોદાઓમાં 25% માટે જવાબદાર હતા. અમદાવાદના રહેણાંક બજારે વાર્ષિક 11%ની વૃદ્ધિ સાથે 4,673 યુનિટ્સના વેચાણ વોલ્યુમો અનુભવ્યા હતા. શહેરમાં વાર્ષિક 4%ના ડિગ્રોવ્થ સાથે 5,159 યુનિટ્સ નોંધાયા હતા. સરેરાશ ભારાંક રહેણાક કિંમતમાં Q1 2024 દરમિયાન વાર્ષિક 2%નો વધારો અનુભવાયો.

## RBIએ સતત સાતમી વખતે રેપો રેટ યથાવત્ રાખ્યાં, મોનિટરી પોલિસીની બેઠકમાં લેવાયો નિર્ણય

■ છેલ્લી વખત ફેબ્રુઆરી 2023માં રેપો રેટમાં 0.25 ટકાનો વધારો કરવામાં આવ્યો હતો

(એજન્સી) નવી દિલ્હી | તા. 05

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) ના ગવર્નર શક્તિકાંત દાસ દ્વારા નવી નાણાકીય નીતિની જાહેરાત કરવામાં આવી છે. દાસ વતી રેપો રેટ 6.5 ટકા રાખવામાં આવ્યો છે. આ સાતમી વખત છે જ્યારે આરબીઆઈએ રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. છેલ્લી વખત ફેબ્રુઆરી 2023માં રેપો રેટમાં 0.25 ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, વ્યાજ દરોની સમીક્ષા કરવા માટે આરબીઆઈ MPCની બેઠક 3 એપ્રિલથી 5 એપ્રિલની વચ્ચે યોજાઈ હતી, જેમાં 6માંથી 5 MPC સભ્યોએ બહુમતીના આધારે વ્યાજ દરોમાં ફેરફાર ન કરવાનો નિર્ણય લીધો હતો.

અગાઉ ભારતનો આર્થિક વિકાસ ત્રિમાસિકમાં દર 8.40 ટકા રહ્યો હતો. ભારતનો આર્થિક વિકાસ ૨૦૨૩ના ડિસેમ્બર ત્રિમાસિકમાં દર 8.40 ટકા રહ્યો હતો જે મોટા અર્થતંત્રમાં સૌથી વધુ હતો. આ ઉપરાંત ફેબુરઆરીનો ફુગાવો પણ અપેક્ષા કરતા વધુ રહી 5.09 ટકા આવ્યો હતો. જે રિઝર્વ બેન્કના 4 ટકાના



ટાર્ગેટ કરતા ઘણો ઊંચો છે. જ્યાંસુધી ફુગાવો 4 ટકાની આસપાસ નહીં આવે ત્યાંસુધી રેપો રેટમાં ઘટાડો વહેલો ગણાશે એમ રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે અગાઉ નિરીક્ષણ કર્યું હતું.

એપલે તાજેતરમાં કેટલાક બિઝનેસ બંધ કરવાનો નિર્ણય લીધો, કર્મચારીઓ છૂટા કરવાની જાણકારી કંપનીએ જાતે જ આપી

# એપલે 600થી વધુ કર્મચારીઓની છટણી કરી

(એજન્સી) નવી દિલ્હી | તા. 05

હાલ વૈશ્વિક છટણીનો દોર ચાલી રહ્યો છે. ત્યારે છટણી અટકવાના કોઈ સંકેતો હાલ દેખાતા નથી. આ વર્ષે અત્યાર સુધીમાં ઘણી જાણીતી કંપનીઓએ તેમના કર્મચારીઓને બહાર નીકળવાના દરવાજા બતાવ્યા છે. હવે તેમની સાથે ટેક જાયન્ટ અને વિશ્વની સૌથી મોટી કંપનીઓમાંની એક એપલનું નામ પણ જોડાઈ ગયું છે. એપલે તાજેતરમાં જ 600થી વધુ કર્મચારીઓની છટણી કરી છે.

મળતી માહિતી અનુસાર, એપલે પણ નવીનતમ છટણીની પુષ્ટિ કરી છે. કંપનીએ કેલિફોર્નિયા એમ્પ્લોયમેન્ટ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટમાં કરેલી ફાઈલિંગમાં આની જાણકારી આપી છે. ફાઈલિંગને ટાંકીને, ખાનગી અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે Appleએ કેલિફોર્નિયામાં 600 થી વધુ કર્મચારીઓની છટણી કરી છે. કાર અને સ્માર્ટવોચ ડિસ્પ્લે પ્રોજેક્ટ બંધ થવાને કારણે કંપનીએ છટણીનો આ નિર્ણય લીધો છે.

છટણીના આ સમાચાર ગંભીર બની જાય છે કારણ કે Appleની ગણતરી માત્ર ટેક ઈન્ડસ્ટ્રીમાં જ નહીં પરંતુ એકંદરે વિશ્વની સૌથી મોટી કંપનીઓમાં થાય છે. ગુરુવારે



યુએસ માર્કેટમાં Appleના શેર 0.49 ટકા ઘટીને $168.82 પર આવી ગયા. તે પછી કંપનીનો એમકેપ 2.61 ટ્રિલિયન ડોલર હતો. આ મૂલ્યાંકન સાથે, Apple માત્ર માઈક્રોસોફ્ટથી પાછળ છે અને વિશ્વની બીજી સૌથી મોટી લિસ્ટેડ કંપની છે.

Appleનું મુખ્ય મથક ક્યુપરટિનો, કેલિફોર્નિયામાં આવેલું છે. સ્થાનિક નિયમન અનુસાર, કંપનીઓએ કર્મચારીઓની છટણી અથવા સમાપ્તિ વિશે માહિતી આપવાની હોય છે. એપલે વર્કર એડજસ્ટમેન્ટ એન્ડ રીટ્રેનિંગ નોટિફિકેશન (વાર્ન પ્રોગ્રામ)ના પાલનમાં આઠ અલગ-અલગ ફાઈલિંગમાં છટણીનો ખુલાસો કર્યો હતો. કેલિફોર્નિયાના કાયદા હેઠળ આ અનુપાલન જરૂરી છે.

કંપનીના ફાઈલિંગ મુજબ, છૂટા કરાયેલામાંથી ઓછામાં ઓછા 87 એપલની ગુપ્ત સુવિધામાં કામ કરી રહ્યા હતા, જ્યાં નેક્સ્ટ જનરેશન સ્ક્રીન ડેવલપમેન્ટ થઈ રહ્યું હતું. બાકીના અસરગ્રસ્ત કર્મચારીઓ નજીકમાં સ્થિત અન્ય બિલ્ડિંગમાં કામ કરતા હતા, જે કાર પ્રોજેક્ટને સમર્પિત હતી.એપલના કાર પ્રોજેક્ટને લઈને વિશ્વભરમાં ભારે હોબાળો થયો હતો.

હાલમાં, ઘણી મોબાઈલ અને ગેજેટ કંપનીઓ વાહનમાં પ્રવેશ કરી રહી છે, ખાસ કરીને EV સેગમેન્ટમાં. Xiaomi અને Huawei જેવી ચીની સ્માર્ટફોન કંપનીઓએ EV માર્કેટમાં એન્ટ્રી કરી છે. એપલે થોડા સમય પહેલા પોતાનો પ્રોટોટાઈપ પણ રજૂ કર્યો હતો, પરંતુ આ વર્ષની શરૂઆતમાં એવી માહિતી સામે આવી હતી કે એપલે કાર પ્રોજેક્ટમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે.

### લગ્નસરાની સિઝન આવતા જ સોના અને ચાંદીના ભાવમાં થયો ભડકો, અમદાવાદ અને અન્ય વિસ્તારના ભાવ

(એજન્સી) મુંબઈ | તા. 05

ભારતમાં દરરોજ સોના અને ચાંદીના ભાવમાં બદલાવ જોવા મળતો હોય છે. આજે 10 ગ્રામ સોનાનો ભાવ રૂપિયા 70,000 ની નજીક જોવા મળી રહ્યો છે, તો ચાંદીનો પ્રતિ કિલોગ્રામનો ભાવ રૂપિયા 82,100 પર જોવા મળી રહ્યો છે.બજાર માંથી મળતી માહીતી પ્રમાણે જોઈએ તો 24-કેરેટ સોનાના 10 ગ્રામની સરેરાશ કિંમત રૂપિયા 70,480ની આસપાસ છે, જ્યારે 22-કેરેટ સોનાની સરેરાશ કિંમત રૂપિયા 64,610 જોવા મળી રહી છે. બજારમાં ચાલી રહેલી અસ્થિરતા વચ્ચે રોકાણકારો અને વેપારીઓએ આ ભાવ પર નજર રાખી રહ્યા છે. હાલમાં મુંબઈમાં, 22-કેરેટ સોનાના 10 ગ્રામની કિંમત 64,610 રૂપિયા છે, જ્યારે 24-કેરેટ સોનાની કિંમત 70,480 રૂપિયા છે. જ્યારે અમદાવાદમાં, 22-કેરેટ સોનાના 10 ગ્રામની કિંમત 64,660 રૂપિયા છે અને 24-કેરેટ સોનાની કિંમત 70,530 રૂપિયા છે.



## સંક્ષિપ્ત સમાચાર

### મોતીલાલ ઓસ્વાલ એસેટ મેનેજમેન્ટ કંપનીએ રોકાણકારોને ભારતીય શેરબજારનો મોટાભાગનો હિસ્સો લેવા કહ્યું

મુંબઈ |ભારતીય શેરબજારમાંથી વ્યાપક બજાર સૂચકાંકો અંગે રોકાણકારોની જાગૃતિ વધારવાના પ્રયાસના ભાગરૂપે મોતીલાલ ઓસવાલ એસેટ મેનેજમેન્ટ કંપની (એમઓએએમસી)એ એક ઝુંબેશ શરૂ કરી છે, જેમાં રોકાણકારોને "નિફ્ટી 50થી આગળ જુઓ, નિફ્ટી 500 ઈન્ડેક્સમાં રોકાણ કરો"ની વિનંતી કરી છે. MOAMC દ્વારા સંકલ્પિત કરવામાં આવેલું, &★39;નિફ્ટી 50 પાર જુઓ, નિફ્ટી 500 માં નિવેશ કરો&★39; આ એક 360-ડિગ્રી (સંપૂર્ણ/સર્વાંગી/સંપૂર્ણ આયામી) નિવેશક જાગૃતિ અભિયાન છે, જે વર્તમાનપત્રો, ડીજીટલ સંચાર માધ્યમો, ટીવી અને સોશિયલ મીડિયા પર ચલાવવામાં આવે છે. આ અભિયાન દ્વારા એમઓએએમસી રોકાણકારોને ભારતની વિકાસગાથાનો હિસ્સો બનવા અને નિફ્ટી 500 ઈન્ડેક્સમાં રોકાણ કરવા પ્રોત્સાહિત કરે છે. નિફ્ટી 500 ઈન્ડેક્સ ભારતનો પ્રથમ બ્રોડ બેઝ્ડ શેર માર્કેટ ઈન્ડેક્સ છે, જે પૂર્ણ બજારના મૂડીકરણ પર આધારિત ભારતની ટોચની 500 કંપનીઓનું પ્રતિનિધિત્વ કરે છે. આ પહેલ મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડેક્સ કેટેગરી વિશેની સમજ અને જ્ઞાનને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી છે.

### જેન એઆઇ પ્લેટફોર્મ હનુમાને 3એઆઇ હોલ્ડિંગ સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરી

મુંબઈ |RBI એ મોટી જાહેરાત કરી છે, જેના હેઠળ તમે જલ્દી જ UPI નો ઉપયોગ કરીને તમારા બેંક ખાતામાં રોકડ જમા કરાવી શકશો. આનો અર્થ એ છે કે તમે ડેબિટ કાર્ડ વિના અથવા બેંકમાં ગયા વિના તમારા ખાતામાં રોકડ જમા કરી શકશો.

ભારતીય રિઝર્વ બેંક (RBI)એ નાણાકીય વર્ષ 2025ની પ્રથમ નાણાકીય નીતિ બેઠકમાં UPIને લઈને મોટી જાહેરાત કરી છે. જો તમે UPI નો ઉપયોગ કરો છો તો તમારા માટે એક મોટી સુવિધા આવવાની છે. આ સુવિધા હેઠળ, ખૂબ જ ટૂંક સમયમાં તમે UPI નો ઉપયોગ કરીને તમારા બેંક ખાતામાં રોકડ જમા કરાવી શકશો. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI)ના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે ટૂંક સમયમાં મશીનનો ઉપયોગ UPI દ્વારા રોકડ જમા કરવા માટે થઈ શકશે.શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે આ સેવા લોકોને મોટી સુવિધા પૂરી પાડશે. તમારે રોકડ જમા કરાવવા માટે બેંકમાં જવું પડશે નહીં.

### એન્જલ વને કંપનીની વૃદ્ધિ માટે ફંડ મેળવવા ક્યુઆઈપી દ્વારા રૂ. 15,000 મિલિયન એકત્રિત કર્યાં, તેના કેપ ટેબલ પર વિવિધ ઇન્વેસ્ટર્સ ઉમેર્યાં

મુંબઈ | ફંડ એકત્રિત કરવા અંગે ટિપ્પણી કરતા એન્જલ વનના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી દિનેશ ઠક્કરે જણાવ્યું હતું કે "આ ક્યુઆઈપી સફળતાપૂર્વક પૂરો થયો તે અમારી સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. અમે ભાવિ વિકાસ માર્ગે બિઝનેસને આગળ લઈ જઈ રહ્યા છીએ અને ઉદ્યોગમાં અમારી સ્થિતિને મજબૂત બનાવી રહ્યા છીએ. તાજેતરના વર્ષોમાં મૂડી બજારના ક્ષેત્રે મહત્વના પરિવર્તનો આવ્યા છે. ડિજિટાઇઝેશનના લીધે મજબૂત આઉટલૂક અને ઊંડે સુધી પ્રવેશ જોવા મળ્યો છે. અમે ભારતી રિટેલ રોકાણકારોનું સતત એન્ગેજમેન્ટ જોઈ રહ્યા છીએ જેનો પુરાવો અમારા પર્ફોર્મન્સ મેટ્રિક્સમાં જોવા મળે છે. કુલ મેળવેલા ક્લાયન્ટ, ઓર્ડર્સની સંખ્યા, એવરેજ ડેઇલી ટર્નઓવર, ટર્નઓવર માર્કેટ શેર અને ફાઇનાન્શિયલ પર્ફોર્મન્સ જેવા મહત્વના સૂચકાંકો સતત નવા બેન્ચમાર્ક્સ બનાવી રહ્યા છે. અમારા રોકાણકારો તથા હિસ્સેદારોએ અમારા વિઝનમાં મૂકેલા વિશ્વાસ બદલ હું તેમનો આભાર માનું છું. અમે આ વિકાસની સફરે આગળ વધી રહ્યા છીએ ત્યારે મને વિશ્વાસ છે કે અમે તકોનો લાભ લેવા માટે સારી સ્થિતિમાં છીએ અને અમારી કંપનીને સફળતાના માર્ગે આગળ લઈ જઈશું."

### હાઇસેન્સે તેનો એસી પોર્ટફોલિયો વધાર્યોઃ કૂલિંગએક્સપર્ટ પ્રો એસીના લોન્ચ સાથે હોમ કૂલિંગને પુનઃવ્યાખ્યાયિત કરે છે



મુંબઈ | ફંડ એકત્રિત કરવા અંગે ટિપ્પણી કરતા એન્જલ વનના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી દિનેશ ઠક્કરે જણાવ્યું હતું કે "આ ક્યુઆઈપી સફળતાપૂર્વક પૂરો થયો તે અમારી સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. અમે ભાવિ વિકાસ માર્ગે બિઝનેસને આગળ લઈ જઈ રહ્યા છીએ અને ઉદ્યોગમાં અમારી સ્થિતિને મજબૂત બનાવી રહ્યા છીએ. તાજેતરના વર્ષોમાં મૂડી બજારના ક્ષેત્રે મહત્વના પરિવર્તનો આવ્યા છે. ડિજિટાઇઝેશનના લીધે મજબૂત આઉટલૂક અને ઊંડે સુધી પ્રવેશ જોવા મળ્યો છે. અમે ભારતી રિટેલ રોકાણકારોનું સતત એન્ગેજમેન્ટ જોઈ રહ્યા છીએ જેનો પુરાવો અમારા પર્ફોર્મન્સ મેટ્રિક્સમાં જોવા મળે છે. કુલ મેળવેલા ક્લાયન્ટ, ઓર્ડર્સની સંખ્યા, એવરેજ ડેઇલી ટર્નઓવર, ટર્નઓવર માર્કેટ શેર અને ફાઇનાન્શિયલ પર્ફોર્મન્સ જેવા મહત્વના સૂચકાંકો સતત નવા બેન્ચમાર્ક્સ બનાવી રહ્યા છે. અમારા રોકાણકારો તથા હિસ્સેદારોએ અમારા વિઝનમાં મૂકેલા વિશ્વાસ બદલ હું તેમનો આભાર માનું છું. અમે આ વિકાસની સફરે આગળ વધી રહ્યા છીએ ત્યારે મને વિશ્વાસ છે કે અમે તકોનો લાભ લેવા માટે સારી સ્થિતિમાં છીએ અને અમારી કંપનીને સફળતાના માર્ગે આગળ લઈ જઈશું."

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, ફાગણ વદ-12

# રક્ષા નિકાસમાં વૃદ્ધિ

નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશની રક્ષા નિકાસ ૨૧,૦૮૩ કરોડ રૂપિયાના સ્તર પર પહોંચી ગઈ, જે ૨૦૨૨-૨૩ની તુલનામાં ૩૨.૫ ટકા વધારે છે. જો આ ભારે વધારાની તુલના નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ સાથે કરવામાં આવે તો નિકાસમાં છેલ્લા એક દાયકામાં ૩૧ ગણો વધારો થયો છે. વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૧૩-૧૪ તથા ૨૦૧૪-૧૫ અને ૨૦૨૩-૨૪ની વૃદ્ધિની તુલના કરીએ તો નિકાસ ૨૧ ગણી વધી છે. વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૧૩-૧૪ વચ્ચે ૪૩૧૨ કરોડ રૂપિયાના રક્ષા ઉત્પાદનોની નિકાસ થઈ હતી, જ્યારે ૨૦૧૪-૧૫થી ૨૦૨૩-૨૪ની અવધિમાં આ આંકડો ૮૮,૩૧૯ કરોડ રૂપિયા જઈ પહોંચ્યો. આ આંકડાથી રક્ષા ઉત્પાદનના ક્ષેત્રે તીવ્ર વિકાસનું અનુમાન સહજ રીતે લગાવી શકાય છે. હાલનાં વર્ષોમાં રક્ષા ક્ષેત્રના વિકાસ માટે કેન્દ્ર સરકારે અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. તેમાં સૌથી મુખ્ય છે રક્ષા ક્ષેત્રે ખાનગી ભાગીદારી અને વિદેશી રોકાણની અનુમતિ. તેનાથી રોકાણની સાથે સાથે ટેકનિક હાંસલ કરવાની સુવિધા પણ વધી અને રોજગારના નવા અવસરોનું સર્જન પણ થયું. ટેકનિક અને સંસાધનો વધવાથી શોધ અને સંશોધનમાં પણ પ્રગતિ આવી છે. નીતિગત સુધારાની સફળતાનો અંદાજો એ વાતે લગાવી શકાય છે કે નિકાસમાં ૬૦ ટકા યોગદાન ખાનગી ક્ષેત્રનું છે અને ૪૦ ટકાની ભાગીદારી રક્ષા ક્ષેત્રના જાહેર સાહસોનું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યોગ્ય રીતે જ આ ઉપલબ્ધિને દેશની વધતી ક્ષમતાની અભિવ્યક્તિ ગણાવી છે. ઉત્પાદન અને નિકાસ વધવાનું બીજું મુખ્ય કારણ એ છે કે સરકાર પોતાની રક્ષા જરૂરિયાતો માટે દેશમાં બનેલા ઉત્પાદનોને પ્રાથમિકતા આપી રહી છે. સરકારે ઘણી ચીજોની એક યાદી બનાવી છે, જેની ખરીદી દેશમાં જ થઈ શકે છે, એટલે કે તેની આયાત નથી કરી શકાતી. આ યાદી સમયે સમયે સંશોધિત થતી રહે છે અને તેમાં નવાં ઉત્પાદનો ઉમેરવામાં આવે છે. આ નિર્ણયનું બીજું સકારાત્મક પાસું એ છે કે દેશમાં જ ખરીદી કરીને આપણે બહુમૂલ્ય વિદેશી મુદ્રાની બચત પણ કરી રહ્યા છીએ તથા આયાત પર આપણી નિર્ભરતા પણ ઘટી રહી છે. નીતિગત સુધારા અને સરકારની ખરીદીથી ગુણવત્તાપૂર્ણ ઉત્પાદનને પણ પ્રોત્સાહન મળી રહ્યું છે. આ પ્રયાસોથી વિભિન્ન દેશોમાં ભારતીય રક્ષા ઉત્પાદનો પ્રત્યે ભરોસો વધ્યો છે અને તે ભારતથી પોતાની આયાત વધારી રહ્યા છે. રક્ષા નિકાસને ઉત્તેજન આપવામાં ડિજિટલ વ્યવસ્થાથી પણ મદદ મળી છે. તેનાથી સમગ્ર પ્રક્રિયા તેજ અને પારદર્શી થઈ છે. રક્ષા નિકાસ આર્થિક વિષય હોવા તથા દેશને આત્મનિર્ભર બનાવવામાં યોગદાન આપવાની સાથે સાથે રણનીતિક અને સૈન્ય દૃષ્ટિએ પણ મહત્ત્વપૂર્ણ છે. તેનાથી આપણી રક્ષા ક્ષમતાને મજબૂતી તો મળે જ છે, સાથે જ આયાતક દેશો સાથે વ્યૂહાત્મક સંબંધો પણ સુધરે છે.



## ભાજપનાં પોસ્ટરો ફાડનારા સમજી જજો, તમારા કપડાં સહિત બધું ફાડી નાખીશું : સાંસદ

# આપના સરપંચો સરકાર વિરોધના કૃત્યો કરો છો સમય આવશે ત્યારે છોડીશું નહીં : મનસુખ વસાવા

ભરત શાહ | રાજપીપળા

ભરૂચ લોકસભા ના ઉમેદવાર મનસુખ વસાવા એ ડેડીયાપાડા વિધાનસભા માં ચૂંટણી પ્રચાર શરૂ કર્યો, દેડીયાપાડા નાં ચિકદા,ચોપડવાવ ગામે સભા કરી દેવમોગરા માતાજી ના દર્શન કરી ચૂંટણી પ્રચાર શરૂ કર્યો હતો.

ચૂંટણી પ્રચારમાં આમ આદમી પાર્ટી નાં નેતાઓ પર પ્રહાર કરતા સાંસદ મનસુખ વસાવા એ જણાવ્યું હતું કે ભાજપ વાળા મારા પોસ્ટરો લગાડે છે અને આમ આદમી પાર્ટી વાળા મારા પોસ્ટરો ફાડે છે આ પોસ્ટરો ફળવાવાળા ના કપડાં ફાટી જવાના છે તેટલું કહેતા જ જનમેદની માં જયશ્રી નામ નાં નારા લાગ્યા હતા.

આમ આદમી પાર્ટી દ્વારા મારી વિરુદ્ધ ગમેતેવી પોસ્ટ સોશિયલ મીડિયા માં મૂકવામાં આવે છે ત્યારે મારું કહેવું છે કે સીધી રીતે કામ ના કર્યું હોય તો કોઈ અધિકારીઓ ગાળો દીધી હશે હું સીધો સાદો માણસ છું પણ કામ ના કરે તો બોલવી પડે છે.

વધુમાં મનસુખ વસાવા જણાવ્યું કે ભાજપ ના સરપંચો સારું કામ કરે છે પણ આપ પાર્ટીનું કામ કરતા સરપંચો ને ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે હું ધમકી નથી આપતો પણ ૩ મહિના પછી મારો જ સમય છે સમજી વિચારી ને આપ પાર્ટી માં કુદમ કુદ કરજો આપ પાર્ટી ના સરપંચો સરકાર વિરોધ ના કૃત્યો કરો છો સમય આવશે તો અમે છોડવાના નથી કહી ભરૂચ લોકસભા ના ઉમેદવાર મનસુખ વસાવા એ ડેડીયાપાડા વિધાનસભા માં ચૂંટણી પ્રચાર શરૂ કર્યો ત્યારે આપ ના ઉમેદવાર ચૈતર વસાવા એ ભાજપ પૈસા વેચી મત લઈ જાય તેવા આક્ષેપ કરતા સાંસદ મનસુખ વસાવાએ વળતો જવાબ આપ્યો કે ભાજપ વાળા પૈસા ના વહેંચે અમે તો સરકારી યોજનો લોકો સુધી પહોંચાડીએ છીએ પૈસા વાળા તો પંજાબ થી આવે છે હરિયાણાથી આવે છે.

# કેવડિયા બચાવ આંદોલન સમિતિ દ્વારા ચૂંટણી બહિષ્કારની ચીમકી



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના કેવડીયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની નું નિર્માણ કરવામાં આવ્યું છે ત્યારથી ત્યાં કેટલાક અસરગ્રસ્તો વિરોધ કરી રહ્યા છે.છતાં તેનો કોઈજ ઉકેલ નહિ આવતા હજુ કેવડિયા બચાવ આંદોલન સમિતિ દ્વારા અનેકવાર કાર્યક્રમ થાય છે.

કેવડીયા બચાવ આંદોલન સમિતિ દ્વારા નર્મદા જિલ્લાના કેવડિયા પાસે આવેલ ભાદરવા વિસ્તારમાં બેઠક કરવામાં આવી હતી જેમાં કેવડિયા બચાવ આંદોલન સમિતિ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠક માં નક્કી કરવામાં આવ્યું કે જો ગુજરાત સરકાર સ્ટેચ્યુ ઓફ યુનિટી ના નામે ગરુડેશ્વર આદિવાસી વિસ્તારો મા લાગું કરેલ શહેરી વિકાસ કાનૂન તેમજ ભાદરવા પંચાયત ખાતે આવી રહેલ એરપોર્ટ નહીં હટાવે તો 72 ગામલોકો આ લોકસભા ચૂંટણીમા વોટ નહીં આપે તેમજ નર્મદા ડેમ અસરગ્રસ્ત સમિતિ અને ગુજરાત સરકાર સાથે થયેલ સમાધાન મા 25 જેટલી માંગણી અંગે સમજૂતી થઈ હતી. જેમાં ગુજરાત સરકાર વચન આપી ફરી ગઈ છે.

## પાટણ સંસદીય વિસ્તાર ના બંન્ને ઉમેદવારો એ મતદારો ને રીઝવવા ઝંઝાવતી લોકસંપર્ક શરૂ કર્યો

નિતીન ઠાકર | ચાણસ્મા

કોગ્રેશના ઉમેદવારે રબારી પાટીદાર બ્રહમ સમાજ ની બેઠક કરી લોકસંપર્ક શરૂ કર્યો ભાજપ ના ઉમેદવાર અને ટેકેદારો એ સરકારની વિકાશની વાતો થકી મતદારો નીખાટલા બેઠકો શરૂ કરી લોકસભાની ચૂંટણી ના પડઘમ વાગી ચુક્યા છે અને અગામી લૉક સભા ની પાટણ સંસદીય બેઠક માટે ભાજપ દ્વારા ભરતસિંહ ડાભી અને કોગ્રેશ તરફથી ચંદન જી ઠાકોરને ચૂંટણી મેદાન માં ઉતારવામાં આવ્યા છે ત્યારે ભા.જપ અને કોગ્રેશ ના બંન્ને ઉમેદવારો જંગી મતો થી વિજયી થવા માટે મતદારોને રીઝવવા એડી ચોટી નું જોર લગાવી રહ્યા છે. કોંગ્રેશના ઉમેદવાર ચંદન જી ક્યાંક પાઘડી ઉતારી પાઘડી ની આબરુ જાય નહી તેમ ચૂંટણી સભામાં ભાવુક થઈ મત માગી રહ્યા છે. તદઉપરાંધ રબારી પાટીદાર સહિત બ્રહમ સમાજના અગ્રણીઓની બેઠક બોલાવી સમર્થન માગ્યું હતું.

# બાલાસિનોરમાં ફગવા જકાત નાકા પાસે અકસ્માત સર્જાતો બે લોકોના મોત



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

બાલાસિનોના ફગવા જકાતનાકા પાસે ત્રીપલ અકસ્માત સર્જવાની કરણ ઘટના બની જવા પામી છે આ અકસ્માતની ઘટનામાં એક પુરુષની એક મહિલાનું મોત નીપજવા પામ્યું છે આ બનાવવાની જાણ પોલીસને થતા બાલાસિનોર ટાઉન પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

બાલાસિનોરથી વિરપુર તરફ જતા માર્ગ પર આવેલા ફગાવા જકાતનાકા પાસે થયેલા અકસ્માતમાં ગાડી અને એકટીવા અકસ્માતનું ભોગ બની હતી ત્યારે આ જ રસ્તા પરથી પસાર થતી એક અન્ય મોટર સાયકલ પણ આ અકસ્માતમાં ભોગ બનવા પામી હતી આમ આ જકાતનાકા પાસે ત્રીપલ અકસ્માત સર્જાવવા પામ્યો હતો.

અકસ્માતમાં વીરપુર પોલીસ મથકના કોન્સ્ટેબલ તુલસીબેન અને એક યુવકનું બનાવના સ્થળે જ કરુણ મોત નીપજવા પામ્યું હતું અને અન્ય યુવક અને યુવક મૃતકની ઓળખાણ થઈ શકી ન હતી તેવું જાણવા મળે છે અન્ય મોટરસાયકલ સવારની ઈજા થતો નજીકની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો હતો.

# નાગવીરી (રવાપર) પ્રા. શાળાના ધોરણ 8ના બાળકોનો વિદાય કાર્યક્રમ યોજાયો



મહેશ સોની | નખત્રાણા

નાગવીરી (રવાપર) પ્રાથમિક શાળાના બાળકોનો વિદાય કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. આ પ્રસંગે બાળકો તરફથી શાળાને પ્રતીક ભેટ સ્વરૂપે મહાનુભાવોની છબીઓ અર્પણ કરવામાં આવી હતી. ધોરણ ૮ના વિદ્યાર્થી ઓએ એકથી ધોરણ ૮ સુધીની શાળા કાર્યકાળ દરમ્યાન મળેલા વ્યક્તિત્વ ઘડતરના અનુભવો વાગોળ્યા હતા તેમજ વંદનીય ગુરૂજનો ના કાયમી ઋણી રહેશું એવું જણાવ્યુ હતું. શાળાના બાળકો માટે સમુહભોજનનો કાર્યક્રમ પણ ગોઠવાયો હતો. શાળાનાં આચાર્યા શ્રીમતિ છાયાબેન મોદી , શિક્ષકો મહેશભાઈ પરમાર, શ્રીમતિ નિલમબેન, શ્રીમતિ પાયલબેન ડોડીયાએ પોતાનાં પ્રાસંગિક પ્રવચનમાં બાળકો માટે ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. શાળા પરીવાર વતી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા એવું શાળાનાં આચાર્યા શ્રીમતિ છાયાબેન મોદી એ જણાવ્યુ હતું.

# પીંછીપુરા પાસેથી પોલીસે બાઈક પર લઈ જવાતા બિયરના ટીન કબજે કર્યા



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના પીંછીપુરા ગામ નજીક થી પોલીસે બાઈક પર લઈ જવાતા બિયર ના ટીન પકડી પાડ્યા હતા જ્યારે બાઈક પર દારૂ લઈ જનાર બે શખ્સો પોલીસને જોઈ નાશી છૂટયા હતા

મળતી માહિતી અનુસાર ગરુડેશ્વર પોલીસ વોચ માં હતી તે દરમિયાન પીંછીપુરા ગામ નજીક એક મોટર સાઈકલ ઉપર મો.સા ચાલક તથા મો.સા.ની પાછળ બેસેલ ઈસમ ઈગ્લીશ દારૂ લઇ ને જતા હતા તે સમયે પોલીસને વોચમા જોઈ મો.સા.ની પાછળ બેસેલ ઈસમે તેની પાસેના એક વિમલના થેલો માં ભરેલા બિયર ના ટીન ભરેલો થેલો બાઈક પરથી નાખી દઈને આ બન્ને ઈસમો બાઈક લઈ ભાગી ગયા હતા. પોલીસે વિમલના થેલા માંથી શીલબંધ સુપર સ્ટ્રોંગ બીયર ના ટીન નંગ-૨૪ કિ.રૂ.૨૪૦૦/ નો મુદ્દામાલ કબ્જે કરી ભાગી ગયેલા બંને ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

# લગ્નમાં ફટાકડા ફોડતા ઘર ઉપર મુકેલ ઘાસમાં લાગી આગ, કહેવા જતા મારામારી



ભરત શાહ | રાજપીપળા

ગરુડેશ્વર તાલુકામાં લગ્નમાં ફટાકડા ફોડવા બાબતે થયેલી માથાકૂટ બાદ મારામારી કરનાર બે શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ થયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર મુકેશભાઇ અરવિંદભાઇ તડવીએ આપેલ ફરિયાદ મુજબ તેઓ ગામના ભાવેશભાઇ તડવીના લગ્નમાં ફડાકડા ફોડતી વખતે અશોકભાઈ તડવીના ઘર પર સળગતો ફટાકડો પડતા ઘર ઉપર મુકેલ ઘાસમાં આગ લાગતા હાર્દિક તડવીને ફટાકડા નહી ફોડવા માટે નવીનભાઇ તડવીએ જણાવતા તેણે નવીનભાઇને એક થપ્પડ મારતા મુકેશભાઈ એ જણાવેલ કે, તમો ઝગડો ના કરો તેમ કહેવા જતા તે એકદમ ઉશ્કેરાઇ જઇ ગાળા ગાળી કરવા લાગેલ ત્યારે જયેન્દ્રભાઇ તડવી ત્યાં દોડી આવી ગાળાગાળી કરી મુકેશભાઈ ને હાર્દિક તડવીએ કપાળના ભાગે તથા માથાની પાછળના ભાગે મારી દેતા ઈજા પહોંચાડી લોહી લુહાણ કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા ગરુડેશ્વર પોલીસે બંને વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

# ભંગારનો ધંધો કરનાર ચેતી જજો : કાયદાનું પાલન નહિ કરો તો ખેર નથી



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં કાયદાનું પાલન નહિ કરતા વેપારીઓ સામે નર્મદા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા વારંવાર કાર્યવાહી કરવામાં આવે છે છતાં કેટલાક વેપારીઓ હમ નહિ સુધરેંગે ની માફક કાયદાનું ઉલ્લંઘન કરતા હોય પોલીસ દ્વારા આવા લોકો વિરૂદ્ધ પગલાં લેવાઇ છે. પ્રાપ્ત વિગતો અનુસાર નર્મદા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ની ટીમે પીઆઈ વાય.એસ.શિરસાઠ ના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ચાલતા હોટલ,ગેસ્ટ હાઉસ સ્ટે.હોમ સહિત ના એકમો પર કાયદાનું પાલન કરાવવા કાર્યવાહી કરતા ગતરોજ સાગબારા તાલુકામાં એક ભંગાર ના વેપારી સામે ગુનો દાખલ કર્યો છે જેમાં રાજુભાઇ પીર્યાભાઇ મહાર રહે.પાંચપિપરી,ઓરપા ફળિયુ તા.સાગબારા જી. નર્મદા એ સેલંબા,તા.સાગબારા જી.નર્મદા નવાપાડા રોડની બાજુમાં જુના ભંગારની લેવેચની દુકાન ચલાવી રજીસ્ટર તથા ભંગાર વેચનારના આધાર પુરાવા નહિં રાખી કાયદાનું ઉલ્લંઘન કરતા ગુનો દાખલ કર્યો છે.



# 20 વર્ષીય યુવતીની મોતની છલાંગ : આબાદ બચાવ

## ગરુડેશ્વર પુલ ઉપરથી યુવતી છલાંગ મારી આપઘાતનો પ્રયાસ કર્યો હતો , હાલ સારવાર હેઠળ

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં નાની વયે યુવક યુવતીઓના આપઘાત ના કિસ્સા અવાર નવાર બનતા જોવા મળે છે જેમાં મુખ્યત્વે પ્રેમ પ્રકરણ અથવા અભ્યાસ નું કારણ હોવાનું પણ જાણવા મળ્યું છે ત્યારે આજે શુક્રવારે બપોરે ગરુડેશ્વર પુલ પરથી એક યુવતી એ કોઈક કારણોસર છલાંગ લગાવી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે

પોલીસ સૂત્રો માંથી જાણવા મળ્યા મુજબ ગરુડેશ્વર તાલુકાના આમદલા ગામમાં રહેતી રીટાબેન નામની વીસ વર્ષીય યુવતી કે જે ગઈકાલે ગરુડેશ્વર સરકારી દવાખાને સારવાર અર્થે દાખલ હતી અને આજે ઘટના ના દિવસે તેને હોસ્પિટલ માંથી રજા આપી કે ચાલી નીકળી એ જાણી શકાયું નથી પરંતુ આ યુવતી હોસ્પિટલ માંથી નિકળ્યા બાદ ગરુડેશ્વર પુલ પર ગઈ અને પુલ પરથી મોત ની છલાંગ લગાવી હતી પરંતુ સદનસીબે તેનો આબાદ બચાવ થયો છે અને હાલ ગરુડેશ્વર દવાખાને સારવાર લઈ રહી હોવાનું પોલીસ દ્વારા જાણવા મળ્યું છે. આ લખાઈ છે ત્યાં સુધી હજુ કોઈએ ગરુડેશ્વર પોલીસ મથકે આ બાબતે ફરિયાદ કરી નથી.

**ગરુડેશ્વર દવાખાનામાંથી જાણવા મળ્યા મુજબ** આ યુવતી ગઈકાલે છાતીમાં દુખવાની સારવાર માટે દાખલ થઈ હતી અને આજે સવારે નાસ્તો કરી ને આવું છું તેમ જણાવી હોસ્પિટલ માંથી ગયા બાદ પુલ પરથી કૂદી પડી હોવાનું જાણવા મળ્યું. યુવતી હાલ સારવારમાં છે જોકે એને કોઈ ઈજા થઈ નથી.

**છેલ્લા બે વર્ષમાં આ પુલ પરથી કૂદી આપઘાત નો પ્રયાસ કરવાના દસ થી વધુ બનાવો બનતા આ બાબત ચિંતાજનક**

# ચાણસ્મા તા.પં દ્વારા 1/4/23 થી 31/3/24 સુધીમાં રૂપિયા 41688131ની 43,85% વેરા વસુલાત કરાઈ

નિતીન ઠાકર | ચાણસ્મા

મીઠાધરવા તલાટી ભાવિકાબેન દ્વારા ૯૨,૫૫ % ધારપુરી તલાટી સાહિલભાઈ દ્વારા ૯૧,૨૮% ફિંચાલ તલાટી કાજલબેન જે patelદ્વારા ૮૦,૬૫% ચાણસ્મા તાલુકાના ૬૩ ગામો પૈકી ત્રણ ગામો ના તલાટીઓએ તાલુકામાં વેરા વસુલાત ની સર્વશ્રેષ્ઠ કામગીરી કરી.

ચાણસ્મા તા. પં દ્વારા ૬૩ ગામના તલાટીઓ દ્વારા વેરા વસુલાત ની કામગીરી પરીણામલક્ષી બને તે માટે તા.વિ.અ દ્વારા વેરા વસુલાત ની કામગીરી તેજ બનાવવા સુચનો કરાતાં અને તલાટીઓ દ્વારા ગ્રામીણ વિસ્તારમાં વેરા વસુલાત ની કામગીરી હાથ ધરવામાં આવતાં ૧/૪/૨૩ થી ૩૧/૩/૨૪ સુધીમાં ચાણસ્મા તા.પં. ના વેરાના કુલ રૂ.૪૧૬૮૮૧૩૧/ડીઝીટલ ગ્રામ સુવિધા મારફતે વસુલાત કરતાં




ચાકાસ્મા તાલુકા ના 53 ગામો ની તલાટી ઓ દ્વારા ૪૩,૮૫% જેટલી વેરા વસુલાત કરાઈ છે ત્યારે ચાણસ્મા તાલુકા ના મીઠાધરવા પંચાયત ના તલાટી ભાવિકા બેન દ્વારા ૯૨,૫૫% ધારપુરી પંચાયત ના તલાટી સાહિલભાઈ ૯૧,૨૮% જયારે ફિંચાલ પંચાયત ના તલાટી કાજલબેન દ્વારા ૮૦,૬૫%વેરા વસુલાત કરતા ત્રણેય તલાટી ઓ દ્વારા વેરા વસુલાત ની ચાણસ્મા તાલુકા મા સર્વશ્રેષ્ઠ કામગીરી કરવા બદલ તા.વિ.અ સી.બી. લિમ્બાચીયા અને તા પં ના કર્મચારી ઓ એ શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવ્યા હતા.

# રાજપીપળા માં પ્રથમવાર સમગ્ર ગુજરાતના વકીલ એસો.ના પ્રમુખ તેમજ સેક્રેટરીનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાશે

ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા ના આંગણે સૌ પ્રથમવાર ગુજરાતભર ના વકીલ મંડળ ના પ્રમુખ મંત્રીઓ નો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે અને તેને સફળ બનાવવા નર્મદા જિલ્લા વકીલ મંડળ ના પ્રમુખ સહીત વકીલમિત્રો તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાતના તમામ બાર એસો ના પ્રમુખ તેમજ સેક્રેટરિઓ નો સ્નેહ મિલનનો કાર્યક્રમ નર્મદા જિલ્લા બાર એસોના પ્રમુખ અને તેઓની ટીમ તરફથી રાખવામાં આવ્યો છે જે ખુબ શુભેચ્છાને પાત્ર છે જેમાં આખા ગુજરાતના વકીલોના પ્રશ્નો,વકીલો ના રક્ષણ માટે મજબુત અને નક્કર એડવોકેટ પ્રોટેક્શન ઍક્ટ અંગે ની ચર્ચા., જીલ્લા અને તાલુકા કક્ષા એ હાલ ના સમય માં વકીલાત ના વ્યવસાયમાં વકીલો ની સમસ્યાઓ... વિગેરે પ્રશ્નો ની ચર્ચાઓ અને સમાધાન હેતુ આ સ્નેહ મિલન કાર્યક્રમ યોજાશે..નર્મદા જીલ્લા બાર એસો ના પ્રમુખ વંદનાબેન આઇ ભટ્ટે હૃદય પૂર્વક દરેક જીલ્લા અને તાલુકા બાર ના પ્રમુખ અને સેક્રેટરી ઓને સ્નેહમિલન માટે આવકાર આપ્યો છે આગામી 14/4/24 ના રોજ યોજાનાર આ સ્નેહમિલન કાર્યક્રમ ને સફળ બનાવવા સ્થાનિક સૌ વકીલ મિત્રો તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

# મહીસાગર જીલ્લાની વીરપુર શાળામાં વાર્ષિક મહોત્સવમાં હાથમાં બોટલો સાથે ડાન્સ કર્યો



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહીસાગર જિલ્લાના વિરપુર ની સ્વામી વિવેકાનંદ શાળામાં વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી આ વાર્ષિક ઉત્સવમાં ઉપરોક્ત શાળાના નાના ભૂલકાઓ વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના ડાન્સ પર્ફોમન્સ રજૂ કર્યા હતા ત્યારે આ ડાન્સમાં આજ શાળાના માસુમ બાળકોને હાથમાં પાણીની બોટલ સાથે બિયર અને દારૂની મહેફીલ ના ગીત સંગીત સાથે ડાન્સ કરાવવામાં આવતા આ અંગે નો વિડીયો વાયરલ થતાં વાલીઓમાં ભારે રોશની લાગણી ફેલાઈ જવા પામી છે.

આ ડાન્સ અંગે નો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં શિક્ષણ વિભાગ પણ હરકતમાં આવી જઈને આ નાના માસુમ બાળકો માટે તેમજ શિક્ષણ જગતને શર્મશાર કરતાં આવા કિસ્સાથી તપાસનો આદેશ આપી દીધો છે શાળાઓમાં સાંસ્કૃતિક ભવ્ય ઈતિહાસની પરંપરાઓની સાથે કોઈપણ પ્રોગ્રામોની ઉજવણી નાના ભૂલકાઓ અને વિદ્યાર્થીઓ પાસે કરાવવામાં આવતી હોય છે અને આવા પ્રકારની ઉજવણી દ્વારા કરવામાં આવતા પ્રોગ્રામોમાંથી નાના માસુમ ભૂલકાઓ માં સારા સંસ્કારો અને સારી સંસ્કૃતિનું સિંચન થતું હોય છે ત્યારે આનાથી વિપરીત વીરપુર ખાતે આવેલી સ્વામી વિવેકાનંદ વિદ્યામંદિર શાળામાં વાર્ષિક મહોત્સવ યોજવામાં આવ્યું તે કાર્યક્રમમાં આ શાળામાં સારા સંસ્કારોનું સિંચન કરવા માટે આવતા નાના કોમળ અને માસુમ બાળકો દ્વારા હાથમાં છે વિસ્કી અને આંખમાં છે પાણી, બેવફા સનમ તારી બહુ મહેરબાની, ગાડી હવે રતનપુર બોર્ડર જવાની.... ની આ મહેફિલના તાલે ગીત સાથે રજૂ કરવામાં આવેલા ડાન્સ થી ગોતીના ગુજરાતમાં શિક્ષણ ધામ પણ કલંકિતના લેબલથી વંચિત રહેવા પામ્યું નથી.

ત્યારે આ બાબતે વાલીઓમાં ભારે રોશની લાગણી ફેલાઈ જવા પામી છે સાથે સાથે વાલીઓ પોતાના માસુમ કોમળ માનસ ધરાવતા પોતાના બાળકોના ભવિષ્ય માટે પણ ચિંતિત બની બેઠા છે અને શાળાના સંચાલકો કે શિક્ષકો દ્વારા નાના ભૂલકાઓને કેવા સંસ્કારોનું સિંચન કરતા હશે? તેવા અનેક સવાલો ઊભા થવા પામ્યા છે.

એક શિક્ષક સો માતાઓની ગરજ સારે છે અને બાળકનું ઉજવળ ભવિષ્ય અને કારકિર્દી શિક્ષકના હાથમાં છે ત્યારે શાળામાં આવવા દારૂના ગીતો ઉપર કરાવવામાં આવેલા ડાન્સ થી આ શાળાના સંચાલકો અને શિક્ષકો પાસે વાલીઓ પોતાના માસુમ ઝુકાવોના ભવિષ્ય માટે શું અપેક્ષા રાખી શકે? તે એક ગંભીર લેખાતી બાબત છે ત્યારે કસુરતાર સંચાલક શિક્ષકો સામે શિક્ષણ વિભાગ લાલ આંખ કરે તેવી અનેક ચર્ચાઓ વાલીઓમાં ચર્ચામાં પામી રહી છે.

# ભારતની આ નદી છે એકદમ 'કાચ' જેવી, ઊંડે સુધી પથ્થરો પણ સ્પષ્ટ દેખાય છે





## એશિયાનું સૌથી સ્વચ્છ ગામ

આ નદીનું પાણી એટલું ચોખ્ખું છે કે જો આ નદી પર તમે હોળી પણ ચલાવો છો તો તમને એવું લાગશે કે તમે કાચ પર હોળી ચલાવી રહ્યા છો. આ નદીનું નામ ઉમંગોટ નદી છે, તેમજ તેને ડોકી તળાવ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નદી ખૂબ જ સુંદર, શાંત અને ક્રિસ્ટલ ક્લીયર છે. ડોકી મેઘાલયમાં ભારત-બાંગ્લાદેશ સરહદ પર આવેલું એક નાનું શહેર છે. તે પૂર્વ ખાસી પહાડી જિલ્લાના એક ગામ માવલીનોંગની નજીક છે અને તેને 2003માં એશિયાના સૌથી સ્વચ્છ ગામ તરીકેની ઓળખ આપવામાં આવી હતી.

## ક્યાંથી વહે છે આ નદી?

બાંગ્લાદેશના ડોકીમાંથી આ નદી વહે છે. તેમજ જૈનતિયા અને ખાસી ટેકરીઓને તે બે ભાગમાં વહેંચે છે. ઉમંગોટ નદી મેઘાલયના ત્રણ ગામો દાવકી, દારંગ અને શેનાનડેંગમાંથી વહે છે. આ ત્રણ ગામોમાં 300 થી વધુ મકાનો છે. ખાસી સમુદાયના લોકો આ નદીને સાફ કરવા માટે ભેગા થાય છે. ખાસી અહીંનો મુખ્ય આદિવાસી સમુદાય છે. ઉમંગોટને ભારતની સૌથી સ્વચ્છ નદીઓમાંની એક માનવામાં આવે છે અને માછીમારો માટે એક મહત્વપૂર્ણ સ્થળ છે.

## નદીની સફાઈને માનવામાં આવે છે સંસ્કાર

ખાસી સમુદાયના લોકો દરરોજ નદીઓની સફાઈમાં ફાળો આપે છે. નદીઓને સ્વચ્છ રાખવાની પરંપરા અહીં લાંબા સમયથી ચાલી આવે છે. હાલમાં જે લોકો નદીઓની સફાઈ કરે છે, તેમના પૂર્વજો પણ સ્વચ્છતાને પોતાનો સંસ્કાર માનીને આમ કરતા હતા. એક મહિનામાં ત્રણથી ચાર દિવસ કમ્યુનિટી ડે નક્કી કરવામાં આવે છે. જેમાં ગામના દરેક ઘરમાંથી ઓછામાં ઓછો એક વ્યક્તિ સફાઈ કામમાં મદદ કરે છે. આ ઉપરાંત અહીં ગંદકી ફેલાવવા માટે 5000 રૂપિયા સુધીનો દંડ પણ નક્કી કરવામાં આવ્યો છે.

## મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય

ડોકીની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય નવેમ્બરથી મે સુધીનો છે કારણ કે ડોકીની મુલાકાત આખા વર્ષ દરમિયાન લઈ શકાય છે, પરંતુ નવેમ્બરથી મે સુધીની શિયાળો અને ઉનાળાની ઋતુઓ તેના અપાર કુદરતી સૌંદર્યને જોવાનો શ્રેષ્ઠ સમય છે. તેમજ અહીં વરસાદની મોસમમાં જવાનું ટાળવું જોઈએ.



# ન્હાતા પહેલા ચણાના લોટનો આ રીતે કરો ઉપયોગ

## સ્કીન રહેશે સ્વસ્થ અને સુંદર

ત્વચાને સુંદર, સોફ્ટ અને હેલ્થી બનાવવા માટે શક્ય હોય ત્યાં સુધી નેચરલ વસ્તુઓનો જ ઉપયોગ કરવો જોઈએ. દાદી નાનીના નુસખામાં પણ સ્કીન કેર માટે ઘરેલુ વસ્તુઓનો ઉપયોગ કરવા પર ભાર મૂકવામાં આવે છે. ત્વચાને સુંદર બનાવી હોય તો રસોડામાં રહેલી હળદર, ઘરમાં ઉગાડેલું એલોવેરા, ટામેટા અને ચણાના લોટ જેવી વસ્તુઓ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. ટૂંકમાં કહીએ તો ત્વચાને સુંદર બનાવવાથી લઈને ત્વચાની સમસ્યા દૂર કરવાની દરેક વસ્તુ ઘરમાં જ ઉપલબ્ધ હોય છે. બસ એ વાતની જાણકારી હોવી જરૂરી છે કે કઈ વસ્તુનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ. આજે તમને ચણાના લોટના ઉપયોગ વિશે જણાવીએ. ચણાનો લોટ ત્વચા માટે ખૂબ જ ગુણકારી છે. ચણાના લોટનો ઉપયોગ કરવાથી ત્વચાની ઘણી બધી સમસ્યાઓ ઓછી થઈ જાય છે. ચણાના લોટનો ઉપયોગ ફેસપેક બનાવવાથી લઈને નહાવામાં પણ કરી શકાય છે. જો નહાવામાં તમે ચણાના લોટનો ઉપયોગ કરો છો તો ત્વચાને ઘણા બધા ફાયદા થાય છે. ખાસ તો ત્વચાની 5 સમસ્યા એવી છે જેને ચણાનો લોટનો ઉપયોગ કરીને તુરંત દૂર કરી શકાય છે.

### ચણાના લોટથી નહાવાથી થતા ફાયદા

**ટેનિંગ દૂર થાય છે :** તડકામાં ત્વચા ટેન થઈ જાય છે. તેનાથી સ્કીન વધારે ડાર્ક દેખાવા લાગે છે. આવી સ્કીનને સાફ કરવા માટે અને રંગ સુધારવા માટે ચણાના લોટનો ઉપયોગ કરી શકાય છે. ચણાનો લોટ લગાડવાથી સ્કીન પર જામેલી ડેડ સ્કીન દૂર થઈ જાય છે. તેનાથી સ્કીન સાફ દેખાવા લાગે છે.

**ઓઈલી સ્કિન** - જે લોકોની સ્કીન ઓઈલી હોય તેમને ગરમીમાં ખીલ અને સ્કીન ઈનફેક્શન જેવી સમસ્યાઓ વધારે સતાવે છે. ઉનાળામાં ઓઈલી સ્કિનને સારી રીતે મેનેજ કરવી હોય તો ચણાના લોટનો ઉપયોગ શરૂ કરી દેવો.

**ફેશિયલ હેર** - જે લોકોના ચહેરા પર અનવોન્ટેડ હેર વધારે પ્રમાણમાં થતા હોય તેમના માટે ચણાનો લોટ વરદાન સમાન છે. નિયમિત ચણાના લોટથી નહાવાનું રાખશો તો ફેશિયલ હેર સરળતાથી દૂર થઈ જશે.

**ખીલ** - ચણાના લોટથી નહાવાથી ખીલ અને એકનેની સમસ્યા હોય તો દૂર થાય છે. અને ન હોય તો થાતી પણ નથી.

**ત્વચાની સફાઈ** - ત્વચાને સુંદર બનાવી હોય તો જરૂરી છે કે તેની સફાઈ અંદરથી પણ સારી રીતે થાય અને આ કામ ચણાના લોટની મદદથી સારી રીતે થઈ શકે છે. ચણાના લોટનો ઉપયોગ કરવાથી ત્વચા સારી રીતે સાફ થાય છે અને ત્વચા પર ચમક વધે છે.

**નહાવામાં ચણાના લોટનો કેવી રીતે કરવો ઉપયોગ ?** | એક વાટકીમાં જરૂર અનુસાર ચણાનો લોટ લેવો. તેમાં ગુલાબજળ અથવા તો કાકડીનો રસ ઉમેરો. સાથે જ તેમાં થોડું દહીં અને હળદર પણ ઉમેરી દો. બધી જ વસ્તુઓને સારી રીતે મિક્સ કરો અને એક ઘટ્ટ પેસ્ટ બનાવો. હવે ન્હાતા પહેલા આ પેસ્ટને ચહેરા પર ગરદન પર અને શરીર પર સારી રીતે લગાડો. 5 મિનિટ પછી આ પેસ્ટને હળવા હાથે મસાજ કરતા કરતા સાફ કરો. ત્યાર પછી ઠંડા પાણીથી સ્નાન કરી લો.

**જો તમે ઠંડા પાણીથી ચહેરો સાફ કરો છો તો તેનાથી ત્વચાને જબરદસ્ત ફાયદા થાય છે. તો ચાલો તમને જણાવીએ સવારે ઠંડા પાણીથી ચહેરો ધોવાથી કેટલા ફાયદા થાય છે.**

# સવારે જાગીને ઠંડા પાણીથી ચહેરો ધોવાથી જબરદસ્ત ફાયદા મળે છે



**વધતી ઉંમરની અસર ઓછી થાય છે |** જેમ જેમ ઉંમર વધે તેમ ત્વચા પર તેની અસર દેખાવાની જ છે. પરંતુ જો તમે સવારે ઠંડા પાણીથી ચહેરો ધોવાની શરૂઆત કરી દેશો તો ચહેરા પર રક્ત સંચાર સારી રીતે થવા લાગશે. પરિણામે એજિંગની પ્રક્રિયા સ્લો થઈ જશે. જો તમે રોજ આ કામ કરો છો તો ત્વચા વધારે યુવાન અને ગ્લોઈંગ દેખાય છે.

**પોર્સ બંધ થાય છે |** ઘણા લોકોના ચેહરા પર ખાડા ખાડા દેખાય છે. આ સમસ્યા પણ ઠંડા પાણીથી ચહેરો ધોવાની શરૂઆત કરશો એટલે દૂર થઈ જશે. સવારે ઠંડા પાણીથી ચહેરો ધોવામાં આવે તો સ્કીનના મોટા પોર્સ બંધ થઈ જાય છે. જેના કારણે ચહેરાની સ્કીન એક સમાન દેખાય છે.

**સોજો ઉતરે છે |** ઘણા લોકો સવારે જાગે તો ચહેરા પર સોજો દેખાય છે.. ખાસ કરીને આંખની આસપાસ ત્વચા ફુલેલી હોય છે. જો તમે ઠંડા પાણીથી ચહેરો સાફ કરો છો તો આ સમસ્યા દૂર થવા લાગશે અને સ્કીન ટાઈટ થશે.

**ટેનિંગ થશે દુર |** ઠંડા પાણીથી ચહેરો સાફ કરવામાં આવે તો સૂર્યના હાનિકારક કિરણોના પ્રભાવથી બચી જવાય છે. ઠંડા પાણીથી ચહેરો ધોશો તો ત્વચા પર જામેલી મૃતકોષિકાઓ ધીરે ધીરે દૂર થવા લાગશે. જેના કારણે ત્વચા પર નિખાર દેખાશે.

# ટેકનોલોજી યુગમાં કુદરતી કરતા કુત્રિમ વસ્તુઓના ઉપયોગ પર ભાર વધ્યો

**રમતા રમતા કોડી જડી, કોડી મે કુંભાર ને આપી,કુંભાર એ મને ઘડો આપ્યો,ઘડો મે માં ને આપ્યો,માં એ મને પાણી આપ્યું,પાણી મે છોડ ને પાયું, છોડે મને ફળ આપ્યું...**



## માટીના વાસણો

- રુપાલી દવે

મનુષ્ય નો પ્રાણ પંચ તત્વો ભૂમિ, જલ,વાયુ,પાણી,અગ્નિ, અને આકાશ.આ પાંચ તત્વો વગર મનુષ્યનું જીવન ટકી શકતું નથી.આ પાંચ તત્વો માં માટી એ મનુષ્ય નું અત્યંત આવશ્યક તત્વ છે.ભૂમિ માં માટી નો મુખ્ય ગુણધર્મ એમાં મળતું ભરપુર માત્રા મા ખનીજ અને ક્ષાર નું પ્રમાણ હોય છે. ભારતમાં ધાતુ ની શોધ થઈ એ પહેલા માટી નો ઉપયોગ વધારે હતો. એ સમયે લોકો ઘર બનાવવા માટી ના ઢેફા ને અગ્નિ માં તપાવી ને ઈટ નું સ્વરૂપ આપતા હતા ને એનો ઉપયોગ ઘર બનાવવામાં કરતા હતા.રમકડાં, કુડું, કોયડું,રસોઈ પકવવાંના માટી ના વાસણ,ચૂલા,જમવા માટે ના વાસણો,અનાજ કઠોળ ભરવાની માટીની કોઠી, પીવા નું પાણી માટે મટલા માટલી વગેરે વગેરે. દૂધ,છાશ,દહી,ઘી,વગેરે માટે માટીના પાત્રો પ્રાચીન યુગમાં કુંભારનો ચાકડો એ જીવનજરૂરિયાતની વસ્તુ માટે મુખ્ય યંત્ર માનવામાં આવતું હતું.

આમ તો મનુષ્યનો સબંધ જન્મથી મરણ સુધી માટીની સાથે યાત્રા માં ચાલ્યા કરતો હોય છે.પ્રાચીન કાળ થી ભારત એ વિશ્વ નું માટી ના વાસણો માટેનું હબ ગણાતું હતું.દેશવિદેશ માં પાણી માર્ગે માટી ના વાસણો નો વેપાર ભારતીય વેપારીઓ કરતા હતા.આ વાસણો અગ્નિ માં પકાવી ને બનાવવા મા આવતા હતા.ભારત ના માટી ના વાસણો કિફાયતી ને ઉતમ ગુણવતા ધરાવતા હતા. વર્તમાન સમયમાં આ વાસણો અંગ્રેજી નામ ટેરાકોટા ના વાસણ નામે પ્રસિદ્ધ છે.અત્યારે પણ એટલી જ માટી ના વાસણો ની વિદેશમાં માંગ છે.એનું મુખ્ય કારણ વિશ્વભરની સંસ્કૃતિ વચ્ચે એક સામ્યતા "માટી" છે. માટી એ પૃથ્વી તત્વ હોવાના લીધે એ સીધે સીધું મનુષ્યના આરોગ્ય સાથે સંકળાયેલું છે.વર્તમાન યુગમાં બનતા સિમેન્ટ કોંક્રિટના મકાનો માં વપરાતા મટીરીયલ માં મુખ્ય તત્વ માટી છે



પરંતુ બિલ્ડિંગ મટીરીયલ માં પ્યોર સોઈલ ના મુખ્ય તત્વો ઊંચી પ્રક્રિયા બાદ નષ્ટ થઈ જાય છે.મશીનો દ્વારા માટી પર વિશેષ પ્રક્રિયા દ્વારા રેતી, ઈટ,સિમેન્ટ,કોંક્રિટ વગેરે બનાવવામા આવે છે.ખૂબ ઓછા લોકોને ખબર હશે કે નાહવા માટે બ્રાન્ડેડ શોપ કે શેમ્પૂ માં પણ માટી નો ઉપયોગ મહદઅંશે થતો હોય છે. દવાઓ બનાવવાની કંપનીઓને પ્રોસેસ માટીની વધારે આવશ્યકતા હોય છે એટલે એ પ્રોસેસ માટી એ અન્ય કંપનીઓ માંથી ખરીદતા હોય છે. એટલું સમજો કે પ્રાચીન સમયમાં વૈદ્ય રાજના ઉકાળા દવાઓથી થી લઈને વર્તમાન યુગમાં ફાર્મા કંપનીઓમાં બનતી દવાઓ ની બનાવટ માં ખાસ ફર્ક નથી. ભારતીય સમાજ પૂરેપૂરો માટી પર નિર્ભર હતો એનો પુરાવો લોથલ, હડપ્પા, મોહેંજો દડો સંસ્કૃતિના પ્રાપ્ત અવશેષો માટીના વાસણો,ઘરેણાં, વગેરે પરથી સમજી શકાય છે. ધાર્મિક શાસ્ત્રો અનુસાર ભીષ્મ પિતામહ, ધૃતરાષ્ટ્ર,દશરથ રાજા, જનક રાજા, ઋષિ મુનિઓ વગેરે નું આયુષ્ય સો વર્ષ ઉપર નું હતું..પ્રાચીન સમયમાં રાજા મહારાજા કે સામન્ય જનતા નું મૃત્યુ રણભૂમિ માંજ થતું હતું. લોકોનું આયુષ્ય સો વર્ષથી વધારે તંદુરસ્ત નીરોગી વિતાવતા હતા. એની પાછળ નું મુખ્ય કારણ ત્યારે માણસો પૃથ્વી તત્વ ની નજીક જીવન વિતાવતા હતા. મોટાભાગે રસોઈ લાકડાના ચૂલા માં જ બનતી હતી. આમપણ માટી ના ચુલ્લા માં માટીના વાસણમાં મા બનતી



રસોઈ સ્વાદિષ્ટ અને આરોગ્ય પ્રદ વધારે હોય છે..દીવાલ પર છાણ નું લીંપણ કરવામાં આવતું હોવાના લીધે ઘરની અંદર ઠંડક નો એહસાસ થાય છે.તંદુરસ્ત ભોજન,ઉતમ રહેણી કરણી જ પ્રાચીન યુગમાં લોકોનું આયુષ્ય વધારતું હતું..

ટેકનોલોજી યુગ ની શરૂઆત થતાંજ વિશ્વ માં લોકોની રહેણી કરણી બદલાઈ જવાથી કુદરતી કરતા કુત્રિમ વસ્તુઓ ના ઉપયોગ પર ભાર વધ્યો. ટેકનોલોજી યુગનો લાભ દુનિયા માં સૌથી વધારે ચાઈના એ લીધો છે. આજ વર્લ્ડ બઝાર માં ચાઈના ની આઈટમ સૌથી વધારે ખરીદાય છે..એકદમ કિફાયતી કીમત ને કલર આકાર એવા કે લોકોને પસંદ પડી જાય. પરંતુ ચાઈના ના લોકોમાં ચિનાઈ માટી માંથી બનતા વાસણોનો ઉપયોગ ધાતુ ના વાસણો કરતા વધારે થાય છે. દુનિયા આખીને મેલેમાઈન ના કે પ્લાસ્ટિક ના વાસણો નું ભરપુર ઉત્પાદન કરીને કિફાયત ભાવે વેચે છે પરંતુ ત્યાંના લોકો એની જુનવાણી પરંપરા અનુસાર જ ભોજન પકાવાથી લઈને જમવા સુધી પરંપરા અનુસાર વપરાતા વાસણો નો ઉપયોગ કરે છે.એની પડોશી દેશ જાપાન અને કોરિયા માં પણ ફૂડ માટે પરંપરા મુજબ વપરાતા માટીના વાસણનો આગ્રહ વધારે રાખવા મા છે.

ભારતની ભોગીલિક રચના અનુસાર સરખામણી કરતા વધારે ગરમી પડે છે.આ સ્થિતિ માં ધાતુ કરતા માટી ના વાસણો નો ઉપયોગ વધારવાની જરૂરી છે.અત્યારે ભારતીય માટી ના કારીગરો દોઢસો થી વધારે માટી ની રોજબરોજ માં માટલા, માટલી, થાળી, વાટકા, તપેલી, ગ્લાસ, હાંડી, ચમચો, કડછી, પાણીની બોટલો વગેરે બનાવી રહ્યા છે.માર્કેટ માં ફરતાં રોગોથી બચવા માંગતા હો તો માટી ના બનાવેલ પાત્રો નો ઉપયોગ વધારો. વર્તમાન યુગ માં ૧૦૦ માંથી ૯૫ લોકો નાની મોટી અનેક રોગની સમસ્યાઓ થી પીડાય રહ્યા છે. જ્યાં પાંચ છ ગામ વચ્ચે એક ડોક્ટર કે વૈદ્ય હતા એની જગ્યા એ પ્રત્યેક ગલી નાકે ડોક્ટર ના દવાખાના અને મેડિકલ સ્ટોર રફડા માફક ખૂલે આમ જોવા મળશે.પરંતુ માંડ માંડ ઊંડે ઊંડે ક્યાંક માટી ના વાસણો ની દુકાન મળશે.. માટી ના વાસણો ની દુકાન શોધવા માટે ગૂગલ નું મગજ બંધ થઈ જશે એ નક્કી.. તાંબા, પીતળ, સોના,ચાંદી કે કાસા ના વાસણો માં ભોજનની આદત બરોબર હતી.પરંતુ જ્યારથી દુનિયા માં સ્ટીલ, મેલેમાઈન,પ્લાસ્ટિક એ પ્રવેશ પ્રત્યેક રસોડા માં કર્યો છે અડધી થી ઉપરની દુનિયા બીમાર રોગીષ્ટ બની ગઈ છે.આ સમસ્યા ગ્લોબલ વોર્મિંગ નથી આને માનવ સર્જિત સમસ્યા માનવી જરૂરી છે.

# બડે મિયાં છોટે મિયાં 1100 કરોડની કમાણી કરશે...!




## પ્રોડ્યુસર વાસુ ભગનાનીએ કન્ફર્મ કર્યું કે, ગત વર્ષે શાહરુખની ફિલ્મ 'જવાને' આ રેકોર્ડ બનાવ્યો હતો

(એજન્સી)મુંબઇ | અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ સ્ટારર ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' 10 એપ્રિલે સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મને અલી અબ્બાસ ઝફરે ડિરેક્ટ કરી છે, જ્યારે વાસુ ભગનાનીએ જેકી સાથે મળીને પ્રોડ્યુસ કરી છે. વાસુ ભગનાનીએ રિલીઝ પહેલાં જ ભવિષ્યવાણી કરી છે કે ફિલ્મ 1100 કરોડ રૂપિયાનું કલેક્શન કરશે. તેની આગાહી સાથે જોડાયેલો એક વીડિયો સોશિયલ મીડિયા ઉપર ખુબ જ વાઇરલ થઇ રહ્યો છે. જેકી ભગનાનીએ આ વીડિયો રેકોર્ડ કર્યો છે જે સોશિયલ મીડિયા પર વાઇરલ થયો છે. જેમાં તેમણે પોતાને અને તેના પિતા વાસુ ભગનાનીને રિયલ લાઈફ 'બડે મિયાં અને છોટે મિયાં' ગણાવ્યા છે. જેના જવાબમાં વાસુ કહે છે કે છોટે મિયાં' ચિંતા ન કરો. આ ફિલ્મ વિશ્વભરમાં 1100 કરોડ રૂપિયાની કમાણી કરશે. આ આગાહી પર જેકી તેને કહે છે - તથાસ્તુ. ગત વર્ષે 1100 કરોડથી વધુની કમાણીનો રેકોર્ડ શાહરુખ ખાનની ફિલ્મ 'જવાને' બનાવ્યો હતો. 7 સપ્ટેમ્બર 2023ના રોજ રિલીઝ થયેલી આ ફિલ્મે વિશ્વભરમાં 1148.32 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. શાહરુખ માટે 2023 ખૂબ જ ખાસ હતું. આ પહેલાં તેની ફિલ્મ 'પઠાને' પણ બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી. આ ફિલ્મે વિશ્વભરમાં 1050.30 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ફિલ્મ ઈન્ડસ્ટ્રી પણ કોરોના મહામારીથી પ્રભાવિત થઈ હતી. શાહરુખની ફિલ્મો 'પઠાન' અને 'જવાને' ઈન્ડસ્ટ્રીને ફરી જીવંત કરી હતી. ગત વર્ષે રણબીર કપૂરની 'એનિમલ' પણ વિશ્વભરમાં રૂ. 900 કરોડની કમાણી કરતી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાંની એક હતી. 'બડે મિયાં છોટે મિયાં' ઈદ પર સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મમાં અક્ષય કુમાર, ટાઈગર શ્રોફ, પૃથ્વીરાજ સુકુમારન, માનુષી છિલ્લર અને અલાયા એફ જેવા કલાકારો જોવા મળશે.



# રશ્મિકાએ 8 વર્ષમાં 10 હિટ ફિલ્મો આપી

## 2020માં મળ્યું હતું 'નેશનલ ક્રશ'નું બિરુદ, 900 કરોડની કમાણી કરનાર રશ્મિકાની સૌથી મોટી હિટ ફિલ્મ 'એનિમલ'

(એજન્સી)મુંબઇ | ફિલ્મ 'પુષ્પા: ધ રાઈઝ'થી શ્રીવલ્લી તરીકે પ્રખ્યાત થયેલી રશ્મિકા મંદાનાનો આજે 28મો જન્મદિવસ છે. રશ્મિકાએ માત્ર સાઉથમાં જ નહીં પરંતુ બોલિવૂડમાં પણ પોતાની પ્રતિભા બતાવી છે. ગત વર્ષ એટલે કે 2023 તેની કારકિર્દીનું સૌથી સફળ વર્ષ સાબિત થયું. રશ્મિકા ફિલ્મ 'એનિમલ'માં રણબીર કપૂર સાથે જોવા મળી હતી. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર લગભગ 900 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. 2020માં ગૂગલે તેને 'નેશનલ ક્રશ'નું ટેગ પણ આપ્યું છે. રશ્મિકા સોશિયલ મીડિયા પર પણ ઘણી પોપ્યુલર છે. ઈન્સ્ટાગ્રામ પર તેના 42.5 મિલિયન ફોલોઅર્સ છે. આ સિવાય તેની ગણતરી સાઉથની સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રીઓમાં પણ થાય છે. રશ્મિકાનો જન્મ 5 એપ્રિલ, 1996ના રોજ કર્ણાટકના વિરાજપેટમાં થયો હતો. તેના માતા-પિતાના નામ સુમન અને મદન મંદાના છે. રશ્મિકાને એક નાની બહેન પણ છે. રશ્મિકાના પિતા વિરાજપેટમાં કોફી એસ્ટેટ ધરાવે છે પરંતુ પહેલા તેઓ કારકુન હતા. રશ્મિકા એક મધ્યમ વર્ગીય પરિવારમાંથી આવે છે અને બાળપણમાં તેણે તેના માતા-પિતાને આર્થિક રીતે સંઘર્ષ કરતા જોયા હતા. એક સમય એવો હતો જ્યારે રશ્મિકાની માતા પાસે ઘરનું ભાડું ચૂકવવાના પૈસા પણ નહોતા. રશ્મિકાએ કુર્ગ પબ્લિક સ્કૂલ, ગોનીકોપ્પલ, જે એક બોર્ડિંગ સ્કૂલ હતી, તેમાં અભ્યાસ કર્યો હતો. શાળાના અભ્યાસ દરમિયાન, રશ્મિકા ખૂબ જ અંતર્મુખી સ્વભાવની હતી, જેના કારણે તેને સિનિયર્સ સાથે હળવા-મળવામાં મુશ્કેલી પડતી હતી. આ કારણે રશ્મિકા દુઃખી થઈને પોતાના રૂમમાં બંધ થઈને કલાકો સુધી રડતી હતી. તેની માતાએ રશ્મિકાને આનો સામનો કરવામાં મદદ કરી. સ્કૂલિંગ પછી, રશ્મિકાએ એમએસ રામૈયા કોલેજ ઓફ આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ, બેંગ્લોરમાંથી સાયકોલોજીમાં ગ્રેજ્યુએશન કર્યું. રશ્મિકાએ એક ઈન્ટરવ્યૂમાં ફિલ્મ 'કિરિક પાર્ટી' મેળવવાની રસપ્રદ વાત કહી હતી. તેણે કહ્યું હતું કે, 'જ્યારે મને પ્રોડક્શન હાઉસ તરફથી 'કિરિક પાર્ટી'માં કામ કરવા માટે બોલાવવામાં આવી ત્યારે મને લાગ્યું કે કોઈ પ્રૅન્ક કૉલ દ્વારા મારી મજાક ઉડાવી રહ્યું છે. મેં તરત જ નંબર બ્લોક કરી દીધો. પરંતુ પાછળથી પ્રોડક્શન હાઉસના લોકોએ મારા કોલેજના શિક્ષકોનો સંપર્ક કર્યો, જેમણે મને કહ્યું કે આ કોઈ ટીખળ નથી, એ વાત સાચી છે કે તમને ફિલ્મમાં કામ કરવાની ઑફર મળી છે.

# શું અભિનેતા ગોવિંદા લડશે લોકસભાની ચૂંટણી...?

મુંબઇ | અભિનેતા ગોવિંદા ફરી એકવાર રાજકારણમાં પ્રવેશ્યા છે. તેઓ શિવસેનાના શિંદે જૂથમાં થોડા દિવસો પહેલા જ જોડાયા છે. ત્યારે શું તેઓ લોકસભાની ચૂંટણી લડશે કે કેમ તેને લઈને ચર્ચાઓ ચાલી રહી છે. ત્યારે આ અંગે ગોવિંદાનું શું કહેવુ છે આવો જાણીએ.
શિવસેનાના નેતા અને અભિનેતા ગોવિંદાએ દાવો કર્યો છે કે તેમણે પાર્ટી પાસેથી ટિકિટ માંગી નથી. તેમણે કહ્યું કે મહારાષ્ટ્રનો દરેક વ્યક્તિ મને પોતાનો લાગે છે. કોઈ પારકુ નથી. બધા મારા પોતાના છે. મેં ટિકિટ માંગી નથી. અમે કેવી રીતે આગળ વધીએ તે જોવાનું છે. હું દરેકનો આભાર માનું છું કે મને આ સંયોગ મળ્યો છે. હું અહીં પાર્ટીના ઉમેદવાર રાજુ પારવેના પ્રચાર માટે આવ્યો છું. તેમણે વધુમાં કહ્યું કે હું સીએમ શિંદેનો આભાર માનું છું. તેમણે મારામાં વિશ્વાસ દર્શાવ્યો છે. અમે વિચારો સાથે આવ્યા છીએ. અમે જનતાને શિંદે જૂથને મત આપવા અપીલ કરીએ છીએ. ઉલ્લેખનીય છે કે ગોવિંદા અગાઉ કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડી ચુક્યા છે. ગોવિંદા માટે આ પહેલી ચૂંટણી ઈનિંગ નહીં હોય. કારણ કે તેઓ આ પહેલા તેઓ 2004 થી 2009 સુધી કોંગ્રેસ પાર્ટીમાંથી સાંસદ રહી ચુક્યા છે. . તે સમયે ગોવિંદા ઉત્તર મુંબઈથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. તેમણે ચૂંટણીમાં ભાજપના રામ નાઈકને હરાવ્યા હતા.

# ટ્રેન્ડ ફોલો કરનારાઓ પર કરને નિશાન સાધ્યું

## કહ્યું, 'દર અઠવાડિયે હવામાન બદલાય છે, કન્વિકશન દર અઠવાડિયે મરે છે'



મુંબઇ | કરન જોહર છેલ્લાં કેટલાક સમયથી એક પછી એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી રહ્યો છે. હવે તેની લેટેસ્ટ પોસ્ટમાં એક્ટરે બોલિવૂડમાં ટ્રેડ ફોલો કરનાર પર નિશાન સાધ્યું છે. ડિરેક્ટરે લખ્યું છે કે બોલિવૂડમાં ઓરિજિનલ કન્ટેન્ટની હજુ પણ ખામી છે. કરને ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શેર કરી અને લખ્યું, જોકે, આ પહેલીવાર નથી જ્યારે કરને આવી પોસ્ટ શેર કરી હોય. ડિરેક્ટરે સોમવારે પણ આવી જ ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી હતી. આ પોસ્ટમાં તેમણે કોઈનું નામ લીધા વગર બોટોક્સ અને ફિલર્સ જેવી કોસ્મેટિક પ્રક્રિયાઓનો ઉલ્લેખ કર્યો હતો. નિર્દેશકે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક સ્ટોરી શેર કરી અને લખ્યું,
વર્ક ફ્રન્ટ વિશે વાત કરવામાં આવે તો ગત વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' સાથે ડિરેક્ટર તરીકે કમબેક કર્યું. રણવીર સિંહ અને આલિયા ભટ્ટ સ્ટારર આ ફિલ્મે 355 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. તે વર્ષની સૌથી વધુ કમાણી કરનાર સાતમી ફિલ્મ હતી.






# રણજીતે ફિલ્મ પ્રેમ પ્રતિજ્ઞાનો કિસ્સો સંભળાવ્યો

## શૂટિંગ પહેલાં માધુરી દીક્ષિત રડી, એક સાથે સીન શૂટ કરવાની ના પાડી દીધી

(એજન્સી)મુંબઇ | વિલનનો રોલ નિભાવનાર એક્ટર રંજીતે લગભગ 500 ફિલ્મોમાં કામ કર્યું છે. આ દરમિયાન તેમણે ઘણી એક્ટ્રેસ સાથે ફ્લર્ટિંગ સીન્સ પણ કર્યા હતા. આવો જ એક સીન ફિલ્મ 'પ્રેમ પ્રતિજ્ઞા'માં હતો જે રંજીત અને માધુરી દીક્ષિત પર શૂટ થવાનો હતો પરંતુ માધુરી આ પહેલાં જ રડી પડી હતી અને સીન શૂટ કરવાની ના પાડી દીધી હતી. આ વાત રંજીતે પોતે એક ઈન્ટરવ્યૂમાં કહી છે.
રંજીતે કહ્યું, 'માધુરી રડવા લાગી અને મારી સાથે સીન શૂટ કરવાની ના પાડી. હું આ વાતથી હું અજાણ હતો. એક આર્ટ ડિરેક્ટરે મને આ કહ્યું હતું. હકીકતમાં આ ફિલ્મમાં માધુરી એક ગરીબ માણસની દીકરીનું પાત્ર ભજવી રહી હતી. મારે સીનમાં માધુરીની છેડતી કરવાની હતી. હું રાહ જોતો રહ્યો પણ માધુરી શૂટિંગ માટે આવી નહીં.' રંજીતે વધુમાં કહ્યું, 'મને ખબર નહોતી કે શું થઈ રહ્યું છે કારણ કે કોઈએ મને કંઈ કહ્યું નથી. બાદમાં ઘણી સમજાવટ બાદ માધુરી રાજી થઈ ગઈ હતી. ફાઈટ માસ્ટર વીરુ દેવગને તેને સમજાવ્યું હતું કે તે આખો સીન એક જ ટેકમાં શૂટ કરશે. તેમણે માધુરીને એમ પણ કહ્યું કે આ સીન ફિલ્મની વાર્તામાં છે. વિલન ખરાબ નથી. 'પ્રેમ પ્રતિજ્ઞા'માં માધુરી દીક્ષિત સાથે મિથુન લીડ રોલમાં હતા. આ ફિલ્મ 1989માં રિલીઝ થઈ હતી. અગાઉ, એક કિસ્સો સંભળાવતા, રંજીતે કહ્યું હતું કે તેણે 150 ફિલ્મોમાં એવા સીન કર્યા છે જેમાં તેમણે મહિલાઓની છેડતી કરવી પડી હતી. જેના કારણે રિયલ લાઈફમાં પણ તેની ઈમેજ એકદમ નેગેટિવ થઈ ગઈ હતી. રંજીતે ઈન્ટરવ્યૂમાં એમ પણ કહ્યું હતું કે જ્યારે તેની માતાએ તેને ફિલ્મ 'શર્મિલી'માં રાખી ગુલઝારને ચીડવતા જોયો તો તે ખૂબ ગુસ્સે થઈ ગઈ. જ્યારે તે થિયેટરમાંથી મૂવી જોઈને ઘરે પાછો ફર્યો ત્યારે તેણે રણજીતને ઘરની બહાર કાઢી મૂક્યો.
તેમને લાગતું હતું કે રણજીત ખરેખર છોકરીઓ સાથે આવું કામ કરે છે. બાદમાં જ્યારે રણજીતે તેમની માતાને સમજાવ્યું હતું. તો તેઓ સંમત થયા અને પછી શાંત થયા હતા.
રણજીતની પહેલી ફિલ્મ 'સાવન ભાદો' હતી. તેમનું સાચું નામ ગોપાલ બેદી છે. રણજીત નામ તેમને સુનીલ દત્તે આપ્યું હતું. રંજીતે 70-80ના દાયકાની ઘણી ફિલ્મોમાં નકારાત્મક ભૂમિકા ભજવીને લોકપ્રિયતા મેળવી હતી.



# શૂટિંગ સમયે પલટી ગઇ તમિલ એક્ટરની કાર, એક્શન સીન માટે છે ફેમસ...

મુંબઇ | તમિલ ફિલ્મોના સુપરસ્ટાર અજિત કુમાર પોતાની ફિલ્મોના કારણે ચર્ચામાં રહે છે. અજિત કુમારની ફેન ફોલોઈંગ એટલી મજબૂત છે કે બોલીવુડના ફેન્સ પણ તેના દિવાના છે. અજિતને એક્શન સુપરસ્ટાર પણ કહેવામાં આવે છે. અજિત 52 વર્ષના છે, પરંતુ આજે પણ તે પોતાની ફિલ્મોમાં અલગ-અલગ એક્શન કરતો જોવા મળે છે. આ દરમિયાન તેનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેને જોઈને ફેન્સ તેના દીવાના થઈ રહ્યા છે. આ વીડિયોમાં અજિતની કાર પલટી મારતી જોવા મળી રહી છે.
અજિત કુમારનો આ વીડિયો સુરેશ ચંદ્રાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે. વીડિયોમાં તમે જોઈ શકો છો કે ફિલ્મનું શૂટિંગ રણ વિસ્તારમાં થઈ રહ્યું છે. આ દરમિયાન અજિત ઝડપથી ગાડી ચલાવે છે અને પછી તેની કાર રસ્તા પર પલટી જાય છે. આ જોઈને ત્યાં હાજર સમગ્ર ક્રૂ એક્ટરની કારની પાછળ દોડે છે અને એક્ટરને કારમાંથી બહાર કાઢે છે.
ચિંતા કરવાની કોઈ વાત નથી. કલાકારો એકદમ સારા છે. આ વીડિયો ગયા વર્ષના નવેમ્બર મહિનાનો છે. જ્યારે તે 'વિદા મુયાર્ચી'નું શૂટિંગ કરી રહ્યો હતો.
ફેન્સ આ વીડિયોને લઈને અનેક કોમેન્ટ કરી રહ્યા છે. એક પ્રશંસકે લખ્યું- કૃપા કરીને અમારા માટે જોખમ ન લો. અન્ય એક



પ્રશંસકે લખ્યું- હે ભગવાન, થાલા જોખમ ન લે. ત્રીજા પ્રશંસકે લખ્યું- હે ભગવાન, કૃપા કરીને જોખમી સ્ટંટ સિક્વન્સ ન કરો અજીત સર.
ઉલ્લેખનીય છે કે, અજિત કુમાર હાલમાં મગિઝ થિરુમેનીના નિર્દેશનમાં બની રહેલી તેમની આગામી ફિલ્મ 'વિદા મુયાર્ચી'નું શૂટિંગ કરી રહ્યા છે. આ ફિલ્મમાં તેની સાથે ત્રિશા ક્રિષ્નન, અર્જુન સરજા અને રેજીના કેસાન્ડ્રા પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.










# દુકાનની સ્ક્રીનિંગમાં સેલેબ્સનો જમાવડો...

મુંબઇ | શાહરુખ ખાન ગઈકાલે એટલે કે ગુરુવારે રાત્રે મુંબઈના કલીના એરપોર્ટ પર જોવા મળ્યો હતો. તેના સિવાય સંજય દત્ત પણ એરપોર્ટ પર જોવા મળ્યો હતો. સંજય ઘણા સમય પછી જોવા મળ્યો છે. રણબીર કપૂર મુંબઈના બાંદ્રામાં જોવા મળ્યો હતો. કારમાં રણબીર બ્લેક વેસ્ટ અને કેપ પહેરીને જોવા મળ્યો હતો. કારમાં બેસીને તેમણે ફોટોગ્રાફરનું અભિવાદન કર્યું. રણબીર નીતિશ કુમારની ફિલ્મ 'રામાયણ'માં જોવા મળવાનો છે. રણબીર ઉપરાંત રવિના ટંડન પણ બાંદ્રામાં જોવા મળી હતી. રવિના આ દિવસોમાં તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'પટના શુક્લા'ને કારણે ચર્ચામાં છે. આ ફિલ્મ OTT પ્લેટફોર્મ પર રિલીઝ કરવામાં આવી છે. ફિલ્મ 'દુકાન'નું સ્ક્રિનિંગ ગઈકાલે રાત્રે એટલે કે ગુરુવારે રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે બોલિવૂડના ઘણા સેલેબ્સ જોવા મળ્યા હતા. ફિલ્મના સ્ક્રીનિંગમાં મોનિકા પંવારે પણ હાજરી આપી હતી. બ્લેક વન શોલ્ડર આઉટફિટમાં મોનિકા ખૂબ જ ગ્લેમરસ લાગી રહી હતી. આ દરમિયાન તે રેડ કાર્પેટ પર સ્માઈલ સાથે પોઝ આપતી જોવા મળી હતી. અનુ મલિકે પણ સ્ક્રીનિંગમાં હાજરી આપી હતી અને ફિલ્મની ટીમ સાથે પોઝ આપ્યા હતા.

# આ સિઝનમાં પહેલીવાર હોમગ્રાઉન્ડ પર ગુજરાતે હારનો સ્વાદ ચાખ્યો

## રોમાંચક મેચમાં PBKSના શશાંક સિંહ અને આશુતોષે મેચ પલટી

(એજન્સી) અમદાવાદ | તા 05

ઈન્ડિયન પ્રીમિયર લીગ-2024 (IPL)ની 17મી મેચમાં પંજાબ કિંગ્સે ગુજરાત ટાઈટન્સને 3 વિકેટે હરાવ્યું હતું. સતત બે હાર બાદ પંજાબની આ પ્રથમ જીત છે. તો ગુજરાતને આ સિઝનમાં પોતાના હોમગ્રાઉન્ડ પર પહેલીવાર હાર મળી છે. ગુરુવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પંજાબે ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. પ્રથમ બેટિંગ કરતા ગુજરાતે 20 ઓવરમાં 4 વિકેટે 199 રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબે 19.5 ઓવરમાં 7 વિકેટે ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. શશાંક સિંહે 29 બોલમાં 61 રનની અણનમ ઈનિંગ રમી હતી. તેણે IPLમાં પોતાની પ્રથમ ફિફ્ટી ફટકારી છે. આશુતોષ શર્માએ 17 બોલમાં 31 રન બનાવ્યા હતા. નૂર અહેમદને બે વિકેટ મળી હતી. GTના કેપ્ટન શુભમન ગિલે 48 બોલમાં 89 રનની અડધી સદીની ઈનિંગ રમી હતી. સાઈ સુદર્શન 33 રન બનાવીને આઉટ થયો હતો. પંજાબ તરફથી કાગીસો રબાડાએ બે વિકેટ ઝડપી હતી. હરપ્રીત બ્રાર અને હર્ષલ પટેલને એક-એક વિકેટ મળી હતી. પંજાબની ચોથી વિકેટ પણ પડી, સેમ કરન આઉટ પંજાબે 9મી ઓવરમાં ચોથી વિકેટ ગુમાવી દીધી છે. અઝમતુલ્લાહ ઓમરઝાઈએ નવમી ઓવરના ચોથા બોલ પર સેમ કરનને કેન વિલિયમસનના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. આ ઓવર પછી પંજાબનો સ્કોર 73/4 હતો.જોની બેયરસ્ટોએ પ્રથમ ઓવરમાં આવેલા અઝમતુલ્લાહ ઓમરઝાઈની ઓવરમાં ત્રણ ચોગ્ગા ફટકાર્યા હતા. તેણે બીજા, ચોથા અને પાંચમા બોલને દોરડાની બહાર મોકલ્યા. આ ઓવર પછી પંજાબનો સ્કોર 13 રન હતો.



**મોહિત શર્માની ઓવરમાં 2 સિક્સ ફટકારી; 6 બોલમાં 7 રનની જરૂર હતી :** 19મી ઓવર નાખવા આવેલા મોહિત શર્માએ તેની ઓવરમાં બે સિક્સર ફટકારી હતી. પહેલી સિક્સ આશુતોષ શર્માએ અને બીજો શશાંક સિંહે ફટકારી હતી. આ ઓવર પછી પંજાબનો સ્કોર 193/6 હતો.પંજાબને 16મી ઓવરના ત્રીજા બોલ પર છઠ્ઠો ઝટકો લાગ્યો હતો. અહીં રાશિદ ખાને જીતેશ શર્માને દર્શન નલકાંડેના હાથે કેચ કરાવ્યો હતો. આ ઓવરમાં પંજાબે 150 રનનો આંકડો હાંસલ કર્યો હતો.

**બીજી વિકેટ નૂર અહેમદ, પ્રભસિમરન આઉટ :** 8મી ઓવરના બીજા બોલ પર નૂર અહેમદે તેની બીજી વિકેટ મેળવી હતી. તેણે પ્રભાસિમરનને મોહિત શર્માના હાથે કેચ કરાવ્યો. નૂરે છેલ્લી ઓવરમાં બેયરસ્ટોને બોલ્ડ કર્યો હતો. આ ઓવર પછી પંજાબનો સ્કોર 68/3 હતો.પંજાબને છઠ્ઠી ઓવરના પહેલા બોલ પર બીજો ઝટકો લાગ્યો હતો. નૂર અહેમદે જોની બેયરસ્ટોને બોલ્ડ કર્યો હતો. પાવરપ્લેમાં પંજાબનો સ્કોર 54/2 હતો.બીજી ઓવર નાખવા આવેલા ઉમેશ યાદવે પ્રથમ બોલ પર શિખર ધવનને બોલ્ડ કર્યો હતો.

### પંજાબે ગુજરાતને 3 વિકેટે હરાવ્યું, શશાંક 61 રન બનાવીને અણનમ

છેલ્લી ઓવરના પહેલા બોલ પર વિકેટ ગુમાવ્યા બાદ પણ પંજાબે 3 વિકેટે મેચ જીતી લીધી હતી. ટીમને જીતવા માટે છેલ્લા બોલ પર એક રન બનાવવાનો હતો, પરંતુ દર્શન નલકાંડેએ બાય રન આપી અને પંજાબની ટીમ મેચ જીતી ગઈ.

### મોહિતે 5મી સફળતા અપાવી

ઈમ્પેક્ટ પ્લેયર મોહિત શર્મા 13મી ઓવરમાં પ્રથમ વખત બોલિંગ કરવા આવ્યો હતો. તેણે પોતાની ઓવરના બીજા જ બોલ પર સિકંદર રઝાને કેચ આઉટ કરાવ્યો. સિકંદરે 16 બોલમાં 15 રન બનાવ્યા હતા. પંજાબ માટે 11મી ઓવર નાખવા આવેલા ઉમેશ યાદવની ઓવરમાં શશાંક સિંહે સતત ત્રણ બાઉન્ડરી ફટકારી હતી. જેમાં બે ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે. શશાંકે ચોથા બોલ પર ચોગ્ગો, પાંચમા બોલ પર છગ્ગો અને છઠ્ઠા બોલ પર ચોગ્ગો ફટકાર્યો હતો. ગુજરાતે મોહિત શર્માને ઈમ્પેક્ટ પ્લેયર બનાવ્યો ગુજરાત ટાઈટન્સે મોહિત શર્માને ઈમ્પેક્ટ પ્લેયર બનાવ્યો હતો. તે રાહુલ તેવટિયાના સ્થાને મેદાનમાં આવ્યો છે. ગુજરાતે 18મી ઓવરમાં ચોથી વિકેટ ગુમાવી હતી.

# એબી ડી વિલિયર્સે RCBને બતાવ્યો જીતનો ફોર્મુલા

(એજન્સી) બંગ્લોર | તા 05



રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે IPLની આ સિઝનની શરૂઆત ખુબ જ નિરાશાજનક રહી હતી. RCBએ 3 મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે, બેંગલુરૂ માત્ર 1 મેચ જીતી શકી છે. હવે રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂના ભૂતપૂર્વ બેટ્સમેન એબી ડી વિલિયર્સે કહ્યું કે ટીમને ક્યાં કામ કરવાની જરૂર છે. એબી ડી વિલિયર્સના મતે બેંગલુરૂના તમામ ખેલાડીઓએ યોગદાન આપવું પડશે. આ સિવાય વિરાટ કોહલી માટે મધ્ય ઓવરોમાં ક્રિઝ પર હોવું મહત્વપૂર્ણ છે. 'ફાફ ડુ પ્લેસિસે જોખમ લેવું જોઈએ...' એબી ડી વિલિયર્સે તેની યુટ્યુબ ચેનલ પર કહ્યું કે મને વિશ્વાસ છે કે વિરાટ કોહલી સારૂ પ્રદર્શન કરશે. મધ્ય ઓવરોમાં વિરાટ કોહલી માટે ક્રીઝ પર રહેવું મહત્વપૂર્ણ છે. વિરાટ કોહલી પ્રથમ 6 ઓવરમાં રમતનો માર્ગ બદલવાની ક્ષમતા ધરાવે છે. ફાફ ડુ પ્લેસિસે જોખમ લેવું જોઈએ, પરંતુ વિરાટ કોહલીએ 15મી ઓવર સુધી ક્રિઝ પર રહેવું પડશે. આ સિવાય રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂના બાકીના ખેલાડીઓએ પોતાનું 100 ટકા આપવું પડશે. ડી વિલિયર્સે અત્યાર સુધીની સિઝનમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂના પ્રદર્શન અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ માટે સીઝનની શરૂઆત સારી રહી નથી, અત્યાર સુધી RCBએ પ્રથમ 4 મેચમાંથી 3 માં હારનો સામનો કરવો પડ્યો છે. ડી વિલિયર્સનું માનવું છે કે આ ઘણી ખરાબ શરૂઆત નથી. આ બહુ સારી શરૂઆત નથી અને બહુ ખરાબ પણ નથી. હાલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂની ટીમ વચ્ચે છે, આ ટીમને આગામી 1-2 મેચ જીતવી જરૂરી છે.

# IPL 2024: મુંબઇ માટે કેમ જરૂરી છે સૂર્યકુમાર યાદવ?



T20માં નંબર-1 બેટ્સમેન સૂર્યકુમાર યાદવ લીગમાં વાપસી કરશે ઈન્ડિયન પ્રીમિયર લીગ 2024માં મુંબઈ ઈન્ડિયન્સનું પ્રદર્શન અત્યાર સુધી ઘણું નિરાશાજનક રહ્યું છે. હાર્દિક પંડ્યાની કપ્તાનીવાળી ટીમે અત્યાર સુધી રમાયેલી તમામ 3 મેચોમાં હારનો સામનો કરવો પડ્યો છે. MIએ તેની છેલ્લી 3 મેચોમાં સૂર્યકુમાર યાદવને ખૂબ મિસ કર્યો છે. જો કે ચોથી મેચ પહેલા MI માટે સારા સમાચાર સામે આવ્યા છે.

T20માં નંબર-1 બેટ્સમેન સૂર્યકુમાર યાદવ લીગમાં વાપસી કરી રહ્યો છે. મુંબઈ માટે સૂર્યા કેમ મહત્વપૂર્ણ છે? સૂર્યકુમાર યાદવ મુંબઈ ઈન્ડિયન્સની કરોડરજ્જુ છે. તેની ગેરહાજરીમાં ઓર્ડર ઘણો નબળો દેખાઈ રહ્યો છે. ટોપ ઓર્ડરમાં રોહિત શર્મા અને ઈશાન કિશન બાદ નમન ધીર, ડેવાલ્ડ બ્રેવિસ, તિલક વર્મા અને ટિમ ડેવિડ બેટિંગ કરવા આવી રહ્યા છે. સૂર્યાના વાપસીથી ટીમનો મિડલ ઓર્ડર ઘણો મજબૂત બનશે. મિડલ ઓર્ડરમાં ઝડપી રન બનાવવા ઉપરાંત તે સાવચેતીપૂર્વક બેટિંગ કરવામાં પણ સક્ષમ છે. તે સંજોગો પ્રમાણે પોતાની જાતને અનુકૂળ IPLમાં 139 મેચનો અનુભવ છે. સ્કાય તેના વિચિત્ર શોર્ટથી બોલરોની યોજનાને બગાડે છે.

# પંતને સતત બીજી મેચમાં દંડ ફટકારવામાં આવ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 05



દિલ્હી કેપિટલ્સ (DC)ના કેપ્ટન રિષભ પંતને સતત બીજી મેચમાં દંડ ફટકારવામાં આવ્યો છે. તે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સામે સ્લો ઓવર રેટ માટે દોષી સાબિત થયો હતો. આ માટે તેના પર 24 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)એ ગુરુવારે આ માહિતી આપી.

આ પહેલાં ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) સામેની છેલ્લી મેચમાં પણ તે સ્લો ઓવર રેટ માટે દોષી સાબિત થયો હતો. પરંતુ તે સિઝનની પહેલી ભૂલ હોવાથી 12 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. ઈમ્પેક્ટ પ્લેયર સહિત પ્લેઈંગ-11 પર મેચ ફીનો 25% દંડ પંત ઉપરાંત દિલ્હી કેપિટલ્સના ઈમ્પેક્ટ પ્લેયર સહિત પ્લેઈંગ-11માં સામેલ ખેલાડીઓને મેચ ફીના 25% દંડ ફટકારવામાં આવ્યો છે. વિશાખાપટ્ટનમના ડો. વાયએસ રાજશેખરા રેડ્ડી ક્રિકેટ સ્ટેડિયમમાં ટૉસ જીતીને બેટિંગ કરતા કોલકાતાએ 20 ઓવરમાં 7 વિકેટે 272 રન બનાવ્યા હતા. જવાબમાં દિલ્હીની ટીમ 17.2 ઓવરમાં 166 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ સિઝનમાં ગિલને દંડ પણ ફટકારવામાં આવ્યો છે IPLની આ સિઝનની 7મી મેચમાં ગુજરાત ટાઈટન્સ (GT)ના કેપ્ટન શુભમન ગિલને ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) સામેની મેચમાં દંડ ફટકારવામાં આવ્યો હતો. સ્લો ઓવર રેટના કારણે ટીમના કેપ્ટન ગિલને 12 લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. આ મેચમાં ચેન્નઈએ ગુજરાત ટાઈટન્સ (GT) ને 63 રને હરાવ્યું હતું.

# સ્ટાર ક્રિકેટરનું 33 વર્ષની વયે થયુ નિધન, ક્રિકેટ જગતમાં શોકની લહેર



(એજન્સી) નવી દિલ્હી | તા 05

ભારતમાં સૌથી લોકપ્રિય ક્રિકેટ લીગ IPL ચાલી રહી છે. આ લીગમાં દુનિયાભરના ઘણા ખેલાડીઓ રમી રહ્યા છે અને આખી દુનિયા તેના પર નજર રાખી રહી છે. 4 એપ્રિલ, ગુરુવારે સ્ટાર ક્રિકેટરના નિધનના સમાચાર પ્રકાશમાં આવતાં ક્રિકેટ જગતમાં શોકનું મોજું પ્રસરી ગયું હતું. આ સ્ટાર ક્રિકેટરે માત્ર 33 વર્ષની ઉંમરે દુનિયાને અલવિદા કહી દીધું.

આ ક્રિકેટરને આઈપીએલ સાથે કોઈ લેવાદેવા નથી પરંતુ વિશ્વની આટલી મોટી લીગ વચ્ચે ક્રિકેટ જગત માટે આ દુઃખદ સમાચાર છે. આઈસીસીએ પોતે પોસ્ટ કરીને આ જાણકારી આપી છે. નેશનલ ટીમની કેપ્ટનનું થયું નિધન જે ક્રિકેટરનું નિધન થયું તે પપુઆ ન્યુ ગિની (PNG) આંતરરાષ્ટ્રીય મહિલા ટીમની પૂર્વ કેપ્ટન હતી. તેમના નિધન પછી સમગ્ર પૂર્વ એશિયા-પેસિફિક ક્રિકેટ સમુદાય શોકમાં હતો. આ ક્રિકેટરનું નામ કાઈયા અરુઆ હતું. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ ICCએ ટ્વિટર પર તેની તસવીર સાથે સંપૂર્ણ માહિતી શેર કરી છે. તે એક શાનદાર સુકાની હતી અને તેણે 39 T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં PNGની કેપ્ટનશીપ પણ કરી હતી.

અરુઆ એક શાનદાર ઓલરાઉન્ડર હતો. તેણી 2010 માં પૂર્વ એશિયા પેસિફિક ટ્રોફીમાં પ્રથમ વખત PNG રાષ્ટ્રીય ટીમ માટે રમી હતી.આ પછી તે ટીમનો નિયમિત ભાગ બની ગયો. તેણીને 2017 મહિલા ક્રિકેટ વર્લ્ડ કપના ક્વોલિફાયર રાઉન્ડ માટે પણ ટીમમાં પસંદ કરવામાં કપ ક્વોલિફાયરમાં આયર્લેન્ડ સામે PNG ની કેપ્ટન બની. તે જ વર્ષે તેની ICC મહિલા વૈશ્વિક વિકાસ ટીમમાં પણ પસંદગી કરવામાં આવી હતી.

# IPL વચ્ચે જ સંજુ સેમસનનું વર્લ્ડકપમાંથી કપાશે પત્તુ

(એજન્સી) દિલ્હી | તા 05



IPL 2024ની 16મી મેચમાં KKRએ દિલ્હી કેપિટલ્સને 106 રનથી હરાવ્યું. દિલ્હી ભલે મેચ જીતી શક્યું ન હોય, પરંતુ કેપ્ટન રિષભ પંતે પોતાની ઈનિંગથી બધાના દિલ જીતી લીધા હતા. રોડ અકસ્માત બાદ ક્રિકેટમાં વાપસી કરનાર રિષભ પંત આ સિઝનમાં સતત પોતાનું પ્રદર્શન બતાવતો જોવા મળી રહ્યો છે. પંતે રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસનની મુશ્કેલીઓ વધારી દીધી છે. પંતે બેક ટુ બેક ફિફ્ટી ફટકારી રિષભ પંતે KKR સામે 220ના સ્ટ્રાઈક રેટથી 25 બોલમાં 55 રનની જોરદાર ઈનિંગ રમી હતી. આ ઈનિંગમાં તેણે 4 ચોગ્ગા અને 5 છગ્ગા ફટકાર્યા હતા. આ પહેલા પંતે CSK સામે 32 બોલમાં 51 રન બનાવ્યા હતા. આ દરમિયાન તેના બેટથી 4 ચોગ્ગા અને 3 છગ્ગા આવ્યા હતા. શરૂઆતની 2 મેચમાં પંતે 26 બોલમાં 28 રન અને 13 બોલમાં 18 રન બનાવ્યા હતા. પંતે અત્યાર સુધી રમાયેલી 4 મેચમાં 38ની એવરેજથી 152 રન બનાવ્યા છે. તેના પ્રદર્શનમાં સતત સુધારો જોવા મળી રહ્યો છે.

# કેટલી હોય છે ચીયરલીડર્સની સેલેરી? જાણો કઇ ફ્રેન્ચાઇઝી આપે છે વધુ પગાર

(એજન્સી) નવી દિલ્હી | તા 05



ભારતમાં ઈન્ડિયન પ્રીમિયર લીગની 17મી સિઝન રમાઈ રહી છે. IPL 2024માં એકથી વધુ એક મેચ જોવા મળી રહી છે. આ સિઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદ (277) અને કોલકાતા નાઈટ રાઈડર્સે (272) તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ક્રિકેટ મેચમાં ઘણી ચીયરલીડર્સને જોઈ હશે. બંને ટીમની ચીયર લીડરો મેદાનમાં હોય છે. તેઓ ચોગ્ગા અને છગ્ગા દરમિયાન અથવા વિકેટ લેતા ડાંસ કરી ઉજવણી કરે છે. શું તમે જાણો છો કે ચીયરલીડર્સનો પગાર કેટલો છે?

ચીયરલીડર્સને કેટલો મળે છે પગાર અહેવાલો અનુસાર વિવિધ ફ્રેન્ચાઈઝીઓ ચીયરલીડર્સને અલગ-અલગ પગાર ચૂકવે છે. તેમને પગાર ઉપરાંત કેટલીક અન્ય સુવિધાઓ અને બોનસ પણ આપવામાં આવે છે. મોટાભાગના ચીયર લીડર્સ વિદેશી છે. પૂણે વોરિયર્સ ઈન્ડિયાએ પરંપરાગત પોશાક સાથે 'દેશી શૈલી'માં ભારતીય ચીયરલીડર્સને રજૂ કર્યા. ભારતની કાળઝાળ ગરમીમાં લોકો સામે ડાન્સ, મોડલિંગ અને પર્ફોર્મ કરવા માટે ઘણી મહેનત કરવી પડે છે, તેથી ચીયરલીડર્સને સારો પગાર મળે છે. KKR આપે છે સૌથી વધુ પૈસા સામાન્ય રીતે એક ચીયરલીડરને મેચ દીઠ લગભગ 15 થી 17 હજાર રૂપિયા મળે છે. ફ્રેન્ચાઈઝી તેમના રહેઠાણ, ભોજન અને મુસાફરીના ખર્ચાઓ પણ ચૂકવે છે. કોલકાતા નાઈટ રાઈડર્સ ચીયરલીડર્સને સૌથી વધુ રકમ ચૂકવે છે. અહેવાલો અનુસાર KKR એક ચીયરલીડરને 24 થી 25 હજાર રૂપિયા પ્રતિ મેચ ચૂકવે છે. જો ટીમ સારું પ્રદર્શન કરે તો KKR ચીયરલીડર્સને અમુક પ્રકારનું બોનસ પણ આપે છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) અને મુંબઈ ઈન્ડિયન્સ (MI) એક ચીયરલીડરને મેચ દીઠ 20 હજાર રૂપિયા અને ચેન્નાઈ સુપર કિંગ્સ લગભગ 17 હજાર રૂપિયા ચૂકવે છે.

## હાર્દિક પંડ્યાનું ટેન્શન થશે ઓછુ! મુંબઈ ઈન્ડિયન્સ સાથે જોડાશે નંબર વન T20 બેટર

IPL 2024માં મુંબઈ ઈન્ડિયન્સ ટીમ માટે કંઈ સારું થઈ રહ્યું નથી. નવા કેપ્ટન હાર્દિક પંડ્યાની આગેવાનીમાં ટીમને પ્રથમ ત્રણ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. જે બાદ હવે હાર્દિક પંડ્યાનું ટેન્શન ઓછું કરે તેવાં કેટલાક રાહતના સમાચાર સામે આવ્યા છે. T20 ક્રિકેટનો નંબર-1 બેટર સૂર્યકુમાર યાદવ હવે ફિટ થઈ ગયો છે. એટલું જ નહીં હવે તેના MIમાં પરત ફરવાની તારીખ પણ જાહેર થઈ ગઈ છે. મળેલા અહેવાલો મુજબ સૂર્યકુમાર યાદવને NCA તરફથી ફિટનેસ ક્લિયરન્સ મળી ગયું છે. સૂર્યા આવતીકાલે એટલે કે 4 એપ્રિલના રોજ મુંબઈ ઈન્ડિયનની ટીમ સાથે જોડાઈ જશે. સૂર્યા અત્યાર સુધી બેંગલુરુ સ્થિત નેશનલ ક્રિકેટ એકેડમીમાં હતો. પરંતુ હવે તે ક્રિકેટના મેદાન પર વાપસી કરવા તૈયાર છે. સૂર્યા મુંબઈ ઈન્ડિયન્સની જર્સીમાં જોવા મળી સૂર્યકુમાર યાદવ તેના હોમ ગ્રાઉન્ડ પર વાપસી કરી શકે છે. જો કે આ અંગે ફ્રેન્ચાઈઝી તરફથી હજુ સુધી કંઈ કહેવામાં આવ્યું નથી. સૂર્યા આવતીકાલે ટીમ સાથે જોડાયા બાદ નેટ્સમાં પ્રેક્ટિસ કરશે અને જો ફ્રેન્ચાઈઝી તેને સંપૂર્ણ રીતે ફિટ માને માનશે તો તે રવિવારે મેદાનમાં ઉતરી શકશે.

# પર્પલ કેપ હોલ્ડર ખેલાડી આગામી મેચમાંથી બહાર થતાં ચેન્નઈની મુશ્કેલી વધી

IPL 2024માં તેની ચોથી મેચ પહેલા એમ.એસ ધોનીની આગેવાની હેઠળની ચેન્નઈ સુપર કિંગ્સને આંચકો લાગ્યો છે. IPL 2024 પર્પલ કેપ હોલ્ડર અને CSK ટીમનો મુખ્ય બોલર મુસ્તફિઝુર રહેમાન આગામી મેચમાં ઉપલબ્ધ રહેશે નહીં. આટલું જ નહીં તે IPL 2024ની બાકીની આખી સિઝનમાંથી બહાર પણ થઈ શકે છે. તે કોઈ સમસ્યાને કારણે બાંગ્લાદેશ પરત ફર્યો છે અને તે ક્યારે ભારત પરત ફરશે તે અંગે કોઈ અહેવાલ સામે આવ્યા નથી.મુસ્તફિઝુર તેના યુએસ વિઝા માટે બાયોમેટ્રિક્સ પ્રક્રિયા પૂર્ણ કરવા બાંગ્લાદેશ ગયો છે. બાયોમેટ્રિક્સ પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી પણ, તે ભારત આવી શકશે નહીં, કારણ કે તેને પાસપોર્ટ પરત કરતા પહેલા રાહ વેઈટિંગ પીરિયડમાંથી પસાર થવું પડશે. આ દરમિયાન તે પોતાના દેશમાં જ રહેશે. જો આમ થશે તો તે ચેન્નઈ માટે એક કરતા વધુ મેચ ગુમાવશે. મુસ્તફિઝુર રહેમાન બાંગ્લાદેશ પરત ફરી ગયો છે અને તેથી એવી સંભાવના છે કે તે પાંચમી એપ્રિલે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે રમાનાર આગામી મેચ માટે ઉપલબ્ધ નહીં હોય.

# IPLની આ સિઝને દર્શકોની સંખ્યા મામલે સર્જ્યો નવો રેકોર્ડ

(એજન્સી) નવી દિલ્હી | તા 05



IPL 2024: ઈન્ડિયન પ્રીમિયર લીગની 17મી સિઝનએ દર્શકોની સંખ્યાના મામલે નવા રેકોર્ડ બનાવ્યા છે. IPL 2024 સીઝનની શરૂઆત 22 માર્ચે ચેન્નઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચેની મેચ સાથે થઈ હતી. આ મેચ 16.8 કરોડ લોકોએ લાઈવ જોઈ હતી અને તેનો જોવાનો સમય 1,276 કરોડ મિનિટનો હતો. ચેન્નઈ અને બેંગ્લોર મેચ આ ઈન્ડિયન પ્રીમિયર લીગના ઈતિહાસમાં સૌથી વધુ જોવાયેલી ઓપનિંગ મેચ પણ બની ગઈ છે. આ આંકડા સાબિત કરવા માટે પૂરતા છે કે લીગ તરીકે IPL સતત સુધરી રહી છે. જાણો પ્રથમ 10 મેચમાં દર્શકોએ કેવી રીતે નવા રેકોર્ડ બનાવ્યા. આઈપીએલની હાલ ચાલતી સીઝનની પ્રથમ દસ મેચોના દર્શકોની સંખ્યા 35 કરોડ 58 લાખ પહોંચી ગઈ હતી. જે અત્યાર સુધીની તમામ સીઝનનો પ્રથમ દસ મેચનો રેકોર્ડ છે. કોરોના કાળમાં મોટાભાગના ચાહકો ઘરમાં જ હતા તો પણ આ આંકને સ્પર્શી નહોતા શક્યા. મીનીટની રીતે જોઈએ તો 8028 મીનીટો મેચ જોવાઈ છે. જે ગયા વર્ષ કરતા 20 ટકા વધુ છે. આઈપીએલની મેચોનું જીવંત પ્રસારણ 10 ભાષાઓમાં થાય છે. મુક બધીર ચાહકો માટે પણ સંકેતોથી કોમેન્ટરી અપાય છે. જો કે 35 કરોડના દર્શકોના આંકમાંથી 16.8 કરોડ ચેન્નઈ-બેંગ્લોર વચ્ચેની સીઝનની પ્રથમ મેચના જ હતા તે રીતે જોઈએ તો બાકીની નવ મેચોના દર્શકોનો કુલ આંક 18.2 થાય છે.

# IPL વચ્ચે દિલ્હીના સ્ટાર બેટ્સમેનની મુશ્કેલીઓ વધી



(એજન્સી) દિલ્હી | તા 05

દિલ્હી કેપિટલ્સના સ્ટાર બેટ્સમેન પૃથ્વી શોની મુશ્કેલીઓ ઓછુ થવાનું નામ લઈ રહી નથી. ગયા વર્ષના વિવાદે IPLની મધ્યમાં એન્ટ્રી કરી છે. સપના ગીલની ફરિયાદ પર કોર્ટે પોલીસને તપાસનો આદેશ આપ્યો છે. સપના ગિલે પૃથ્વી શો પર છેડતીનો આરોપ લગાવ્યો હતો. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ એસસી તાયડેએ પોલીસને 19 જૂન સુધીમાં તપાસ રિપોર્ટ સોંપવાનો આદેશ આપ્યો છે. કોર્ટે પૃથ્વી શો અને અન્યો સામે FIR ન નોંધવા બદલ પોલીસ સામે પગલાં લેવાની ગીલની અરજીને ફગાવી દીધી હતી. અંધેરી એરપોર્ટ પોલીસ સ્ટેશન પહોંચી સપના ગિલ તમને જણાવી દઈએ કે સપના ગિલે ભારતીય ક્રિકેટર પૃથ્વી શો પર અંધેરીના એક પબમાં તેની છેડતી કરવાનો આરોપ લગાવ્યો હતો. પૃથ્વી શોએ તમામ આરોપોને નકારી કાઢ્યા હતા. હાલમાં પૃથ્વી શો IPL 2024 સીઝનમાં દિલ્હી કેપિટલ્સ તરફથી રમી રહ્યો છે. ફેબ્રુઆરી 2023માં પૃથ્વી શો અને અન્ય લોકો પર હુમલો કરવાના આરોપમાં ગિલ અને તેના મિત્રોની ધરપકડ કરવામાં આવી હતી. ગિલ હાલમાં જામીન પર છે, જામીન મળ્યા બાદ તે શો, તેના મિત્ર આશિષ યાદવ અને અન્યો સામે ફરિયાદ નોંધાવવા અંધેરી એરપોર્ટ પોલીસ સ્ટેશન પહોંચી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા હાથ ધરવામાં આવેલા ચૂંટણી સર્વેક્ષણના તારણો

અમેરિકામાં નવેમ્બર મહિનામાં પ્રમુખપદ માટે ચૂંટણી યોજાવાની છે. રાષ્ટ્રપતિપદ માટેની ચૂંટણીમાં વર્તમાન પ્રમુખ જો બાઈડેન અને પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે કાંટાની ટક્કર છે. તે દરમિયાન સામે આવેલા ઓપિનિયન પોલના પરિણામો ચોંકાવનારા છે. કહેવાય છે કે બાઈડેન સાત પૈકીના છ રાજ્યોમાં હરીફ ઉમેદવાર ટ્રમ્પથી પાછળ ચાલી રહ્યા છે. વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં જાણકારી મળી છે કે મતદારો રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાથી સંતુષ્ઠ નથી. લોકો બાઈડેનની કામ કરવાની ક્ષમતા સામે પણ શંકા સેવી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ પેન્સિલ્વેનિયા, મિશિગન, એરિઝોના, જ્યોર્જિયા, નેવાડા અને નોર્થ કેરોલિનામાં સમર્થન આંકમાં 2 થી 8 ટકા આગળ ચાલી રહ્યા છે.

### રશિયા: મૉસ્કો આતંકી હુમલા કેસના વધુ ત્રણ આરોપીની ધરપકડ

રશિયાની FSB સુરક્ષા સેવાએ ગુરુવારે જણાવ્યું હતું કે તેણે ગયા મહિને મૉસ્કોના એક કોન્સર્ટ હૉલમાં થયેલા આતંકવાદી હુમલામાં સંડોવણીની શંકામાં વધુ ત્રણ લોકોની ધરપકડ કરી છે. હથિયારધારી શખ્સો મૉસ્કોની હદમાં આવેલા ક્રોકસ સિટી હૉલ પર હુમલો કર્યો અને બિલ્ડિંગને આગ લગાડી દીધી. આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ (IS)આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી જેમાં 140થી વધુ લોકો માર્યા ગયા હતા. એફએસબીએ ગુરુવારે જણાવ્યું હતું કે તેણે મોસ્કોમાં હુમલા માટે ભંડોળ અને લોકોની ભરતી કરવાના આરોપમાં ત્રણ લોકોની ધરપકડ કરી હતી.

### ગ્રીસના આર્મી ચીફ ભારતની મુલાકાતે આવશે, તુર્કીના પેટમાં તેલ રેડાશે

પાકિસ્તાનને ખુલ્લેઆમ સમર્થન આપી રહેલા તુર્કીને ગ્રીસ સાથે વાંધો છે અને ભારતે તુર્કીને જવાબ આપવા માટે ગ્રીસ સાથેના સબંધો મજૂબત કરવા માંડ્યા છે.જેના ભાગરુપે ગ્રીસના લશ્કરી વડા જનરલ દિમિત્રિયોસ આગામી સપ્તાહે ભારતની મુલાકાતે આવશે.બંને દેશો વચ્ચે સંરક્ષણ ક્ષેત્રમાં ઘણી સમજૂતિઓ થાય તેવી શક્યતા છે. ગ્રીસના મીડિયાના અહેવાલ પ્રમાણે બંને દેશ પહેલી વખત સેના, નૌસેના તેમજ વાયુસેનાની સાથે સાથે સ્પેશિયલ ફોર્સીસના સંયુક્ત યુધ્ધાભ્યાસથી માંડીને બીજી ઘણી બાબતો પર એક બીજાને સહકાર આપવા માટે ચર્ચા કરશે.

### આખું વરસ સસ્તું વેચાયું રશિયન તેલ, અમેરિકાએ કર્યા ભારતના વખાણ

રશિયા યુક્રેન યુદ્ધ દરમિયાન રશિયા પર લગાવવામાં આવેલ અમેરિકન પ્રતિબંધોની અમેરિકાના ટ્રેઝરી વિભાગ દ્વારા પ્રશંસા કરવામાં આવી છે. ટ્રેઝરી વિભાગના આર્થિક નીતિઓના સચિવ એરિક વાન નોસ્ટ્રેન્ડે કહ્યું છે કે અમેરિકાએ રશિયન તેલના ભાવ મર્યાદિત કરી દીધા છે, જેનો ફાયદો ભારત સહિત અનેક દેશોને થયો છે. તેમણે જણાવ્યું કે યુક્રેન સાથે યુદ્ધ શરૂ થયું ત્યારે અમેરિકાએ રશિયા પર ઘણા પ્રતિબંધો લગાવ્યા હતા, જેના કારણે દુનિયાએ રશિયા પાસેથી તેલ લેવાનું બંધ કરી દીધું, આનો સૌથી વધુ ફાયદો ભારતને થયો. આ પગલાને કારણે ભારતને રશિયા પાસેથી સસ્તા ભાવે તેલ મળતું રહ્યું.

### ઈરાનમાં જૈશ-અલ-અદલનું ભયાનક કારસ્તાન, ચાબહાર સહિત ત્રણ સ્થળને કરાયા ટાર્ગેટ

ઈરાનમાં મોટો આતંકવાદી હુમલો થયો છે, સુન્ની બલોચ જૂથ જૈશ-અલ-અદલે દક્ષિણ-પૂર્વ ઈરાનમાં ત્રણ સૈન્ય ચોકીઓને નિશાન બનાવીને હુમલો કર્યો છે. આ હુમલામાં સેનાના ત્રણ જવાનો અને અન્ય 10 લોકોના મોત થયા હોવાના અહેવાલો મળી રહ્યા છે. આ હુમલા ઈરાનના ચાબહાર, રસ્ક અને સરબાઝમાં કરવામાં આવ્યા હતા. ગુરુવારે સવારે, ઈરાનના નાયબ ગૃહમંત્રી માજિદ મીરહમાદીએ મીડિયાને જણાવ્યું હતું કે ચાબહારમાં ઈરાનના કાયદા અમલીકરણ મુખ્યાલય અને રસ્કમાં રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC) બેઝને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ બંને સ્થળો સિસ્તાન અને બલુચિસ્તાન પ્રાંતમાં છે.

### "ડ્રેગન ખોટા સપના જોવાનું મુકી દે..." ભારતે ચીનને આપ્યો જડબાતોડ જવાબ

ભારત સરકારે અરુણાચલ પ્રદેશમાં 30 સ્થળોના નામ બદલવાના ચીનના પ્રયાસને સંપૂર્ણપણે ફગાવી દીધો છે. વિદેશ મંત્રાલયે ગુરુવારે કહ્યું કે નામ બદલવાનો પ્રયાસ એ વાતને નકારી શકે નહીં કે, અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો છે અને રહેશે. કાલ્પનિક શહેરના નામ રાખવા પર ભારતે ચીનને આપ્યો સણસણ તો જવાબ વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, અમે વારંવાર આ મુદ્દા પર વાત કરી છે. અમે છેલ્લા કેટલાક અઠવાડિયામાં કેટલાક નિવેદનો આપ્યા છે. અમે અમારા નિવેદનને પુનરાવર્તિત કર્યું છે. કેટલાક નામ લઈને વાસ્તવિકતા ન બદલો. આ વાસ્તવિકતા છે. અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન, અવિભાજ્ય ભાગ છે અને તે આમ જ રહેશે.

## બ્રિટિશ અખબારે લખ્યું- ભારત પાકિસ્તાનમાં ટાર્ગેટ કિલિંગ કરાવી રહ્યું છે



બ્રિટિશ અખબાર 'ધ ગાર્ડિયને' પોતાના એક અહેવાલમાં લખ્યું છે કે ભારત પોતાની નવી વિદેશ નીતિ હેઠળ પાકિસ્તાન અને અન્ય દેશોમાં હત્યાઓ કરાવી રહ્યું છે. બ્રિટિશ અખબાર 'ધ ગાર્ડિયન'એ તેના એક અહેવાલમાં ભારત પર પાકિસ્તાનમાં ટાર્ગેટ કિલિંગના આરોપ લગાવ્યા છે. આ મામલે વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે, 'ટાર્ગેટ કિલિંગ ભારતની વિદેશ નીતિમાં નથી.' તેમજ, વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે આરોપો ખોટા છે અને ભારત વિરુદ્ધ પ્રોપેગન્ડા ચલાવવામાં આવી રહ્યો છે. ખરેખરમાં, બ્રિટિશ અખબારે તેના સમાચારમાં લખ્યું છે, 'ભારતીય અને પાકિસ્તાની ગુપ્તચર અધિકારીઓએ 'ધ ગાર્ડિયન'ને જણાવ્યું હતું કે ભારત સરકારે વિદેશમાં રહેતા આતંકવાદીઓને ખતમ કરવાની પોતાની વ્યૂહરચનાના ભાગરૂપે પાકિસ્તાનમાં ઘણા લોકોની હત્યા કરી છે.'

## અમેરિકામાં સૂર્યગ્રહણથી 13 હજાર કરોડ રૂપિયાનો બિઝનેસ

**» 8 એપ્રિલ માટે મહિનાઓ પહેલાં તૈયારી શરૂ**

(એજન્સી) ન્યુયોર્ક | તા.05

મેક્સિકો, ઉત્તર અમેરિકા અને કેનેડામાં 8 એપ્રિલે સંપૂર્ણ સૂર્યગ્રહણ જોવા મળશે. આ સમયગાળા દરમિયાન 'પાથ ઓફ ટોટાલિટી'માં આવતા અમેરિકાના ઓછામાં ઓછા 12 રાજ્યોમાં લગભગ 4 મિનિટ માટે અંધારું રહેશે. આસપાસના વિસ્તારોમાંથી લગભગ 50 લાખ લોકો આ અદ્ભુત ઘટના જોવા આવે તેવી શક્યતા છે. આ જોતાં હોટલોની માગમાં પણ 12 ગણો વધારો થયો છે. એમ્સ્ટરડેમમાં આઈટી કન્સલ્ટન્ટ ડો ટ્રિન્હ 30 હજાર ફૂટની ઊંચાઈએથી આ અદ્ભુત ઘટનાને નિહાળશે. આ માટે તેમણે ચાર મહિના અગાઉ સંશોધન કર્યું હતું અને ગ્રહણના માર્ગ પરથી પસાર થતા વિમાનોના રૂટ શોધી કાઢ્યા હતા. ત્રણ ગણી કિંમત ચૂકવીને જમણી બાજુની વિન્ડો સીટ લીધી. ટ્રિન ગ્રહણ જોવા માટે 8 એપ્રિલે સેન્ટ એન્ટોનિયોથી ડેટ્રોઈટ સુધી 30 કલાકની મુસાફરી કરશે. લોકોની નિરાશા જોઈને ડેલ્ટા એરલાઈન્સે બે વિશેષ ફ્લાઈટની જાહેરાત કરી અને 83 હજાર રૂપિયાની ટિકિટો તરત જ વેચાઈ ગઈ.

તે જ સમયે, ઘણી એરલાઇન કંપનીઓ સરકાર પાસેથી વળાંકવાળા માર્ગની મંજૂરી મેળવવામાં વ્યસ્ત છે જેથી જમણી અને ડાબી બંને બાજુની વિન્ડો સીટ પર બેઠેલા લોકો આરામથી આ મનોહર દ્દશ્ય જોઈ શકે. આ બધા સહિત અમેરિકામાં આગામી 4 દિવસમાં સૂર્યગ્રહણ માટે 13 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે. ટર્નઓવરની સંભાવના છે. જાણકારોના મતે આ વખતે વધુ ઉત્સાહ છે.

## શું કચ્ચાતિવુ ટાપુ ભારતને પરત આપશે શ્રીલંકા? મંત્રીએ આપ્યો જવાબ

(એજન્સી) કચ્ચાતિવુ | તા 05

કચ્ચાતિવુ ટાપુ મામલે શ્રીલંકાએ જવાબ આપ્યો છે. મત્સ્ય પાલન મંત્રી ડગલસ દેવાનંદે આ મામલે નિવેદન આપતા જણાવ્યું છે કે કચ્ચાતિવુ ટાપુ શ્રીલંકા પાસેથી પરત લેવા મામલે ભારત તરફથી આવી રહેલા નિવેદનોનો કોઈ જ આધાર નથી. શ્રીલંકાના સીનીયર તમિલ નેતા દેવાનંદે આ ટિપ્પણી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કોંગ્રેસ અને તેની સહયોગી પાર્ટી દ્રવિડ મુનેત્ર કષગમ (DMK) પર નિશાન સાધતા કરવામાં આવેલ નિવેદન બાદ આવ્યું છે. પીએમ મોદીએ બંને પક્ષો પર 1974માં કચ્ચાતિવુ ટાપુ શ્રીલંકાને સોંપવાને રાષ્ટ્રીય હિતોની અદેખાઈ કરવાનો આરોપ લગાવ્યો હતો. દેવાનંદે જણાવ્યું હતું કે, 'મને લાગે છે કે ભારત પોતાના હિતોને જોતા આ સ્થળો મેળવવા માટે કામ કરી રહ્યું છે જેથી તે સુનિશ્ચિત કરી શકાય કે શ્રીલંકન માછીમારોની તે સ્થળો સુધી કોઈ પહોંચ ન રહે અને શ્રીલંકા સંસાધનોથી ભરપુર આ પ્રદેશ પર કોઈ દાવો ન કરી શકે.' તેમણે આગળ જાણવું કે કચ્ચાતિવુ ટાપુ શ્રીલંકા પાસેથી પરત લેવાના નિવેદનોનો કોઈ જ આધાર નથી.' જાણો શું કહ્યું શ્રીલંકાએ? શ્રીલંકાના મંત્રી ડગલસ દેવાનંદે કહ્યું છે કે 197ના કરાર અનુસાર બંને પક્ષોના માછીમારો આ બંને દેશોના જળવિસ્તારમાં માછીમારી કરી શકે છે. પરંતુ બાદમાં તેની સમીક્ષા કરવામાં આવી અને 1976માં આ કરારમાં સંશોધન કરવામાં આવ્યું. સ્થાનિક માછીમારોએ ભારતીય માછીમારોને શ્રીલંકન જળવિસ્તારમાં ગેરકાયદેસર રીતે માછીમારી કરતા રોકવા માટે મોટા પ્રમાણમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમની કહેવું હતું કે ભારતીયો દ્વારા તળેટીમાં માછીમારી કરવી શ્રીલંકન માછીમારોના હિતો વિરુધ છે. આ વર્ષે અત્યાર સુધી ઓછામાં ઓછા 178 ભારતીય માછીમારોને શ્રીલંકન નેવી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને તેમના 23 ટ્રોલર્સ પણ જપ્ત કર્યા હતા.

## ચીન : ઓનલાઇન ઈન્ફ્લુએન્સર્સ દેશની મોટી ટેક કંપનીઓ તેમજ જાણીતી હસ્તીઓને દેશદ્રોહી ગણાવે

**» ચીન તેની અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા, સ્થાનિક કંપનીઓને ટેકો આપવા અને સમૃદ્ધ વર્ગને નફાની ખાતરી આપવાનો પ્રયાસ કરવામાં વ્યસ્ત છે.**

(એજન્સી) બેઈજિંગ | તા 05

ચીન તેની અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા, સ્થાનિક કંપનીઓને ટેકો આપવા અને સમૃદ્ધ વર્ગને નફાની ખાતરી આપવાનો પ્રયાસ કરવામાં વ્યસ્ત છે. પરંતુ તેના પ્રયાસો એક અલગ પ્રકારના પડકારનો સામનો કરી રહ્યા છે. અહીંના ઓનલાઈન ઈન્ફ્લુએન્સર્સ દેશની જાણીતી હસ્તીઓ, અમીરો અને કંપનીઓ પર હુમલો કરી રહ્યા છે. તાજેતરમાં તેઓએ સૌથી ધનિક વ્યક્તિ અને સૌથી મોટી ટેક કંપનીને દેશદ્રોહી અને છેતરપિંડી કરનારા કહીને બહિષ્કાર કરવાની હાકલ કરી હતી.



ચીનની સૌથી અમીર વ્યક્તિના પુત્ર ઝોંગ શાનશાન પાસે અમેરિકાની નાગરિકતા છે. આ કારણે ગયા મહિને શાનશાના આખા પરિવારને ઓનલાઈન ટીકાનો સામનો કરવો પડ્યો હતો. એટલું જ નહીં શાનશાનની કંપની નોંગફૂ જાપાન માટે કામ કરતી હોવાનો પણ આરોપ લગાવ્યો હતો. તેના લીધે શાનશાનને હજારો કરોડો રૂપિયાનું નુકસાન વેઠવાના વારો આવ્યો હતો. જ્યારે સાથી કંપનીના માલિકોએ બચાવ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. ટેક કંપની હ્યુઆવેઈ દ્વારા તેની ચિપ શ્રેણી કિરીન નામ આપવાનો નિર્ણય રાજદ્રોહ સાથે જોડાયેલો હતો. નિષ્ણાતો કહે છે કે આર્થિક મંદી સંપત્તિ અથવા સમૃદ્ધિ પ્રત્યે ઘણા પ્રકારની વિરોધી આપે છે. પરંતુ ચીનમાં ઈન્ફ્લુએન્સર્સ ઈન્ટરનેટ યુઝર્સને તે ભાવનાને આક્રમક રાષ્ટ્રવાદ સાથે મિશ્રિત કરવા પ્રોત્સાહિત કરી રહ્યા છે.

## વિશ્વની સૌથી યુવાન અબજોપતિ બનેલી યુવતી લિવિયા ફોર્બ્સની યાદીમાં ટોપ પર

(એજન્સી) બ્રાઝિલ | તા 05



જેમાં બ્રાઝિલની એક 19 વર્ષીય કૉલેજની વિદ્યાર્થિનીનું નામ આ યાદીમાં ટોપ પર છે. દુનિયાની અઢળક સંપત્તિ માલિક લિવિયા વોઈગટ છે. ફોર્બ્સ અનુસાર સૌથી યુવાન અબજપતિ બનવાના મુદ્દે ઈટાલીની ક્લેમેટ ડેલ વેક્ચિયોને પાછળ છોડી દીધી છે. જે તેનાથી માત્ર બે મહિના યાદીમાં જેરોધાના સ્થાપક નીતિન અને નિખિલ કામથ ભારતના સૌથી યુવા અબજોપતિ છે. કોણ છે લિવિયા વોઈગટ ? બ્રાઝિલમાં રહેતી લિવિયા વોઈગટ(Livia Voigt)ને પોતાના દાદા પાસેથી વારસામાં ઈલેકટ્રિક મોટર બનાવનારી કંપનીમાં મહત્ત્વનો હિસ્સો મળ્યો છે. આ લેટિન અમેરિકામાં પોતાની રીતે સૌથી મોટી કંપની છે. આ ખાનગી કંપનીની શરૂઆત લિવિયાના દાદાએ કરી હતી. હવે તે આ કંપનીની ટોપ શેર હોલ્ડર બની ગઈ છે. લિવિયાની નેટવર્થ જાણી ચોંકી જશો અનુસાર, લિવિયા હજી એક યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહી છે. ફોર્બ્સે તેમની નેટવર્થ 1.1 બિલિયન ડોલર આંકી છે. આ ઉપરાંત તેની મોટી બહેન ડોરા વોઈગટ ડી અસિસ જે માત્ર 26 વર્ષની છે. તે પણ ધનિક છે. અને તેની નેટવર્થ 1.1 બિલિયન ડોલર છે. ડોરાએ આર્કિટેકચરમાં ડિગ્રી મેળવી છે. ભારતમાં સૌથી યુવાન અબજપતિ કોણ છે? દેશમાં સૌથી ઓછી ઉંમરના અબજપતિમાં જેરોધાના ફાઉન્ડર અને નિખિલ કામથ ભારતમાં નાની વયના અબજપતિ છે.

## PoKમાં બ્રિટિશ અધિકારીએ યાક પર બેસી ફોટો પડાવતા સોશિયલ મીડિયા પર ટ્રોલ

(એજન્સી) કરાંચી | તા 05

પાડોશી દેશ પાકિસ્તાનમાં બ્રિટના ડિફેન્સ એડવાઈઝર બ્રિગેડિયર પોલ હેહર્સને સોશિયલ મીડિયા પર ફોટા પોસ્ટ કરવા ભારે પડયા છે. કારણ કે તેમને બાદમાં ભારે ટીકા કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા ફોટામાં તેઓ પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીરમાં પાકિસ્તાની સૈન્ય જવાનો સાથે યાકની સાથે દેખાયા હતા. સોશિયલ મીડિયાની પોસ્ટમાં બ્રિટિશન અધિકારી પોતાની ટીમ અને પાકિસ્તાની સૈન્યના જવાનો યાક પર બેઠા જોઈ શકાતા હતા. ફોટામાં તેઓ પ્રતિકૂળ હવામાનમાં 18 હજાર ફૂટ પર સૈનિકો સુધી પુરવઠો પૂરો પાડવા માટે યાકની મદદનું પ્રદર્શન કરતા જોઈ શકાતા હતા. તેમને પોસ્ટમાં એવું કેપ્શન લખ્યું કે, 'અમારી યજમનાની કરવા અને અને અમને યાક સાથે મુલાકાત કરવા બદલ આભાર' સોશિયલ મીડિયા પર પીઓકેના ફોટા શેર કર્યા પછી બ્રિટિશ અધિકારી ભારતીય યુઝર્સના ટાર્ગેટ પર આવી ગયા હતા. તેમને પીઓકેમાં પાકિસ્તાની સૈન્ય સાથે ફોટા પડાવતા ટ્રોલ કર્યા હતા. કેટલાક યુઝર્સે પાકિસ્તાની અધિકારીઓને ટાર્ગેટ કર્યા હતા. જો કે તેમના આ પોસ્ટ હવે જોઈ નહીં શકાય. કારણ કે સોશિયલ મીડિયા એક્સે તેમનું એકાઉન્ટ સસ્પેન્ડ કરી દીધું છે. પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને લઈને ઘણા વિવાદો છે. તે વિસ્તારમાંથી એવી વસ્તુઓ પણ શકતા નથી, તેઓ તેને સાથે રાખવા માટે જ તેના પર કબજો કરી રહ્યાં છે.

## અમેરિકામાં એક ભારતીય સહિત બેની હત્યા કરનાર આરોપીને કોર્ટે ફાંસીની સજા આપી

(એજન્સી) વોશિંગ્ટન | તા 05

અમેરિકાના રાજ્ય ઓક્લાહોમામાં વર્ષ-2002માં એક ભારતીય સહિત બે લોકોની ગોળી મારીને હત્યા કરનાર ગુનેગારને ગુરુવારે ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી. મળતી માહિતી અનુસાર, માઈકલ ડેવેન સ્મિથને મેકએલેસ્ટર ટાઉનશીપમાં ઓક્લાહોમા સ્ટેટ પેનિટેન્ટરીમાં ઘાતક ઈન્જેક્શન દ્વારા ફાંસી આપવામાં આવી હતી. માઈકલ ડેવેન સ્મિથ 22 ફેબ્રુઆરી, 2002ના રોજ અલગ-અલગ ઘટનાઓમાં 24 વર્ષીય ભારતીય સ્ટોર ક્લાર્ક શરથ પુલુરુ અને 40 વર્ષીય જીનેટ મૂરની હત્યા માટે મૃત્યુદંડની સજા ભોગવી રહ્યો હતો. ઓક્લાહોમાના એટર્ની જનરલ જેન્ટનર ડ્રમન્ડે સ્મિથની ફાંસી પર એક નિવેદન બહાર પાડતાં કહ્યું, હું પ્રાર્થના કરું છું કે આજનો દિવસ જેનેટ મિલર-મૂર અને શરત પુલુરુના પરિવારોને થોડીક શાંતિ લાવે. તેમના પરિવારને ન્યાય માટે 22 વર્ષ રાહ જોવી પડી હતી અને તેઓ જે પીડા સહન કરી હતી તેના માટે મારું હૃદય તેમના માટે તૈયાર છે. તેણે વધુમાં કહ્યું કે હું ઈચ્છું છું કે ઓક્લાહોમાના લોકોને ખબર પડે કે માઈકલ સ્મિથે જે બે લોકોની હત્યા કરી હતી તે ખૂબ જ શિષ્ટ અને સારા લોકો હતા. તેના નસીબે તેને સાથ આપ્યો ન હતો. શરત એક પ્રતિભાશાળી યુવાન હતો જે અમેરિકા ભણવા આવ્યો હતો. તેઓ તેમના પરિવારના ઘણા લોકો માટે પ્રેરણારૂપ હતા.તેણે કહ્યું કે બંનેની હત્યા એટલા માટે કરવામાં આવી છે કારણ કે તેઓ ખોટા સમયે ખોટી જગ્યાએ હતા.

## ઈઝરાયલની સેનાએ ગાઝામાં હુમલા માટે AIની મદદ લીધી હોવાનો ચોંકાવનારો રિપોર્ટમાં દાવો

(એજન્સી) હમાસ | તા 05

હમાસ સાથે ઈઝરાયલનું યુદ્ઘ છ મહિનાથી ચાલી રહ્યું છે તેવામાં એક મહત્ત્વનો દાવો થઈ રહ્યો છે. હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે હમાસના આતંકવાદીઓને નિશાન બનાવવા માટે ઈઝરાયેલની સેના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની પણ મદદ લઈ રહી છે. તમને જણાવી દઈએ કે, આ માહિતી ઈઝરાયેલના ગુપ્તચર અધિકારીઓના હવાલાથી એક મીડિયા રિપોર્ટમાં આ વાત સામે આવી છે. ઈઝરાયેલના અધિકારીઓનું કહેવું છે કે AI-આધારિત ટૂલનું નામ 'લેવેન્ડર' હતું. તેમાં પણ 10 ટકા ભૂલ કરવી પડી હતી. જ્યારે ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ (IDF) ને આ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેઓએ ટૂલના અસ્તિત્વ પર વિવાદ કર્યો ન હતો. જો કે, તેણે એ વાતનો ઈનકાર કર્યો હતો કે શંકાસ્પદ આતંકવાદીઓને ઓળખવા માટે AIનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તે જ સમયે, એક અધિકારીનું કહેવું છે કે મશીન રબર સ્ટેમ્પની જેમ કામ કરતું હતું. તે પ્રથમ પુરુષને ઓળખશે અને 20 સેકન્ડની અંદર હુમલો કરશે. AIનો ઉપયોગ એક દૂષણ અહેવાલ મુજબ, એક લાંબા નિવેદનમાં સેનાએ ભારપૂર્વક કહ્યું કે માહિતી પ્રણાલી આતંકવાદીઓને ઓળખવાની પ્રક્રિયામાં માત્ર એક કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે યુદ્ધ દરમિયાન નાગરિકોને ઓછું નુકસાન થાય. સેનાનું એમ પણ કહેવું છે કે વિશ્લેષકોએ નિયમોને ધ્યાનમાં લઈને સ્વતંત્ર તપાસ કરવી જોઈએ.

## ઈરાનની ધમકી બાદ ઈઝરાયેલે સૈનિકોની રજાઓ રદ કરી, તમામ દૂતાવાસો પણ એલર્ટ પર

જેરુસલેમ | ઈરાનની સીરિયા સ્થિત કોન્સ્યુલેટ પર ઈઝરાયેલે કરેલી એર સ્ટ્રાઈક બાદ ઈરાને વળતો જવાબ આપવાની ધમકી આપી છે. જેના પગલે ઈઝરાયેલે પોતાની સેનાને એલર્ટ પર મુકી દીધી છે.સૈનિકોની રજાઓ રદ કરી દેવામાં આવી છે.ઈઝરાયેલી સેનાએ કહ્યુ છે કે, જે પ્રકારની સ્થિતિ છે તેનુ મૂલ્યાંકન કર્યા બાદ નિર્ણય લેવામાં આવ્યો છે અને ઈઝરાયેલના જેટલા પણ સક્રિય સૈનિકો છે તેમની રજા પર અસ્થાયી રીતે રોક લગાવવામાં આવી છે.રિઝર્વ સૈનિકોને પણ તૈયાર રહેવા માટે જણાવાયુ છે.

તેલ અવીવમાં રહેતા નાગરિકોનુ કહેવુ છે કે, જીપીએસ સેવાઓ ખોરવાઈ રહી છે અને જાણકારોના મતે ગાઈડેડ મિસાઈલના હુમલાને રોકવા માટે જીપીએસ સેવાને રોકવામાં આવતી હોય છે. ઈઝરાયેલે ઈરાન દ્વારા થનારા સંભિવત મિસાઈલ હુમલાને રોકવા માટે પણ કાર્યવાહી શરુ કરી હોય તેમ લાગે છે.



સાથે સાથે ઈઝરાયેલે દુનિયાના તમામ દેશોમાં આવેલી એમ્બેસીઓને પણ સાવચેત રહેવા જણાવ્યુ છે.ઘણા દેશોમાં ઈઝરાયેલના રાજદૂતોને સુરક્ષાને ધ્યાનમા રાખીને જાહેર કાર્યક્રમોમાં સામેલ નહીં થવા માટે કહ્યુ છે. કારણ કે ઈઝરાયેલની સરકારને શંકા છે કે, ઈરાન વળતા જવાબ રુપે ઈઝરાયેલના દૂતાવાસોને ટાર્ગેટ કરી શકે છે.

એવા પણ અહેવાલો સામે આવ્યા હતા કે, ઘણા દેશોમાં તો ઈઝરાયેલે પોતાના દૂતાવાસ ખાલી કરાવી દીધા છે.જોકે આ અહેવાલોનુ ઈઝરાયેલે બાદમાં ખંડન કર્યુ હતુ.

## કોરોના વાયરસ કરતાં 100 ગણી ખતરનાક આ મહામારીને લઈ નિષ્ણાતોએ ચિંતા દર્શાવી

(એજન્સી) પિટ્સબર્ગ |તા.05

પિટ્સબર્ગમાં બર્ડ ફ્લૂ પર સંશોધન કરી રહેલા વૈજ્ઞાનિક ડૉ. સુરેશ કુચીપુડીએ ચેતવણી આપી છે કે H5N1 વાયરસ માનવ સહિત મોટી સંખ્યામાં સસ્તન પ્રાણીઓને સંક્રમિત કરી શકે છે. ડો. સુરેશ કુચીપુડીએ દાવો કર્યો હતો કે વાયરસ તે દિશામાં આગળ વધી રહ્યો છે જ્યાં તે રોગચાળો પેદા કરી શકે છે. નિષ્ણાતોએ આશંકા વ્યક્ત કરી છે કે બર્ડ ફ્લૂનો ચેપ ઝડપથી રોગચાળાનું સ્વરૂપ લઈ શકે છે અને તેના ઉચ્ચ મૃત્યુદરને જોતા તે કોરોના મહામારી કરતા સો ગણો વધુ ખતરનાક સાબિત થઈ શકે છે. રિપોર્ટમાં વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે H5N1 વાયરસ ગંભીર સ્થિતિ તરફ આગળ વધી રહ્યો છે અને તે વૈશ્વિક મહામારીનું કારણ બની શકે તેવો ભય છે.

### H5N1 વાયરસનો ચેપ રોગચાળાનું કારણ બની શકે છે

પિટ્સબર્ગમાં બર્ડ ફ્લૂ પર સંશોધન કરી રહેલા વૈજ્ઞાનિક ડૉ. સુરેશ કુચીપુડીએ ચેતવણી આપી છે કે H5N1 વાયરસ માનવ સહિત મોટી સંખ્યામાં સસ્તન પ્રાણીઓને સંક્રમિત કરી શકે છે. ડો. સુરેશ કુચીપુડીએ દાવો કર્યો હતો કે વાયરસ તે દિશામાં આગળ વધી રહ્યો છે જ્યાં તે રોગચાળો પેદા કરી શકે છે. તેમણે કહ્યું કે બર્ડ ફ્લૂનો ચેપ હજુ પણ વિશ્વમાં ઘણી જગ્યાએ છે અને મોટી સંખ્યામાં સસ્તન પ્રાણીઓ હજુ પણ તેનાથી સંક્રમિત થઈ રહ્યા છે. હવે સમય આવી ગયો છે કે આપણે તેની સામે તૈયારી કરવી જોઈએ નહીંતર સ્થિતિ ગંભીર બની શકે છે.



# રાહુલ ગાંધી પાસે રોકડા નાણા માત્ર 55,000 રૂપિયા, વાયનાડમાં નામાંકન સમયે સોગંદનામું

(એજન્સી) વાયનાડ | તા. 05

રાહુલ ગાંધીએ કેરલની વાયનાડ લોકસભા બેઠક પરથી ઉમેદવારી નોંધાવી છે. ચુંટણી પંચના નિયમ અનુસાર ઉમેદવારે નામાંકન ભરવાની સાથે જ એક સોંગંદનામું રજુ કરવાનું હોય છે જેમાં ઉમેદવારે પોતાની અચ અચલ સંપતિ અને રોકડા નાણાની વિગતો ફરજીયાત દર્શાવવી પડે છે.રાહુલ ગાંધીએ વાયનાડમાં નામાંકન પત્ર સાથેના સોગંદનામામાં જણાવ્યા અનુસાર પોતાની પાસે ૨૦ કરોડ રુપિયાથી વધુની સંપતિ છે. સોગંદનામા અનુસાર ૯૨૪૫૯૨૬૪ રુપિયાની ચલ સંપતિ છે. જ્યારે પોતાની સ્વયં કમાયેલી અચલ સંપતિનું મૂલ્ય રુપિયા ૭૯૩૦૩૯૭૭ છે. સ્વ અર્જીત અચલ સંપતિનું વર્તમાન બજારમાં મૂલ્ય ૯૦૪૮૯૦૦૦ છે. વારસમાં મળેલી સંપતિનું મૂલ્ય ૨૧૦૧૩૫૯૮ રુપિયા છે. સોગંદનામામાં દર્શાવાયું છે કે રાહુલ ગાંધી પર ૪૯૭૯૧૮૪ રુપિયાનું દેણું છે.જ્યારે પોતાની પાસે ૫૫૦૦૦ રોકડા રુપિયા છે. વાયનાડમાં નામાંકન દાખલ કરવાની સાથે જ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ ચુંટણી પ્રચાર માટેના રોડ શોનો પ્રારંભ કર્યો હતો. ગત ૨૦૧૯ની લોકસભા ચુંટણીમાં વાયનાડ બેઠક પર રાહુલ ગાંધીનો ૪ લાખ કરતા વધુ મતોથી વિજય થયો હતો જયારે અમેઠીની પરંપરાગત બેઠક ગુમાવી હતી. અમેઠી બેઠક પર લોકસભા ૨૦૨૪ની ચુંટણીમાં કોંગ્રેસ સ્મૃતિ ઈરાની સામે કોને મેદાનમાં ઉતારશે તે હજુ નક્કી થઈ શક્યું નથી.

# 'બહુ ખરાબ લાગ્યું', CM કેજરીવાલની તસવીર લગાવવા પર ભડક્યા ભગતસિંહના પૌત્ર



(એજન્સી) નવી દિલ્હી | તા. 05

મહાન સ્વતંત્રતા સેનાની ભગતસિંહના પૌત્રએ કેજરીવાલની જેલમાં બંધ હોય તેવી તસવીર ભગતસિંહના ફોટાની બાજુમાં જોવા મળતા પ્રતિક્રિયા આપી છે. તેમના પૌત્રએ યદવિંદર સંધૂ કહ્યું કે આ જોયા પછી મને ખૂબ જ ખરાબ લાગ્યું કે તેમની સરખામણી મહાન લોકો સાથે કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. હું આમ આદમી પાર્ટીને કહીશ કે આવી પ્રવૃત્તિઓથી દૂર રહે. તેમણે કહ્યું કે ભગતસિંહે દેશના લોકો માટે પોતાનું જીવન બલિદાન આપ્યું, તેનાથી વિપરિત, AAPના અરવિંદ કેજરીવાલ કથિત ભ્રષ્ટાચારના આરોપમાં જેલનો સામનો કરી રહ્યા છે.તો આ વિવાદ વચ્ચે શહીદ ભગત સિંહના ભત્રીજા પ્રોફેસર જગમોહન સિંહે કહ્યું કે તેમને ચિત્ર સાથે કોઈ લેવાદેવા નથી, પરંતુ મામલો શહીદ-એ-આઝમ ભગતસિંહ અને બંધારણના ઘડવૈયા ડૉ. બી.આર. આંબેડકરના વિચારોને થઈ રહેલા નુકસાનનો છે.

# ખાદ્ય સુરક્ષામાં ભારતના યોગદાન માટે વૈશ્વિક માન્યતા

## પીએમ પોષણ અભિયાન હેઠળ અક્ષયપાત્ર ફાઉન્ડેશનદ્વારા પુરું પાડેલ 4બિલિયન ભોજનસેવાના સિમાચિહ્નરૂપ સિધ્ધિની સંયુક્ત રાષ્ટ્ર, ન્યુયોર્ક ખાતે યાદગીરીરૂપે નોંધ લીધી

(એજન્સી) નવી દિલ્હી | તા. 05

યુનાઈટેડ નેશન્સ હેડક્વાર્ટર ખાતે એક મહત્વપૂર્ણ કાર્યક્રમ "ખાદ્ય સુરક્ષામાં સિદ્ધિઓ:સંગ્રહણીય વિકાસ લક્ષ્યો તરફ ભારતની પ્રગતિ", ન્યુયોર્કમાં યુએનના ધ પરમેનન્ટ મીશીન ઓફ ઈન્ડિયાદ્વારા વૈશ્વિકઝીરોહન્ગરની આકાંક્ષા (એસડીજી 2) તરફ રાષ્ટ્રની નોંધપાત્ર પ્રગતિના ઉપક્રમે ઉજવણી કરી. આ ઈવેન્ટમાં અક્ષયપાત્ર ફાઉન્ડેશનની પીએમ પોષણ અભિયાનના નેજા હેઠળ '4 બિલિયન ભોજન પીરસવાની સીમાચિહ્નરૂપ સિદ્ધિને પ્રકાશિત કરવામાં આવી હતી, જે ભારતના ભાવિને પોષણ આપવા તરફના નોંધપાત્ર પગલાને દર્શાવે છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએતેમના પ્રેરણાદાયી સંદેશમાં, , ભારતીય સંસ્કૃતિમાં પોષણ અને સમુદાયના ઊંડા બેઠેલા મૂલ્યો પર ભાર મૂકતા, અક્ષય પાત્ર ફાઉન્ડેશનના પ્રયાસોની પ્રશંસા કરી.

"હું ખૂબ જ ગર્વ અને આનંદ સાથે અક્ષયપાત્ર ફાઉન્ડેશનની સમગ્ર ટીમને 4 બિલિયન ભોજન પીરસવાના નોંધપાત્ર સિમાચિહ્નને હાંસલ કરવા બદલ અભિનંદન આપું છું. જ્યારે આપણે આ સીમાચિહ્નની ઉજવણી કરીએ છીએ, ત્યારે આપણે આપણી જીવંત સંસ્કૃતિમાં ખોરાકમાં સમાવેશ આંતરિક મૂલ્યને પ્રતિબિંબિત કરવુંજ જોઈએ. પવિત્ર અન્નપ્રાશન સમારોહ દ્વારા ચિહ્નિત કરતા બાળકના પ્રથમ ભાતના ભોજન થી લઈને થાળીની વિભાવના સુધી સંતુલિત આહારના મહત્વ પર ભાર મૂકતી,આપણી સામાજિક નિતીમત્તા પોષણ, આહાર અને વિવિધતા વચ્ચે પારસ્પરિક ક્રિયા અને પ્રતિક્રિયા બનાવે છે.

આ સીમાચિહ્નરૂપ સિધ્ધિ નું મહત્વ ન્યુયોર્કમાં યુનાઈટેડ નેશન્સ હેડક્વાર્ટર ખાતે ભોજન પીરસીને, વૈશ્વિક સુખાકારી માટેના જુસ્સાને દર્શાવીને વધુ પ્રકાશિત કરે છે." આ મુજબ નો વડા પ્રધાનનો સંદેશસંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કંબોજે વાંચીને જણાવ્યો હતો. આ ઔપચારિક ઉજવણી માત્ર એક સન્માન જ ન હતું પરંતુ ખાદ્ય સુરક્ષા અને શૈક્ષણિક સશક્તિકરણ માટે ભારતની કાયમી પ્રતિબદ્ધતાનું વૈશ્વિક નિવેદન હતું. આ પ્રસંગ શ્રી કૈલાશ સત્યાર્થી, નોબલ પુરસ્કાર વિજેતા અને યુએન એસડીજી એડવોકેટ, શ્રી એન આર નારાયણ મૂર્તિ, ચેરમેન એમેરિટસ, ઈન્ફોસિસ અને શ્રી મધુ પંડિત દાસા, અક્ષય પાત્ર ફાઉન્ડેશનના સ્થાપક-ચેરમેનજેવી પ્રતિષ્ઠિત વ્યક્તિઓના સંબોધન દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો; તેમની સામૂહિક વિદ્વતા ભૂખને નાબૂદ કરવા અને પોષણ સહાય દ્વારા શિક્ષણને વધારવા માટેના સહયોગી પ્રયાસોની ક્ષમતા પર ભાર મૂકે છે. નોબલ પુરસ્કાર વિજેતા શ્રી કૈલાશ સત્યાર્થી, બાળકોના અધિકારોના અડવોકેટ છે અને એસડીજીના દ્દઢ સમર્થક, એમણે એક પ્રેરણાદાયી મુખ્ય વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે, "અક્ષયપાત્ર લાખો બાળકોને શાળાઓ છોડી દેતા અટકાવી રાખવામાં સફળતાપૂર્વક સક્ષમ છે જેઓ અન્યથા તેમની સામાજિક આર્થિક સ્થિતિને કારણેમજૂરીમાં ધકેલાઈ જાત. તેમનું ઉમદા કાર્ય યુવાનોને તેમની સાચી ક્ષમતા પ્રાપ્ત કરવામાં મદદ કરીને દેશને ઘણા ડગલા આગળ લઈ જશે.

# હવે અમે એનડીએથી ક્યારેય અલગ નહીં થઈએ : નીતિશ કુમાર

• બિહારમાં એનડીએ સરકારે રસ્તા, પુલના કામ કરાવ્યા વડાપ્રધાને ચિરાગ પાસવાનને નાનો ભાઈ ગણાવ્યો

(એજન્સી) પટના | તા. 05

નરેન્દ્ર મોદી અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર ગુરુવારે એક જ મંચ પર આવ્યા હતા. લોકસભા બેઠક પહેલા બિહારના જમુઈમાં જનસભાને સંબોધન કરતાં નીતિશ કુમારે કહ્યું કે પોતે હવે ક્યારેય એનડીથી અલગ નહીં થાય.નીતિશ કુમારે કહ્યું કે, બિહારમાં અમે મહાગઠબંધન સાથે ખોટે-ખોટું જોડાયા હતા, પરંતુ અમે જોયું કે ત્યાં ગડબડ થઈ રહી છે તો અમે અલગ થઈ ગયા. નીતિશ કુમારે પીએમ મોદી તરફ ઈશારો કરતા કહ્યું કે હવે અમે લોકો હંમેશા માટે એક થઈ ગયા છીએ. હવે ક્યારેય આમ-તેમ નહીં જઈએ. કેન્દ્રમાં વડાપ્રધાન મોદી ૧૦ વર્ષથી છે અને કેટલું બધું કામ કરી રહ્યા છે. બિહાર માટે પણ ઘણું બધું કામ કરાવ્યું છે. રસ્તાનું કામ, પુલનું કામ, કેન્દ્ર સરકાર તરફથી આટલું બધું કામ કરાઈ રહ્યું છે.નીતિશ કુમારે કહ્યું કે, પહેલા હિન્દુ મુસ્લિમના રમખાણો થતા હતા. તેથી મુસ્લિમ સમુદાયના લોકો પણ કહેશે કે ભૂલશો નહીં. અમે લોકો હોઈશું ત્યાં સુધી હવે રમખાણો નહીં થાય અને ભૂલથી પણ ફરી તેમને વોટ આપશો તો વિપક્ષ ફરી રમખાણો શરૂ કરાવશે. આ જનસભામાં પીએમ મોદીએ ચિરાગ પાસવાને નાનો ભાઈ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, આજે આ મંચ પર બિહારના પુત્ર, દલિતો-વંચિતોના પ્રિય અને મારા પ્રિય મિત્ર રામ વિલાસ પાસવાનની ખોટ સાલી રહી છે. મને સંતોષ છે કે તેમનો પુત્ર ચિરાગ પાસવાન તેમના વિચારોને ગંભીરતાપૂર્વક આગળ વધારી રહ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરત સ્ટેશન પર નોન ઈન્ટરલોકિંગના કામને કારણે ભુજ-દાદર સયાજી નગરી એક્સપ્રેસ અને અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ તેજસ એક્સપ્રેસ ટ્રેન પ્રભાવિત રહેશે

સુરત | પશ્ચિમ રેલવેના સુરત સ્ટેશન પર ચાલી રહેલા રિડેવલપમેન્ટના કામના સંબંધમાં નોન ઈન્ટરલોકિંગના કામને કારણે ભુજ-દાદર સયાજી નગરી એક્સપ્રેસ અને અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ તેજસ એક્સપ્રેસ ટ્રેન પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છે:- 06 એપ્રિલ 2024ની ટ્રેન નંબર 20908 ભુજ-દાદર સયાજી નગરી એક્સપ્રેસ વડોદરા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને વડોદરા-દાદર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. 7 એપ્રિલ 2024ની ટ્રેન નંબર 20907 દાદર-ભુજસયાજી નગરી એક્સપ્રેસ ટ્રેન વડોદરા સ્ટેશનથી શોર્ટ ઓરીજીનેટ (પ્રારંભ) થશે અને દાદર-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. 7 એપ્રિલ 2024ની ટ્રેન નંબર 82902 અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ તેજસ એક્સપ્રેસ ટ્રેન સંપૂર્ણપણે રદ રહેશે. 7 એપ્રિલ 2024ની ટ્રેન નંબર 82901 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ તેજસ એક્સપ્રેસ ટ્રેન સંપૂર્ણપણે રદ રહેશે.

### 7 એપ્રિલ થી અમદાવાદ-નવી દિલ્હી સ્વર્ણ જયંતિ રાજધાની એક્સપ્રેસ અમદાવાદને બદલે સાબરમતીથી ચાલશે

અમદાવાદ | અમદાવાદ સ્ટેશનનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે અને તેને વિશ્વસ્તરીય સ્ટેશન તરીકે પુનઃવિકાસ કરવામાં આવશે. અમદાવાદ રેલ્વે સ્ટેશનથી પ્રસ્થાન/ આગમન કરતી કેટલીક ટ્રેનોના ટર્મિનલને ગાંધીનગર કેપિટલ અથવા સાબરમતી ખસેડવામાં આવ્યા છે. ટર્મિનલોમાં આ પરિવર્તન પરિચાલન માં ફ્લેક્સિબિલિટી પ્રદાન કરશે, અમદાવાદ સ્ટેશન પર મુસાફરોની ભીડ ઘટાડશે, મુસાફર સેવાઓને વધારવા અને ઉન્નત કરવામાં મદદ કરશે અને અમદાવાદ શહેર વિસ્તારમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરિયોજનાઓ ઝડપી અમલને સક્ષમ કરશે. 07 એપ્રિલ 2024 થી, અમદાવાદ-નવી દિલ્હી સ્વર્ણજયંતિ રાજધાની એક્સપ્રેસ અમદાવાદને બદલે સાબરમતી (ધરમ નગર સાઈડ) થી ચલાવવામાં આવશે અને સાબરમતી સ્ટેશન પર જ ટર્મિનેટ (સમાપ્ત) થશે. અમદાવાદ-નવી દિલ્હી સ્વર્ણ જયંતિ રાજધાની એક્સપ્રેસનું ટર્મિનલ 07 એપ્રિલ, 2024 થી સાબરમતી ખાતે શિફ્ટ કરવામાં આવશે અને આ ટ્રેન સાબરમતી સ્ટેશનથી 19.05 કલાકે પ્રસ્થાન કરશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 12958 નવી દિલ્હી-અમદાવાદ સ્વર્ણ જયંતિ રાજધાની એક્સપ્રેસ 06 એપ્રિલ 2024 થી (યાત્રા પ્રારંભ કરવાવાળી) સાબરમતી સ્ટેશન પર ટર્મિનેટ (સમાપ્ત) થશે.

### મથુરામાં સીએમ યોગીએ શ્રી કૃષ્ણ જન્મભૂમિ મામલાને લઈને આપ્યું મોટું નિવેદન, કહ્યું- 'હવે અમારું સમગ્ર ફોક્સ બ્રજ ભૂમિ, કોર્ટમાં છે કેસ'

ઉત્તર પ્રદેશ | હાલ તમામ રાજકીય પક્ષો લોકસભા ચૂંટણી 2024ને લઈને પૂરજોશમાં પ્રચાર કરી રહ્યા છે. ત્યારે આજે ઉત્તર પ્રદેશના મથુરામાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથએ ભાજપ ઉમેદવાર હેમા માલિનીના પક્ષમાં જનસભાને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમને કહ્યું કે, હવે આપણે સમગ્ર ફોક્સ બ્રજ ભૂમિ પર કરવાનું છે.સીએમ યોગીએ મથુરામાં રાધે-રાધે બિહારી લાલની જયથી સંબોધનની શરૂઆત કરી હતી. તેમને કહ્યું કે, 'હેમા માલિનીએ આ ક્ષેત્રને નવી ઓળખ આપી છે. તેમને ત્રીજી વખત ઉમેદવારી કરવા પર અભિનંદન. કન્હૈયા વિશે કહેવામાં આવે છે કે, તેમને 16 કળા સાથે અવતાર લીધો. આજે કળા જગતમાં હેમા માલિની મેદાનમાં છે. હું કેટલાક દિવસ પહેલા અહીંયા આવ્યો હતો. આજે ફરી આવ્યો છું.'સીએમ યોગીએ વધુમાં કહ્યું કે, અયોધ્યામાં રામ લલ્લા વિરાજમાન થયા બાદ અહીંયા લોકોની આશા વધી ગઈ છે. શ્રી કૃષ્ણ જન્મભૂમિનો મામલો પણ કોર્ટમાં ચાલી રહ્યો છે.

# 'ભાજપના મોટા નેતાઓએ દિલ્હી લીકર કૌભાંડ કર્યો...', જેલથી છૂટ્યાં બાદ સંજય સિંહના ગંભીર આક્ષેપ

• 21 માર્ચે ઈડીએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કરી હતી

(એજન્સી) નવી દિલ્હી | તા. 05

દિલ્હી લીકર કૌભાંડમાં ફસાયેલા આપ સાંસદ સંજય સિંહને છેવટે સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન મળી ગયા હતા. હવે તેના બાદ તેમણે પત્રકાર પરિષદને સંબોધી હતી. આ પત્રકાર પરિષદમાં તેમણે ભાજપને ઘેરવાનો પ્રયાસ કરતાં તેની સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. સંજય સિંહે કહ્યું કે કેજરીવાલને ફસાવી દેવા માટે ભાજપ દ્વારા આ કાવતરું ઘડવામાં આવ્યું હતું.

દિલ્હી લીકર પોલિસી કૌભાંડ આમ આદમી પાર્ટી કે કેજરીવાલે નહીં પરંતુ ભાજપે કર્યું છે. ભાજપના મોટા નેતાઓ આ કૌભાંડમાં સંડોવાયેલા છે. કેજરીવાલની પ્રશંસા કરતાં સંજય સિંહે કહ્યું કે એ તો લોકો માટે કામ કરનારા મુખ્યમંત્રી છે. તેમને ષડયંત્રમાં ફસાવીને જેલમાં નાખી દેવામાં આવ્યા. સંજય સિંહે વધુમાં કહ્યું કે, 'આજે હું તમને જણાવવા આવ્યો છું કે અરવિંદ કેજરીવાલની કાવતરુ રચીને ધરપકડ કરવામાં આવી છે. 2 કરોડ લોકો માટે કામ કરનારા મુખ્યમંત્રીને જેલમાં ધકેલી દેવાનું શું આયોજન છે? હું તેને જાહેર કરીશ. હું ભાજપ દ્વારા કરાયેલા



લીકર પોલિસી કૌભાંડનો પર્દાફાશ કરીશ. સાક્ષીઓના નિવેદનો બળજરીપૂર્વક બદલવામાં આવ્યા : આપ નેતાઆપ નેતા વધુમાં જણાવતા કહ્યું કે સાક્ષીઓના નિવેદનો બળજબરીપૂર્વક બદલવામાં આવ્યા. મંગુથા રેડ્ડીની તસવીર વડાપ્રાધાન મોદી સાથે છે. 16મી જુલાઈએ તે અમારી વિરુદ્ધ નિવેદન આપે છે. ભાજપના ષડયંત્રમાં સામેલ થાય છે. આ પછી તેને 18મી જુલાઈએ જામીન આપી દેવામાં આવે છે. વડાપ્રધાન સાથે તેમનો શું સંબંધ છે? તે વડાપ્રધાનની તસવીર લગાવીને વોટ માંગી રહ્યો છે. ટીડીપીએ તેને ટિકિટ આપી છે અને ટીડીપી એનડીએમાં સામેલ છે.નોંધનીય છે કે દિલ્હી લીકર પોલિસી કેસમાં સંજય સિંહને મંગળવારે સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા હતા. આ પછી તેઓ બુધવારે સાંજે તિહાર જેલમાંથી બહાર આવ્યા હતા. ગયા વર્ષે ઓક્ટોબરમાં ઈડી દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં 21 માર્ચે ઈડીએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કરી હતી. હાલમાં કેજરીવાલ તિહાર જેલમાં ન્યાયિક કસ્ટડીમાં છે.

• ગાંધી પરિવાર વિશે ભાજપનાં નેતા કંગનાના 'તોપમારા'થી વિવાદ

# 'રાહુલના પ્રેમિકા સાથે લગ્ન થયા નહીં, સોનિયાએ પરાણે રાજકારણમાં ધકેલ્યા'

(એજન્સી) નવી દિલ્હી | તા. 05

હિમાચલ પ્રદેશની મંડી બેઠક પરથી ભાજપના ઉમેદવાર કંગના રનૌતે ટીવી ઈન્ટરવ્યૂમાં ગાંધી પરિવાર વિશે ટીપ્પણી કરતાં વિવાદ સર્જાયો છે. કંગનાએ રાહુલ-પ્રિયંકા વિશે કહ્યું હતું કે એ બંનેને ધરાર રાજકારણમાં માતા સોનિયાના કહેવાથી આવવું પડયું છે. જો તેઓ રાજકારણ સિવાય કંઈક બીજું કરતાં તો સફળ થયાં હોત.'મને તો રાહુલ અને પ્રિયંકા બંને સારા લાગે છે. બંને હાલાતના માર્યા છે. બંને સારા સંતાનો છે, પરંતુ તેમને ધરાર રાજકારણમાં ધકેલાયા છે. બંને એક મહત્ત્વાકાંક્ષી માતાના સંતાનો છે. પરાણે રાજકારણ કરવું પડે છે. તેમને રાજકારણથી દૂર રાખીને સુખી રહેવા દેવાની જરૂર હતી. તેમને જોઈને એવું લાગે છે કે બંને પોતાની જિંદગીથી પરેશાન છે. બંનેએ કંઈક બહેતર કરવું જોઈએ. તેમની માતાએ બંનેને ગમતું કરવા દેવું જોઈએ અને તેમને ટોર્ચર કરવાનું બંધ કરવું જોઈએ. રાજકારણમાં તેમનું કોઈ ભવિષ્ય નથી.' કંગનાએ બોલિવૂડનું ઉદાહરણ આપીને સગાવાદ મુદ્દે પણ કટાક્ષ કરી લીધો હતો.'સાંભળ્યું છે કે તેમને એક પ્રેમિકા હતી, પણ એની સાથે લગ્ન થઈ શક્યા નહીં. પરિણામે ન તો એમનો પરિવાર બન્યો કે ન તો તેમની કારકિર્દી બની શકી. તેમના પર કાયમ પરિવારનું દબાણ રહ્યું. મને લાગે છે કે રાહુલ ગાંધી ખૂબ એકલા છે. તેમને રાજકારણમાં એક પણ દિશામાં સફળતા મળી રહી નથી.' રાહુલની ઉંમર વિશેય કંગનાએ કટાક્ષ કર્યો હતો: 'રાહુલ ગાંધી લગભગ ૬૦ના થવા આવ્યા છે, છતાં તેમને વારંવાર યુવા નેતા તરીકે લોંચ કરવામાં આવે છે.' કંગનાએ ગાંધી પરિવાર વિશે અંગત ટીપ્પણી કરી તેનાથી વિવાદ સર્જાયો છે.

# બેંગ્લોરમાં પાણીની તંગી પછી પાણીજન્ય બીમારીનો ખતરો

• તબીબોના જણાવ્યા અનુસાર રોજના 20 જેટલા કેસ નોંધાઇ રહ્યા છે

(એજન્સી) બેંગ્લોર | તા. 05

દેશના આઈટી હબ ગણાતા બેંગ્લોરમાં પીવાના પાણીનું સંકટ ઘેરાયું છે. લોકોને ઘણા સપ્તાહથી પાણી પુરવઠો નિયમિત મળતો નથી.પાણીની આફત વચ્ચે આરોગ્યની પણ આફત ઉભી થઇ રહી હોય તેમ કોલેરાની બીમારીમાં વધારો થયો છે. મલ્લેશ્વરમ વિસ્તારમાં પાણી જન્ય બીમારી ધ્યાનમાં આવતા શંકાસ્પદ દર્દીઓના સેમ્પલ લેબોરેટરીમાં પરીક્ષણ માટે આપવામાં આવ્યા છે. આરોગ્ય નિષ્ણાતો અને તબીબોના જણાવ્યા અનુસાર રોજના ૨૦ જેટલા કેસ નોંધાઈ રહયા છે. કોલેરા થવાનું મુખ્ય કારણ અસ્વચ્છતા અને દૂષિત પાણી જવાબદાર છે. પહેલા કોલેરાના એક મહિના માંડ બે થી ચાર કેસ નોંધાતા હતા જેમાં ઉછાળો આવ્યો છે.

પાણી પુરતું મળતુ ન હોવાથી લોકો સંગ્રહ કરેલું પાણી પીતા હોવાથી સ્વચ્છતા જોખમાઇ છે. આથી પીવાના પાણીના દૂષિત સ્ત્રોતોની તપાસ કરવી જરુરી બની છે.જો કે બેંગ્લોર સ્થાનિક તંત્રના જણાવ્યા અનુસાર શહેરમાં કોલેરાનો પ્રકોપ જેવી સ્થિતિ નથી પરંતુ તહેદારીના પગલા ભરવામાં આવી રહયા છે. આ બીમારીથી બચવા માટે પીવાનું પાણી ઉકાળીની પીવું જોઇએ. ખોરાક રાંધતા પહેલા સાબુ વડે સ્વચ્છ પાણીથી હાથ ધોવા જોઇએ. બહારનો અસુરક્ષિત ખોરાક ખાવાનું ટાળવું જોઇએ.

'મહિલાઓ પર અત્યાચાર અત્યંત શરમજનક...'

# સંદેશખલી હિંસા મામલે મમતા સરકારને હાઈકોર્ટની ફટકાર

(એજન્સી) કોલકાતા | તા. 05

પશ્ચિમ બંગાળ સરકારનાં મુખ્યમંત્રી મમતા બેનરજીની સરકારની ગુરુવારે કલકત્તા હાઈકોર્ટે આકરી ઝાટકણી કાઢી હતી. સંદેશખલિની ઘટના પર દાખલ સોગંદનામા પર સુનાવણી કરતા મુખ્ય ન્યાયાધીશ શિવગણલનમની બેન્ચે કહ્યું કે, આ સોગંદનામઓ મુજબ એક ટકા પણ સત્ય હોય તો તે અત્યંત શરમજનક છે. પશ્ચિમ બંગાળ કહે છે કે તે મહિલાઓ માટે સૌથી સુરક્ષિત છે. એક સોગંદનામું પણ સાચું સાબિત થશે તો આખા જિલ્લા તંત્ર અને શાસક પક્ષની ૧૦૦ ટકા નૈતિક જવાબદારી છે.કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ટીએસ શિવગણનમના અધ્યક્ષપદે બેન્ચે બંગાળ સરકારને કહ્યું કે આરોપી શાહજહાં શેખ પર આરોપ સાચા સાબિત થશે તો તમે જવાબદારીમાંથી છટકી શકશો નહીં. શાહજહાં શેખ ૫૫ દિવસથી ભાગતો ફરતો હતો. છતાં તમે અસ્પષ્ટ વલણ અપનાવ્યું હતું. તમે તમારી આંખો બંધ કરી લો તો કંઈ દુનિયામાં અંધારું નથી થઈ જતું. ન્યાયાધીશ હિરણ્યમ ભટ્ટાચાર્યને સમાવતી ડિવિઝન બેન્ચે આ કેસમાં દાખલ કુલ પાંચ પીઆઈએલ પર સુનાવણી કરી હતી. ડિવિઝન બેન્ચે ઉત્તર ૨૪ પરગણામાં સંદેશખલીમાં મહિલાઓ પર જાતીય અત્યાચાર અને જમીન પચાવી પાડવા અંગે સુઓ મોટો તથા આ કેસોની તપાસ સીબીઆઈને ટ્રાન્સફર કરવાની અરજીઓ પર સુનાવણી કરી હતી.

# તમે ઝેરી સાપ પર ભરોસો કરી શકો પણ ભાજપ પર નહીં : મમતા

• તમામ રાજકીય પક્ષો નિર્ભયતાથી ચૂંટણી લડી શકે તે ચૂંટણીપંચ સુનિશ્ચિત કરે

(એજન્સી) કૂચ બિહાર | તા. 05

પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જીએ એક ચૂંટણી રેલીને સંબોધતા ભાજપ પર આદર્શ ચૂંટણી આચારસંહિતાનો પાલન ન કરવાનો આરોપ મૂકતા જણાવ્યું હતું કે કોઇ ઝેરી સાપ પર વિશ્વાસ કરી શકે પણ ભાજપ પર નહીં. કૂચ બિહારમાં રેલીને સંબોધતા બેનર્જીએ આરોપ મૂક્યો હતો કે કેન્દ્રીય તપાસ એજન્સીઓ, બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ), સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (સીઆઈએસએફ) ભાજપના ઈશારે કામ કરી રહ્યાં છે. તેમણે તમામ રાજકીય પક્ષો સ્વતંત્ર અને નિષ્પક્ષ રીતે ચૂંટણી લડી શકે તે સુનિશ્ચિત કરવા ચૂંટણી પંચને અપીલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે ભાજપ આવાસ યોજનામાં ફરીથી નામ નોંધાવવાનું જણાવે છે. શા માટે ફરીથી નામ નોંધાવવામાં આવે? તેઓ વધારે એનરોલમેન્ટ કરાવવા માગે છે જેથી તેઓ તેમના નામ દૂર કરી શકે. તમે ઝેરી સાપ પર વિશ્વાસ કરી શકો પણ તમે ભાજપ પર ક્યારેય વિશ્વાસ ન કરી શકો. ભાજપ દેશનો વિનાશ કરી રહ્યો છે. મમતાએ જણાવ્યું હતું કે તેમનો તૃણમુલ કેન્દ્રીય એજન્સીઓની ધમકીથી ડરશે નહીં. તેમણે કૂચ બિહારની મહિલાઓને અપીલ કરી છે કે જો બીએસએફના જવાનો ખોટી રીતે હેરાન કરે તો પોલીસમાં ફરિયાદ દાખલ કરાવવામાં આવે.

# કોંગ્રેસનો લોકસભા ચૂંટણીનો મેનિફેસ્ટો 'ન્યાય પત્ર' જાહેર, 5 ન્યાય અને 25 ગેરન્ટીનો વાયદો

(એજન્સી) નવી દિલ્હી | તા. 05

• દેશના રાજકીય ઈતિહાસમાં 'ન્યાયના દસ્તાવેજો' - મલ્લિકાર્જુન ખડગે

• કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં વરિષ્ઠ નાગરિકો, વિધવાઓ અને વિકલાંગોના માટે જાહેરાત

લોકસભા ચૂંટણી 2024 માટે કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરો જાહેર કરી દીધો છે. આ સમયે મલ્લિકાઅર્જુન ખડગે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી જેવા દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. તેમણે પાર્ટીના મેનિફેસ્ટો (ચૂંટણી ઢંઢેરા)ને 'ન્યાય પત્ર' નામ આપ્યું હતું. કોંગ્રેસના 'ન્યાય પત્ર'માં ત્રણ શબ્દો વર્ક, વેલ્થ અને વેલ્ફેરનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પૂર્વ નાણામંત્રી પી.ચિદમ્બરમે તેના વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે કહ્યું કે આ ત્રણ મુદ્દાઓ પર અમે ખાસ ધ્યાન આપવાના છીએ. તેમણે કહ્યું કે આજે દેશમાં રોજગારી, નોકરી સૌથી મોટા મુદ્દા છે. કોંગ્રેસે આ પાંચ ન્યાય હેઠળ વચન આપ્યુંકોંગ્રેસે 'ભાગીદારી ન્યાય' હેઠળ જાતિ ગણતરી હાથ ધરવા અને અનામતની 50 ટકા મર્યાદાને નાબૂદ કરવાની 'ગેરંટી' આપી છે. 'કિસાન ન્યાય' હેઠળ, લઘુત્તમ ટેકાના ભાવ (MSP), લોન માફી કમિશનની રચના અને GST-મુક્ત ખેતીને કાનૂની દરજ્જો આપવાનું વચન આપ્યું છે. 'શ્રમ ન્યાય' હેઠળ શ્રમિકોને આરોગ્યનો અધિકાર આપવાનું, લઘુત્તમ વેતન રૂ. 400 પ્રતિદિન સુનિશ્ચિત કરવાનું અને શહેરી રોજગારની ખાતરી આપવાનું વચન




આપ્યું છે. તેમજ 'નારી ન્યાય' હેઠળ 'મહાલક્ષ્મી' ગેરંટી હેઠળ ગરીબ પરિવારની મહિલાઓને પ્રતિ વર્ષ એક લાખ રૂપિયા આપવા સહિતના અનેક વચનો આપવામાં આવ્યા છે.

કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા પર પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે કહે છે કે અમારા ચૂંટણી ઢંઢેરાને દેશના રાજકીય ઈતિહાસમાં 'ન્યાયના દસ્તાવેજ' તરીકે યાદ કરવામાં આવશે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં ચાલતી 'ભારત જોડો ન્યાય યાત્રા' આના પર કેન્દ્રિત હતી. યાત્રા દરમિયાન, પાંચ સ્તંભો - યુવા ન્યાય, ખેડૂત ન્યાય, મહિલા ન્યાય, શ્રમ ન્યાય અને ભાગીદારીના ન્યાયની જાહેરાત કરવામાં આવી હતી. આ પાંચ સ્તંભોમાંથી 25 ગેરંટી બહાર આવે છે અને દરેક 25 ગેરંટીમાંથી કોઈને કોઈ ફાયદો થાય છે.કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં વરિષ્ઠ નાગરિકો, વિધવાઓ અને વિકલાંગોના પેન્શનમાં વધારો કરવાનું વચન આપવામાં આવ્યું છે. રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ હેઠળ, વરિષ્ઠ નાગરિકો, વિધવાઓ અને અપંગ લોકો માટે પેન્શનમાં કેન્દ્ર સરકારનું યોગદાન દર મહિને રૂ. 200 થી રૂ. 500 સુધીની છે. કોંગ્રેસનું કહેવું છે કે આ રકમ વધારીને 1000 રૂપિયા પ્રતિ મહિના કરવામાં આવશે. આ ઉપરાંત સ્વાસ્થ્ય સંભાળ માટે 25 લાખ રૂપિયા સુધીના કેશલેસ વીમાનું રાજસ્થાન મોડલ અપનાવવામાં આવશે. કોંગ્રેસ વચન આપે છે કે પક્ષ તેમની ફરજો નિભાવતી વખતે ડોકટરો અને અન્ય આરોગ્ય વ્યાવસાયિકો સામે હિંસાના કૃત્યોને ગુનાહિત બનાવવા માટે કાયદો પસાર કરશે.

કોંગ્રેસે આગામી લોકસભા ચૂંટણી માટેના ઢંઢેરોમાં પાંચ ન્યાયનો સમાવેશ કર્યો છે. જેમાં યુવા ન્યાય, મહિલા ન્યાય, ખેડૂત ન્યાય, શ્રમ ન્યાય અને સમાન ન્યાયનો ઉલ્લેખ કરાયો છે. કોંગ્રેસ કહે છે કે અમે સાથે મળીને આ અન્યાયી સમયના અંધકારને દૂર કરીશું અને ભારતના લોકો માટે સમૃદ્ધ, ન્યાયથી ભરપૂર અને સુમેળભર્યા ભવિષ્યનો માર્ગ મોકળો કરીશું.

